બુક નં. ૧૧

# રાગ

## ભાગ -૨

(કામરાગ, સ્નેહરાગ, દષ્ટિરાગ)

र लिखे पते पर
जवाये.



નિઃસ્વાર્થ

# રાગ

## ભાગ - ૨

(કામરાગ, સ્નેહરાગ, દૃષ્ટિરાગ)


લેખક

**નિ:સ્વાર્થ**



પ્રકાશક

**પરમાર્થ પરિવાર**

# પ્રાપ્તિસ્થાન


પરમ કે. સંઘવી

આર. કે. મેટલ ઈંડસ્ટ્રીઝ

૪/એ, જવાહર મેન્શન બિલ્ડીંગ, ગ્રાઉન્ડ ફ્લોર,

ફણસ વાડી, વિનય હોટલની બાજુમાં, મુંબઈ - ૪૦૦ ૦૦૪

પરમભાઈ : ૯૮૨૦૪૪૧૦૩૦

અલ્પેશભાઈ : ૯૮૬૭૧૬૨૨૩૪

રાજુભાઈ : ૯૮૬૭૧૭૦૮૫૨

અંકીતભાઈ : ૯૮૬૭૧૭૦૮૩૧

# સુકૃત સહભાગી

શ્રી સિધ્ધાચલ માહતીર્થાધિપતિ શ્રી આદિનાથાય નમ:
શ્રી સંભવનાથ સ્વામીને નમ:
શ્રી પદમ-જીત-હીર-કનક-દેવેન્દ્ર-કંચન-કલાપૂર્ણ-કલાપ્રભસૂરિ સદ્‌ગુરૂભ્યો નમ:

**અધ્યાત્મયોગી પ.પૂ.આ.દે.શ્રી.વિ.કલાપૂર્ણસૂરીશ્વરજી મ.સા.**
**ના શિષ્યરત્ન**
**પ્રવચન પ્રભાવક પ.પૂ.આ.દે.શ્રી.વિ.પૂર્ણચંદ્રસૂરીશ્વરજી મ.સા.**
**ની પ્રેરણાથી**

**સર્વશ્રેષ્ઠ તીર્થાધિરાજ શત્રુંજય મહાતીર્થે પાલીતાણા નગરે આવેલા**

**શ્રી કચ્છ વાગડ - સાત - ચોવીસી જૈન સમાજ**
**સંચાલિત**
**શ્રી વેલજી દામજી ભણશાલી જૈન યાત્રિક ભવનમાં**

**થયેલ જ્ઞાનખાતાની ઉપજમાંથી પુસ્તક પ્રકાશનનો લાભ લીધો છે.**
**તેની ખુબ ખુબ અનુમોદના**

**: નોંધ :**
**ગૃહસ્થે આ પુસ્તકની માલિકી કરતાં પૂર્વે**
**રૂ.૫૦**
**જ્ઞાનખાતામાં જમાં કરવાનાં રહેશે.**

# મનની વાત

એક જાણીતા સાહિત્યકારના જીવનની ઘટના એમની પાસેથી જ સાંભળી હતી, તે તમારી સાથે શેર કરું છું.

એ સાહિત્યકાર પોતાના ઘરના ઓટલા પર દરરોજ સવારે ટૂથબ્રશ કરવા બેસતા હતા. એમની સાથે એમનો પાંચ વર્ષનો ભત્રીજો પણ બેસતો. બંને જણા અમથીઅમથી વાતો કરે.

એમના ઘરની સામે એક ચબૂતરો હતો. એ ચબૂતરા પર રોજ કબૂતર આવે. સાહિત્યકાર પોતાના ભત્રીજાને એ કબૂતર બતાવે. ક્યારેક કબૂતર ઊડીને નીચે આવે એટલે સાહિત્યકાર કહે, 'જો કબૂતર કેવું ઊડીને નીચે આવ્યું!' આવું વારંવાર બન્યું.

એક વખત ચોમાસાના દિવસો હતા. ચબૂતરાના પગથિયા પર એક દેડકો આવ્યો હતો. સાહિત્યકારે ભત્રીજાને કહ્યું, 'જો, આ દેડકો કેવો સરસ છે!' એટલામાં દેડકો ઠેકડો મારીને નીચે આવ્યો. એ જોઈને ભત્રીજો રાજી થઈને બોલ્યો, 'અંકલ, દેડકો કેવો ઊડીને નીચે આવ્યો !'

સાહિત્યકાર કહે, 'દેડકો ઊડીને નીચે આવ્યો એમ ન કહેવાય, કૂદીને નીચે આવ્યો કહેવાય...'

'એવું કેમ ? કબૂતર તો ઊડીને નીચે આવતું હતું!' ભત્રીજાને વિસ્મય થયું.

કબૂતર અને દેડકાની ઉપરથી નીચે આવવાની એક જ ઘટના માટે સાહિત્યકારની અલગ-અલગ રજૂઆત એના ગળે ન ઊતરી. એણે પૂછ્યું, ઊડવું કોને કહેવાય ?

સાહિત્યકાર મૂંઝાયા. છતાં જેવો સૂઝ્યો એવો જવાબ આપ્યો, 'જેને પાંખો હોય એ ઊડે.'

ભત્રીજાએ એ વાત પોતાના દિમાગમાં રજિસ્ટર કરી લીધી.

થોડા દિવસ વીત્યા. એક વખત સાહિત્યકાર લખવા બેઠા હતા, ત્યાં એમના ટેબલ પરથી કાગળ ઊડીને નીચે પડ્યો. ભત્રીજો ત્યાં હાજર જ હતો. એ બોલ્યો, 'અંકલ, જુઓ તમારો કાગળ કૂદીને નીચે આવ્યો...'

સાહિત્યકારે કહ્યું, 'કાગળ કૂદ્યો ન કહેવાય, ઊડ્યો કહેવાય.' 'પણ તમે

તો કહેતા હતા કે જેને પાંખો હોય એને ઊડ્યું કહેવાય...'

સાહિત્યકારે કહ્યું, 'તને ધીમેધીમે બધી વાત સમજાશે.'

ભત્રીજાને સંતોષ ન થયો, પણ એ ત્યાંથી ચાલ્યો ગયો. વળી થોડી દિવસ પછી એક વખત ભત્રીજો બહારથી દોડી આવ્યો અને સાહિત્યકારને પૂછવા લાગ્યો, 'અંકલ, ફ્યૂઝને પાંખો હોય?'

'કેમ, શી વાત છે?'

'મારી મમ્મી કહે છે કે લાઈટ બંધ થઈ ગઈ છે. કદાચ ફ્યૂઝ ઊડી ગયો લાગે છે. એટલે ફ્યૂઝ ઊડે તો એની પાંખો કેમ દેખાતી નથી?'

સાહિત્યકાર પાસે જવાબો ખૂટી રહ્યા હતા, અને ભત્રીજો રોજરોજ નવા સવાલો લઈને આવતો હતો. એક વખત તો એણે હદ જ કરી નાખી. બહારથી આવીને એણે પૂછ્યું, 'અંકલ ! હમણાં એક ભાઈ કહેતા હતા કે ગણપતિની મૂર્તિ દૂધ પીએ છે એવી અફવા ઊડી છે. તો અફવાને પણ પાંખો છે કે જેથી એ ઊડે છે?'

વિચારવા જેવું છે કે એક 'ઊડવું' ક્રિયાપદ સાંગોપાંગ શિખવાડવું અઘરું છે, તો વિશ્વવ્યાપી રાગને સમજાવવો તો કેવો અઘરો હોય એ સહજ સમજાય એવું છે.

પણ શાસ્ત્રકાર ભગવંતોએ વિશ્વવ્યાપી રાગને કામરાગ-સ્નેહરાગ-દૃષ્ટિરાગ વગેરે માધ્યમથી ખૂબ સરસ રીતે શાસ્ત્રોમાં સમજાવ્યો છે.

એ રાગને ગુરૂભગવંતએ લોકભોગ્ય શૈલીમાં સુંદર રીતે સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. તેથી પરમાર્થ પરિવાર સદાય એમનો ઋણી રહેશે.

આ પુસ્તક આપની જીવનદિશા બદલવામાં ઉપયોગી થશે તો ખૂબ આનંદ થશે.

જિનાજ્ઞાવિરુદ્ધ કંઈ પણ છપાયું હોય તો ક્ષમાપાર્થી છીએ અને ધ્યાન દોરવા નમ્ર વિનંતી સાથે...

**અંકિત દોશી, હાડેચા**
**પરમાર્થ પરિવાર**

## અનુક્રમણિકા

★ પ્રકરણ - ૮ .................... ૧
★ પ્રકરણ - ૯ .................... ૧૧
★ પ્રકરણ - ૧૦ .................... ૨૩
★ પ્રકરણ - ૧૧ .................... ૩૭
★ પ્રકરણ - ૧૨ .................... ૫૦
★ પ્રકરણ - ૧૩ .................... ૬૭
★ પ્રકરણ - ૧૪ .................... ૭૯
★ પ્રકરણ - ૧૫ .................... ૯૬

॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥

## પ્રકરણ-૮

કામરાગસ્નેહરાગાવીષત્કરનિવારણૌ ।
દૃષ્ટિરાગસ્તુ પાપીયાન્ દુરુચ્છેદઃ સતામપિ ॥

**વીતરાગસ્તોત્ર-૬, પ્રકાશ ૧૦ શ્લોક**

આપણી વાત ચાલતી હતી કે અજ્ઞાન આપણો મહાશત્રુ છે. અજ્ઞાન(મિથ્યાજ્ઞાન)થી રાગ પેદા થાય છે. કોઈ વખત કોઈને છાતીમાં દુઃખાવો થાય અને લાગે કે બાયપાસ કરાવવાની જરૂર છે. બાયપાસ કરાવ્યા પછી ખબર પડે કે દુઃખાવો વાયુનો હતો, તો કેવી ઉપાધિ થાય ! અજ્ઞાન (મિથ્યાજ્ઞાન) ભ્રમ પેદા કરે છે. એને ભ્રમ શું થયો કે હાર્ટનો હુમલો આવ્યો. ખરેખર વાયુને કારણે છાતી-કમર, માથું દુઃખતું હતું.

ડૉક્ટરો પણ આજે આવાં કૌભાંડો ચલાવતા હોય છે. પેશન્ટનાં સ્વજનો કહે કે બાયપાસ કરાવવી પડશે, તો ડૉક્ટરો વિચારશે : ભલે તો બાયપાસ કરી નાખો, આપણું શું જાય છે ? ઘણી વખત પ્રૉપર નિદાન થતું જ નથી. રિપોર્ટ કરાવે તોય રિપોર્ટમાં પકડાતું જ નથી કે તાવ મલેરિયાનો છે. ક્યારેક એથી ઊલટું બને છે. રિપોર્ટમાં આવે મલેરિયા અને મલેરિયા હોય જ નહિ એવું પણ બને.

હિમાલય પૂરેપૂરો બરફથી આચ્છાદિત છે. હિમાલય પર જ્યાં-જ્યાં નજર કરશો ત્યાં સર્વત્ર બરફ જ બરફ દેખાશે. તેવી રીતે સાધુ-સંતો અને ધાર્મિક લોકો સિવાય ઓલમોસ્ટ આખું જગત કામરાગથી ગ્રસ્ત છે. દરેક જગાએ કામરાગનું એકચક્રી શાસન છે. માર્કેટમાં જોશો તો કામરાગનાં સાધનો સિવાય કંઈ દેખાશે ? એકએક ઈન્દ્રિયના ભોગો માટે માણસ મરણાંત કષ્ટો સહન કરે છે !

### ★ ચોર બન્યો મિસ્ટર ઈન્ડિયા

એક ચોરની વાત છે. રાજગૃહીમાં ઘણી વખત તે ચોરી કરી જતો, પણ પકડાતો નહિ. એક વાર એ ચોર જુગાર રમવા બેઠો. એક દૂષણ હોય એની સાથે અન્ય દૂષણોની આખી ફોજ હોય. જુગારમાં કેવું મોટા ભાગે લોકો હારી

જાય, ક્યારેક જીતી પણ જાય. પેલો ચોર જીત્યો અને એને ઉદારતા આવી. જીતેલા પૈસા ગરીબોને આપી દીધા. સંસારમાં વિચિત્ર કેલક્યુલેશન ચાલે છે. તમારે અહીંથી જાત્રાએ જવું હોય તો પૈસાની ગણતરી થાય, પણ ગોવા, માથેરાન કે મહાબળેશ્વર જવું હોય તો કેટલો ખર્ચો થાય એનું કેલક્યુલેશન થાય ? ગુરુ મહારાજ પાસે તમારે ભણવા કે વ્યાખ્યાનમાં જવું હોય, પણ બાઈક ન હોય કે બગડેલું હોય તો કેલક્યુલેશન થાય ને સીધું ? ૧૦૦ રૂપિયા ટેક્ષીમાં આવવા-જવાના થાય. એના કરતાં ઘરે સામાયિક કરી લઉં તો ? એટલે અહીં સીધું કેલક્યુલેશન આવે છે. વળી તમે કેવા ? કમાઓ એટલા વાપરી નાખો. તમે મોટા ભાગે દાન જ ન કરી શકો. આ ચોરે જુગારમાં કમાયેલું દાનમાં વાપરી નાખ્યું. પછી એને ભૂખ લાગી. હવે પાસે પૈસા નહોતા. જોકે એની પાસે એક વિદ્યા હતી. એક અંજન હતું એ એવું કે તમે આંજી દો તો તમે અદશ્ય થઈ જાઓ, ઇનવિઝિબલ થઈ જાઓ. એ રાજમહેલ પાસેથી નીકળતો હતો. એણે આ આંજણ લગાડી દીધું અને ઇનવિઝિબલ થઈ, રાજમહેલમાં ઘૂસીને મસ્ત ભોજન કરી લીધું. પેટ ભરાઈ ગયું.

એક વખત રાજમહેલનું ભોજન ચાખ્યું એટલે એનો ટેસ્ટ આવી ગયો. જબરદસ્ત ખાવાનું મળ્યું એટલે એને લાલચ લાગી. તેને બીજું કોઈ ભોજન હવે ભાવતું નથી, તેથી રોજ રાજમહેલમાં જમવા જવા લાગ્યો.

રાજમહેલમાં રાજાના ભોજનની વ્યવસ્થા અલગ હોય. આચાર્ય મહારાજનું પણ એવું હોય. અર્થની દેશના આપતા હોય અને શાસનની જવાબદારીઓનું વહન કરતા હોવાથી આચાર્યો માટેની ગોચરી અલગ હોય. કેમ કે એમને શાસનની ઘણી જવાબદારીઓ સંભાળવાની હોય તેથી દુશ્મન પણ ઘણા હોય. એમની ગોચરીમાં કોઈ ઝેર ન ભેળવી નાખે એવાં કારણોસર આચાર્ય મહારાજ સાહેબની વ્યવસ્થા અલગ હોય.

ચોર રોજરોજ રાજા સાથે ઇનવિઝિબલ રીતે ખાઈ જાય. રાજા દિવસેદિવસે દુબળો થવા મંડ્યો. સૌ પૂછે છે રાજાને કે, 'થયું શું છે ? તમે આટલા બધા દુબળા કેમ થઈ ગયા ? તમને કાંઈ ટેન્શન છે, પ્રૉબ્લેમ છે, શરીરમાં રોગ છે ?' મંત્રીએ પૂછ્યું તો કહે, 'શી વાત કરું, હું ભૂખ હોય એના કરતાં થાળીમાં ડબલ ભોજન લઉં છું, પણ એ ક્યાં ચાલ્યું જાય છે એની કંઈ

ખબર નથી પડતી. વધારે માગતાં શરમ આવે છે. પીરસનારને પણ થાય કે આ શું કરે છે?' મંત્રી બડો ચતુર હતો. કોઈ વ્યક્તિ છે એવી જે રાજાની સાથે બેસીને બધું ખાઈ જાય છે. પણ એને પકડવો કેવી રીતે ? મંત્રીએ દરવાજે થોડાંક સૂકાં પત્તાં ગોઠવી દીધાં. કોઈ ઇનવિઝિબલ માણસ પાંદડાં પર પગ મૂકીને ચાલશે એટલે અવાજ થશે અને ખબર પડી જશે.

પછી ચોર આવ્યો. આંખમાં આંજણ લગાડીને પોતે ઇનવિઝિબલ થઈ ગયો. 'મિસ્ટર ઇન્ડિયા' લાલ ચશ્માંથી દેખાતો હતો, પણ આ ચોર તો કોઈ રીતે દેખાતો નહોતો એટલે મંત્રીઓ એ ત્યાં સૂકાં પત્તાં દરવાજા પાસે મૂકી દીધાં. એના પર કોઈ પણ માણસનો પગ પડે ને એટલે કચ કચ અવાજ આવે. ચોરે એન્ટ્રી મારી. પત્તાંનો અવાજ આવ્યો. જે રૂમમાં ખાવાનું હતું એ રૂમમાં બધા બેઠા. રૂમમાં ચોર પેસતાં જ રૂમના બધા દરવાજા બંધ કર્યા અને ધૂપ ચાલુ કર્યો. એવો ધૂપ કર્યો કે શ્વાસ લઈ ન શકાય અને ગૂંગળામણ થાય. ચોરને ધુમાડાના કારણે આંખમાંથી પાણી નીકળ્યું એટલે અંજન સાફ થઈ ગયું. ચોર વિઝિબલ થઈ ગયો અને પકડાઈ ગયો.

તમારી પાસે પણ એક અંજન છે - પૈસા નામનું, વિટામિન 'એમ' નામનું. તમે રસ્તા પર એક પિત્ઝા ખાઈ લીધો હોય, અંજન હતું તમારી પાસે. ઘરનાંને થાય કે આને ભૂખ કેમ નથી લાગતી ? તમને પૂછે કે, 'કેમ આટલું ઓછું ખાય છે?' તમે કહો છો કે, 'ભૂખ લાગતી નથી.' પણ તમારું અંજન ક્યારેક પકડાઈ જાય. તમે બહાર ખાતા હો અને કોઈ જોઈ જાય એટલે એને રહસ્ય સમજાઈ જાય. રોજ બહાર બરાબર ઝાપટીને આવે છે એટલે ભૂખ લાગતી નથી.

ચોર પણ પકડાઈ ગયો. રાજાનો ગુનો કર્યો. રાજાનું અન્ન ચોરી કરવા ગયો. હવે એની બરાબરની હાલત બગડશે. એને ફાંસીની સજા થઈ શકે. તમે વિચાર કરો, એક ખાવાના કારણે ફાંસીની સજા મળે તો ભલે મળે ! આ છે કામરાગ. ચોરને ખબર હતી કે જો હું પકડાઈ જઈશ તો ભારે પનિશમૅન્ટ મળશે. ચોર હંમેશાં હોશિયાર હોય. એનો જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ સારો હોય. ચોર લોકો પાકિટ મારે તો કોઈને ખબર પણ ન પડે. એ લોકો પાસે વિશિષ્ટ કળા અને આવડત હોય. જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ સારો હોય તો

જ આ કળા આવે. એટલે ચોરને એટલી ખબર તો પડે છે કે હું રાજાનું ભોજન ખાઈ જાઉં છું એટલે રાજાને થતું તો હશે કે ભોજન ક્યાં જાય છે? ટેન્શનમાં આવીને મંત્રીઓને વાત કરશે. મંત્રીઓ તો બધા સ્માર્ટ હોય. હું પકડાઈ જઈશ તો મારું શું થશે? છતાં એને ડર નથી લાગતો. ચોરને જેમ રાજાનો અને મંત્રીઓનો અને સિપાઈઓનો ડર નથી લાગતો એમ આપણનેય પરલોકનો ડર નથી લાગતો. પાણીના એક બિંદુમાં અગણિત જીવો છે. ૭૯૦ ક્રોડ, ૫૬ લાખ ૯૪ હજાર ૧૫૦ યોજનથી અધિક ૧ ગાઉ, ૧૫૧૫ ધનુષ્ય, ૬૦ અંગુલ જેટલું જંબૂદ્વીપનું ક્ષેત્રફળ છે. આટલા મોટા જંબૂદ્વીપને કબૂતરોથી છલોછલ ભરો તો કેટલાં કબૂતર એમાં સમાઈ શકે ? એના કરતાંય પાણીના એક ટીંપામાં વધારે જીવ છે. તમને વોટરપાર્કમાં નહાતી વખતે ડર ક્યાં લાગે છે કે આટલા બધા જીવોને મારીશ તો મારું શું થશે? જે થવું હોય એ થાય મને કંઈ પ્રૉબ્લૅમ નથી.

બ્રહ્મદત્ત ચક્રવર્તી હતો. એનું ૭૦૦ વર્ષ આસપાસનું આયુષ્ય હતું. એની અંદાજે ૩૬ કરોડ ૨૮ લાખ ૮૦ હજાર મિનિટ થાય. એ સમય દરમ્યાન એણે જે ભોગ ભોગવ્યા, એના કારણે એ મરીને સાતમી નરકમાં ગયો. એનું સાતમી નરકનું આયુષ્ય ૩૩ સાગરોપમ. ચક્રવર્તીના જીવનની ભોગમય એક મિનિટ સામે નરકનાં વેદનામય લાખો વર્ષો પણ ઓછાં પડે. સાતસો વર્ષ ભોગ ભોગવ્યા એમાં અડધી જિંદગી તો સૂવામાં ગઈ હશે. એટલે સાતસો વર્ષના અડધા - સાડા ત્રણસો વર્ષ ભોગવવા મળ્યું અને સામે સજા ૩૩ સાગરોપમ. અસંખ્ય વર્ષો બરાબર એક પલ્યોપમ, એવા દસ કોટાકોટી પલ્યોપમ બરાબર એક સાગરોપમ અને એવા ૩૩ સાગરોપમ સુધી એને સજા ભોગવવાની આવી!

### ★ બ્રોડ માઈન્ડેડ બનો

આધુનિક જનપ્રવાહ કહે છે કે બ્રોડ માઈન્ડેડ થાઓ. એમ મારે તમને કહેવું છે તમે થોડા બ્રોડ માઈન્ડેડ થાવ, નેરો માઈન્ડેડ ન થાવ. નાહવાનું મળ્યું તો નવાઈ લીધું, હોટલમાં ખાવાનું મળે તો ખાઈ લીધું. પછી એ બટેટા હોય કે કંઈ પણ હોય. કદી વિચારો છો કે એ દસ-પંદર મિનિટ ખાવાની મજાની સજા

કેવી મળશે ?

આટલાં વર્ષોમાં કામરાગને લીધે આપણે કેટલાં દુઃખી થઈએ છીએ, એકેએક રાગ આપણને કેટલો હેરાન કરે છે ! આપણે વિચારવા માટે પણ તૈયાર નથી. આ એક કામરાગ મૃત્યુ અપાવે છે. આ જે બહાર ખાય છે એમને ફૂડ પોઈઝન થાય છે. કેટલાય મરી જતા હશે, પણ ન્યૂઝમાં આવતું નહિ હોય. કેટલા હેરાન થવાનું ! છતાં ખાવું એટલે ખાવું ! હોટલોમાં કેવી રીતે રંધાતું હશે ? લોટ કેવી રીતે બંધાતો હશે ? બેકરીમાં બ્રેડ બનતા હોય એમાં જે નખાતું હોય કે લોટ પીલવાનો હોય એમાં બધો પસીનો ભળતો હોય. એ બધું મને ચાલશે. મને ભાજીપાઉં વગર ચાલશે નહિ. આ બધાં કારણે આપણે કેટલા બધા દુઃખી થતા હોઈએ છીએ !

જેમના જીવનમાં એકલો કામરાગ હશે, બીજા સ્નેહરાગ વગેરે નહિ હોય - એ લોકો અત્યંત તામસી અને સ્વાર્થી હશે. એ લોકોને ગરજ હશે તો આપણી પાછળ પડી જશે અને ગરજ પૂરી થઈ ગયા પછી આપણી સામેય નહિ જુએ. મોટા ભાગના લોકોની જિંદગી આ કામરાગમાં જ તણાયા કરતી હોય છે.

બે વોચમેન વાતો કરતા હતા.

એક પૂછે છે, 'ક્યા કરતા હૈ પૂરા દિન યહાં ?'

બીજો કહે, 'આખો દિવસ બેઠો રહું. અહીં બીજું શું કરું ? પણ હા, મને કંટાળો નથી આવતો. કારણ કે અહીં લિફ્ટમાં સીસીટીવી કેમેરા લાગેલા છે. લિફ્ટમાં કોઈ પણ માણસ જાય પછી એ જોવાની મજા આવે. કારણ કે લિફ્ટમાં સામે જ અરીસો છે. કોઈ એક જ વ્યક્તિ હોય તો લિફ્ટનો દરવાજો બંધ કરીને અરીસામાં જોઈ અવનવા ચેનચાળા કરે. એક જ મિનિટ ત્યાં ઊભા રહેવાનું હોય, એટલામાં તો કંઈ ને કંઈ નખરા કરે. માથું જોશે, મોઢું જોશે... એ બધું મને સ્ક્રીન પર દેખાય. સાથે કોઈ હોય તો વાતો કરે, પણ એકલો માણસ શું કરે ? દૂધવાળો ભૈયો આવે એ પણ કેન નીચે મૂકે અને વાળ સરખા કરે. અહીં ઉપાશ્રયમાં દરવાજા પાસે અરીસો મૂકો તો નીચે જતી વખતે બધા પોતાનું મોઢું જોતા જશે. અરે, ભાઈ ! તું અહીં તારું મોઢું ધોઈને તો આવ્યો

હતો હવે તારે ઘરે જ જવાનું છે. પછી મોઢું જોવું કેટલું જરૂરી? તમને લાગશે કે સાહેબ, તમારી દૃષ્ટિ બહુ ટૂંકી છે, તમે બહુ નેરો માઈન્ડેડ છો. તમે અમારું ફરવાનું જુઓ છો. પણ અત્યારે અમારી ઉંમર છે. જેટલું એન્જોય કરાય એટલું કરી લઈએ. લગ્ન પછી બધી રિસ્પોન્સિબિલિટીઝ નિભાવવાની આવશે. એટલે અત્યારે ફરાય એટલું ફરી લઈએ ને !'

### ★ કેટલી મજા, કેટલી સજા ?

મારે બસ એટલું જ પૂછવું છે કે આ ફરવાની મજા કેટલી ? અને એ ફરવાની પછી મળનારી સજા કેટલી ? જેમાં સજા મોટી અને મજા થોડી હોય એવો ખોટનો સોદો કોણ કરે ? તમે ઘણી વખત કહો છો કે છેલ્લા ચાર મહિનાથી બહાર ગામ નથી ગયો. બોમ્બેમાં જ છું. ચાર મહિનાના સોળેક રવિવાર એમાંથી એકેય રવિવાર રખડ્યા વગર ન રહ્યો હોય, છતાં કહેશે કે હું તો કંટાળી ગયો ! પાંચ ઈન્દ્રિયનાં સુખો ન મળે એ લોકો દુઃખી...

કામરાગમાં તમને કોઈ મળ્યું અને પાંચ ઈન્દ્રિયને અનુકૂળ લાગ્યું તો એ ફ્રેન્ડ. તમારી પાંચ ઈન્દ્રિયોના ભોગ માટે એકદમ અનુકૂળ અને ફ્રી છે, એની પાસે ગાડી છે, રખડવામાં કંપની મળશે તો એ બે મિનિટમાં ફ્રેન્ડ થઈ જાય. એના માટે લાંબા કે ગાઢ પરિચયની જરૂર નહિ. સ્નેહરાગ એવી રીતે નહિ થાય. લાંબા પરિચય પછી સ્નેહરાગ થશે. સ્નેહરાગ જીવનમાંથી કાઢવો હોય એણે લાંબો પરિચય ન કરવો જોઈએ. સતત ચેટિંગ કરવાથી લાંબો પરિચય થાય છે. તમે બે પાંચ મહિને ચેટિંગ કરો તો તમારે એટલી બધી ફ્રેન્ડશિપ જામશે નહિ. ભગવાને અમને સાધુઓને કહ્યું કે તમારે કોઈનો ગાઢ પરિચય કરવાનો નહિ. કોઈ આવે તો ઝાઝી વાત નહિ કરવાની. કરવી જ પડે તો ધર્મની વાત કરવાની. સંસારની વાત કરવાની જ નહિ. તમે કદાચ આવું ન કરી શકશો. એટલે તમારા માટે સ્નેહરાગ કાઢવો અઘરો છે. લાગણીનું બંધન જલદી તોડી ન શકાય. તમારે મહેનત વધારે કરવી પડશે.

સ્નેહરાગ કેટલું બલિદાન અપાવે અને કેવા ખેલ કરાવે એ માટે આપણે ઈલાચીકુમારની વાત કરતા હતા. નટકન્યાનો બાપ ઈલાચીકુમાર સમક્ષ કન્ડિશન કરે છે કે, 'તારે નટ બનીને, નટના વિવિધ ખેલ કરીને રાજાને રિઝવવો પડશે. રાજા ખુશ થઈને તને ઈનામ આપે પછી જ હું મારી છોકરી

તને પરણાવીશ. આમ કરવા જતાં ક્યાંક તું ઉપરથી પડ્યો અને હાડકાં ભાંગ્યાં તો મારી છોકરી ના પણ પાડી દે.'

ખાણીપીણી, રહેણીકરણી બધું બદલીને તારે નટ થવાનું. અમારો આખો સમાજ તને એક્સેપ્ટ કરવો જોઈએ. તારે બધી કળા બતાવીને રાજાને રિઝવવાનો અને એમાં તું પડી ન જાય - હેમખેમ રહે તો જ મારી છોકરીને પરણાવું. વિચારજો, નટકન્યા રૂપવાન છે. નટસમાજના અન્ય નટોને પણ એની સાથે લગ્ન કરવાની ઇચ્છા હોય એ સમજી શકાય છે. જે નટોને પોતાના સંતાન સાથે આ નટકન્યા પરણાવવાની ઇચ્છા હોય તે નટો ઈલાચીકુમારની નબળાઈઓ અને મર્યાદાઓ ગોતે, એ પણ સ્વાભાવિક છે. એવા નટો પાસેથી ઈલાચીકુમાર નટકલામાં પ્રવીણ થયો છે એવું ગ્રીન સિગ્નલ લેવું કેટલું અઘરું છે ! એટલે જ અભિમન્યુના સાત કોઠા કરતાં પણ અઘરા કોઠા આપ્યા. ઈલાચીકુમાર કહે, 'તમારી તમામ કન્ડિશન્સ ડન. બધું સ્વીકારી લીધું. હવે શરૂ થયું - એ ફોર એપલ, બી ફોર બોલ. તમારે અમેરિકા જવું હશે તો ઈંગ્લિશ બોલવું જ પડશે. પચીસ વર્ષ સુધી ઈંગ્લિશમાં બોલવાની ફ્લુઅન્સી નથી આવી, પણ હવે લાગ્યું કે ઈંગ્લિશ બોલવું જ પડશે એટલે ઈંગ્લિશ સ્પીકિંગના ક્લાસ જોઈન કર્યા. ઈંગ્લિશ શીખતાં ક્યારેક હાથ દુખી જાય, ક્યારેક ગરદન મરડાઈ જાય, કંઈ ને કંઈ થાય.. એ બધુંય મંજૂર. આપણે આજના યુગના ઈલાચીકુમાર જ છીએ ને ! પણ ના, હજી વાત અધૂરી છે.

### ★ ઈલાચીકુમારની આગળની કથા

ઈલાચીકુમારે હવે રાજાને રિઝવવાનો છે. એ માટે એણે નટના ખેલ કરવાના હતા. મંડપ બંધાવ્યો હતો. હજારોની મેદની જમા હતી. રાજા ઉપસ્થિત હતો. ઈલાચીકુમાર પણ ફૉર્મમાં છે. બસ, આ મારી પહેલી મૅચ બરાબર થઈ જાય તો મારાં લગ્ન થઈ શકશે. પછી હું સુખી જ સુખી... પછી દુઃખનું તો કોઈ નામનિશાન નહિ રહે ! એણે પ્રથમ પરફોર્મન્સ કરવાનું હતું. પહેલું પરફોર્મન્સ કેવું હોય ? વિરાટને કેપ્ટન બન્યા પછી સેન્ચુરી મારવી જ હોય, એમ ઈલાચીકુમારે પણ પહેલો પરફોર્મન્સ ધમાકેદાર શરૂ કર્યો. એણે દોરડા પર નાચવાનું શરૂ કર્યું. નટકન્યાએ નીચે ઢોલ વગાડવાનું ચાલુ કર્યું.

રાજાની નજર નર્તકી પર પડી. એનું રૂપ જોઈને રાજા મોહિત થઈ ગયો. રાજાને ઉપર ખેલ કરતા ઈલાચીકુમારમાં રસ જ નથી. એ તો બસ, આ કન્યાને જ જોયા કરે છે. નટ એટલું બધું નાચ્યો કે લોકો આફરીન થઈ ગયા. એણે અવનવી કળાઓ બતાવી. પછી એ નીચે ઊતર્યો. રાજા જ્યાં સુધી એક રૂપિયો ન આપે ત્યાં સુધી કોઈ પ્રજા ન આપી શકે. આપણે ત્યાં વ્યાખ્યાનમાંથી મ. સા. જ્યાં સુધી સર્વમંગલ કરીને ઊભા ન થાય, ત્યાં સુધી આપણે ઊભા થવાય નહિ. એમ અહીં રાજા જ્યાં સુધી ઈનામ ન આપે ત્યાં સુધી બીજા લોકો પણ ન આપે. હવે રાજાએ ઈનામ આપ્યું નહિ કેમ કે એણે કાંઈ જોયું જ નહોતું. ઈલાચીકુમાર બીજી વખત દોરડા પર ચઢ્યો. અનેક અફલાતૂન કળાઓ કરે છે. કિન્તુ રાજાનું ધ્યાન હજીય પેલી નટકન્યામાં જ છે. રાજાએ આ વખતે પણ કંઈ આપ્યું નહિ. કહે, 'મેં બરાબર જોયું જ નથી. મને જરા ઊંઘ આવી ગઈ. ફરી વાર કરને...' ઈલાચીકુમાર ત્રીજી વખત દોરડા પર ચઢીને ખેલ શરૂ કરે છે. થાકીને ઊતર્યો ત્યારે આખો નીચોવાઈ ગયો હતો. શરીર થાકી ગયું હતું. પણ રાજા કહે છે, 'ભાઈ, તું બહુ જલદી-જલદી પૂરુંકરી નાખે છે. જરા બરાબર બતાવ...'

હવે ચોથી વાર દોરડા પર ચઢવાનું થયું. રાત પૂરેપૂરી વીતી ચૂકી હતી. દૂરથી પૂર્વમાં સૂર્યોદય દેખાતો હતો. હતાશ ઈલાચીકુમારને થયું હવે હું શું કરીશ ? રાજા ખુશ નહિ થાય તો ? અને રાજા કેવો લોભિયો છે ! એ મને ઈનામ આપવા નથી માંગતો કે શું ? છેવટે એ ઉપર ચઢીને રાજા તરફ જુએ છે. રાજા શું કરે છે ? એનું ધ્યાન કેમ મારા ખેલ તરફ જતું નથી ? એણે જોયું તો રાજાની નજર પેલી છોકરી પર હતી. ઈલાચીકુમારને થયું નક્કી રાજા પણ આ નટકન્યામાં ઈન્ટરેસ્ટેડ છે. જો આમ હોય તો મારાં લગ્ન આ નટકન્યા સાથે થવાં અસંભવ છે. રાજાની નિયતમાં ખોટ લાગે છે. એટલે જ એ મને ઈનામ નથી આપતો. હું થાકીને દોરડા પરથી પડીને મરી જાઉં તો નર્તકી પોતાને મળે એવું રાજા ઈચ્છી રહ્યો લાગે છે. એને દોરડા પર રહ્યેરહ્યે વિચાર આવે છે, 'ધિક્કાર છે મને. એક નટકન્યા માટે મેં મારાં મા-બાપ છોડ્યાં, કુળ છોડ્યું, મારા કુળના આચારો છોડ્યા, મારી બધી મર્યાદાઓ છોડી.

એ દોરડા પર પર આવા વિચારે ચઢેલો છે, સાથેસાથે ડાન્સ પણ ચાલે છે. ત્યાં જ દૂરના એક મહેલના ઝરૂખામાં નજર જાય છે. વહોરવા નીકળેલા એક મહારાજ સાહેબ  દેખાય છે. એમની સમક્ષ એક સુહાગણ સ્ત્રી હાથમાં લાડવા વહોરાવી રહી છે. મહારાજ સાહેબ નીચી નજરે વધુ વહોરવા માટે ઇન્કાર કરે છે. સુહાગણ સુંદરી વધુ વહોરવા માટે આગ્રહ કરે છે, પણ મહારાજ સાહેબ એની સામે પણ જોતા નથી. આ તરફ રાજા પેલી નટડી સામે તાકી રહ્યો હતો. બે દ્રશ્ય હતાં. એક તરફ રાજા અને એક તરફ મહારાજા. એને થયું ધન્ય છે આ સાધુઓને ! એમણે કામને કેવો જીત્યો છે ! આવી રૂપરૂપની અંબાર સ્ત્રી આગ્રહપૂર્વક લાડવા વહોરાવી રહી છે તોપણ લેવા માટે એ તૈયાર નથી. જ્યારે હું આ નટકન્યા પાછળ કેવો ગાંડો થયો છું !

આ વિચારમાં ચઢતા-ચઢતા ચમત્કાર થઈ ગયો...

થોડી વાર પહેલાં વિકારોના વમળમાં તણાતા ઈલાચીકુમારને વિચારની દિશા બદલાતાં જં કેવળજ્ઞાન થઈ ગયું. મહોત્સવ મંડાયો. દેવતાઓ પધાર્યા. દેશના પ્રારંભાઈ. નટનો ખેલ પૂરો થઈ ગયો અને દેશના શરૂ થઈ. ઈલાચીકુમાર હવે બધાને સમજાવે છે કે આ ભવમાં ખરેખર કરવા જેવું શું છે ? બધી વાતો સરસ રીતે સમજાવી. બધા પદાર્થો સમજાવ્યા. સંસારની અસારતા સમજાવી. રાજા પૂછે છે, ‘આપને આ સ્ત્રી પર કેવી રીતે અનુરાગ થયો ?’ તો કહે, ‘પૂર્વભવના કામરાગના અભ્યાસથી આ ભવમાં એના પર મને તીવ્ર અનુરાગ થયો. અમે બંને પૂર્વભવમાં પતિપત્ની હતાં. અમે બંનેએ દીક્ષા લીધી હતી. મારી પત્નીને કુળનું ઘમંડ હતું. દીક્ષા લીધા પછી પણ બીજાં સાધુ-સાધ્વી સાથે એણે એવો વ્યવહાર કર્યા. એ કારણે તે આ નટકુળમાં ઉત્પન્ન થઈ. હું વણિકકુળમાં. એને જોતા જ પૂર્વભવના અનુરાગને કારણે મને એના પર રાગ થયો. ક્રમશઃ આજે આ કેવળજ્ઞાન થયું.’

ઈલાચીકુમારને કેવળજ્ઞાન થયું હતું એટલે રાજાને બધી વાત કરી. ત્યાં ઉપસ્થિત રાણીઓએ વિચાર્યું કે અમારા રાજાય આ સ્ત્રી પર મોહિત થયા? ખરેખર, કામરાગ બહુ ભયંકર છે. હવે રાજાની રાણીઓને કેવળજ્ઞાન થયું. આ વાર્તા સાંભળતાં પેલી નટડી-નર્તકીને પણ કેવળજ્ઞાન થઈ ગયું. રાજા બધું જોયા કરે છે. છેવટે એને પણ કેવળજ્ઞાન થઈ ગયું. એટલે અડધો કલાક પહેલાં

બધા એક ખેલ માટે ભેગા થયા હતા. એ ખેલમાં એકાએક આ શું થઈ ગયું કંઈ ખબર જ ન પડી.

અહીં આપણે સમજવાનું છે કે સ્નેહરાગ કેટલો ત્યાગ કરાવે છે. આપણે જીવનમાં સ્નેહરાગને તોડવાનો છે. સ્નેહરાગને તોડવા શું કરવું પડશે? ચિર પરિચય નહિ કરવાનો. કામરાગને તોડવા ટિપ્સ આપી કે પાંચ ઈન્દ્રિયના અનુકૂળ વિષયો છોડો. રાત્રીભોજન કરવું નથી. હોટલમાં જવું નથી, નવાં કપડાંનો મોહ કરવો નથી, દેરાસર-ઉપાશ્રયમાં ચંપલ પહેર્યા વગર આવીશ. આ રીતે કામરાગને તોડવાનો છે. પરંતુ તમારી હાલત કેવી છે એ જાણો છો ? તોફાની છોકરાઓ ઉંદરને પૂંછડીથી બાંધે પછી થોડી ઢીલ આપે એટલે ઉંદર દૂર જાય. પાછી ટીચકી આપી ખેંચી લે. તેમ કામરાગના ત્યાગમાં પણ તમારું એવું જ થાય છે. અષાઢ સુદ ૧૪થી સંવત્સરી સુધી તમારો કામરાગ નહિવત્ દેખાશે, પણ જેવી ભાદરવા સુદ-૫ આવી કે તમારો કામરાગ ફુફાડા મારીને પ્રદીપ્ત થઈ જશે. ઓળીમાં પણ તમારો કામરાગ જરા ઓસરી જશે. આસો વદ-૧ના પાછો બેઠો થશે. તમારું આવું જ ચક્ર ચાલ્યા કરે છે.

### ★ દૃષ્ટિરાગ : સૌથી મોટો ગુંડો !

હવે આપણે દૃષ્ટિરાગને સમજીશું. દૃષ્ટિરાગ ભયંકર છે. કામરાગ પાપ બંધાવે, સ્નેહરાગ એનાથી ઓછું પાપ બંધાવે અને દૃષ્ટિરાગ તો એવો કે ક્યારેક પુણ્ય પણ બંધાવે ! તો પછી એને છોડવાનો કેમ ? એ ભયંકર કેમ ? દૃષ્ટિરાગ અનુબંધ તો પાપનો જ પાડશે. કામરાગ ખરાબ છે. એના કરતાં વધારે ખરાબ સ્નેહરાગ છે. સ્નેહરાગ કરતાં વધારે ખરાબ દૃષ્ટિરાગ ! તમામ રાગ ગુંડાઓ જ છે. કામરાગ તમારી ગલીનો ટપોરી. સ્નેહરાગ આખા એરિયાનો ટપોરી અને દૃષ્ટિરાગ સૌથી મોટો ગુંડો. તમે સાઈકલ બરાબર પાર્ક ન કરી હોય તો ગલીનો ટપોરી હવા કાઢી નાખે. એથી વધારે કંઈ ન કરે. બહુબહુ તો બે-પાંચ રૂપિયા ચાપાણીના આપી દેવાના એટલે બધું સોલ્વ થઈ જાય. એરિયાના મોટા ગુંડા છે. એમને વાર-તહેવારે પાંચસો-હજાર આપવાના. ક્યારેક ફંડફાળોય આપવાનો. દ્રષ્ટિરાગ ખતરનાક છે. એ આટલાથી ચલાવશે નહિ. એવા દૃષ્ટિરાગને આપણે છોડવાનો છે.

॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥

## પ્રકરણ-૯

કામરાગસ્નેહરાગાવીષત્કરનિવારણૌ ।
દૃષ્ટિરાગસ્તુ પાપીયાન્ દુરુચ્છેદઃ સતામપિ ॥

**વીતરાગસ્તોત્ર-૬, પ્રકાશ ૧૦ શ્લોક**

ચોમાસુ રોગચાળો લઈને આવે, એવી રીતે અજ્ઞાન મોહ લઈને આવે છે. મોહથી રાગ અને દ્વેષ પેદા થાય છે. અલબત્ત, કેટલીક બાબતોનું અજ્ઞાન હોય તોય આત્માને કોઈ નુકસાન થતું નથી. જેમ કે અમિતાભ બચ્ચન એક ફિલ્મમાં કામ કરવાના કેટલા પૈસા લે છે, એ કઈ રીતે ડાયલોગ યાદ રાખે છે? આ બધા અજ્ઞાનનું સમાધાન આપણને મરતાં સુધી ન મળે તો ચાલે, કિન્તુ એક અજ્ઞાનમાં મોટો પ્રૉબ્લેમ છે. એ અજ્ઞાન એટલે હું કોણ? મારું કોણ? આમાં 'હું' એટલે આત્મા. એને બદલે આપણે હું એટલે શરીર સમજ્યા. જાણે ઇન્દ્રિય અને મન એટલે આપણે ! આખી વાત જ ખોટી સમજી બેઠા. 'મને દુઃખ ન થવું જોઈએ' એટલે આપણે સમજી લીધું કે શરીરને, ઇન્દ્રિયને અને મનને દુઃખ ન થવું જોઈએ. શરીર, ઇન્દ્રિય અને મનને દુઃખ ન થાય એ માટે આપણે નક્કી કર્યું કે મારે એક ઘર જોઈશે. ઘર મને વરસાદ, તડકો, ઠંડી વગેરેથી બચાવશે. રહેવા માટે દસ બાય દસની રૂમ ઇનફ છે, પણ ઇન્દ્રિય તમને કહેશે ઘર વિશાળ હોવું જોઈએ, જેથી સંકડાશ ન લાગે. ઘર સીફેસવાળું હોવું જોઈએ જેથી હવા-ઉજાસ સરસ આવે. ઘરનો લુક પણ વૈભવશાળી જોઈએ, એવીએવી ડિમાન્ડ્સ ઇન્દ્રિય તરફથી આવી. શરીરની ડિમાન્ડ ભોજન છે. ભોજનમાં રોટલી આપો, ખીચડી આપો કંઈ પણ ચાલે. પણ ઇન્દ્રિય વચ્ચે આવીને કહેશે કે, 'સાદી ખીચડી નહિ ચાલે, વઘારેલી જોઈશે. એમાં વિવિધ મસાલા નાખેલા હોવા જોઈએ.' આજકાલ એવા મસાલા આવ્યા છે કે એમાં નૉનવેજ આવે. નૉનવેજ આવે તો ભલે આવે, મારી રસનેનિન્દ્રિય (જીભ)ને ચટાકા પડવા જોઈએ !

એક જગાએ વાંચ્યું હતું કે એક અજૈન બહેન રક્ષાબંધનના અવસરે એના ભાઈને કહે છે કે, 'ભાઈ ! તેં આજ સુધી ઇન્દ્રિયબહેનને સાચવી છે,

એવી જ રીતે મને પણ લાઈફટાઈમ સાચવજે.' શરીરને કંઈ પણ વાનગી ખાવા આપો તો પેટ ભરાઈ જાય, પણ ઈન્દ્રિયની ડિમાન્ડ એવી છે કે ફાઈવ સ્ટાર હોટલમાં જવું છે, તો એ ત્યાં લઈ જશે. ઈન્દ્રિયબહેનની પાછળ ભાઈ કેવો પાગલ ? બહેનની ડિમાન્ડ થાય પછી ગમેતેટલે દૂર જવાનું હોય કે ગમેતેટલો ખર્ચ થવાનો હોય તોપણ એ કરશે. કેમ કે એણે ઈન્દ્રિયબહેન સાથે એવી રક્ષાબંધન કરી છે કે હવે મારે ક્યારેય આ બહેનને દુઃખી કરવાની નથી !

ઘણા લોકો કહે છે, 'સાહેબ, મારે શરીરની-ઈન્દ્રિયની બધી ડિમાન્ડ પૂરી થઈ જાય એવું છે. અમારા ઘરે રોજ પાંચસો-હજાર રૂપિયાનાં ફ્રૂટ લાવીને ખાઈએ છીએ. અમને કોઈ પ્રૉબ્લૅમ નથી. પ્રૉબ્લૅમ એ છે કે મારી સાસુ મને વારંવાર સંભળાવે છે : તારા બાપના ઘરે તેં શું જોયું હતું ? અહીં આવીને તું ફાટી છે. આના કરતાં હું કોઈ ગરીબ ઘરમાં પરણી હોત તો સારું !'

એને શરીરની, ઈન્દ્રિયની બધી ડિમાન્ડ્સ પૂરી થાય છે, પણ મનની ડિમાન્ડ પૂરી નથી થતી. સાસુ-નણંદ વગેરે મહેણાં મારે છે. હું દુઃખી છું. આત્મા ક્યારે દુઃખી થાય એ આપણે સમજતા નથી. આત્મા રાગ અને દ્વેષથી દુઃખી થાય. તું દુઃખી રાગ અને દ્વેષના કારણે છે, નહિ કે સાસુ-નણંદના કારણે. એને સમજવા માટે આપણે કામરાગ, સ્નેહરાગ અને દૃષ્ટિરાગ સમજવા પડશે.

### ★ કામરાગને કારણે દુર્દશા

એક વાર શ્રેણિક મહારાજા પત્ની ચેલણા સાથે ઝરૂખામાં બેઠા હતા. અષાઢી મહિનો હતો. ઝરમર-ઝરમર વરસાદ વરસતો હતો. વીજળી પણ ચમકતી હતી. મધ્યરાત્રિનો સમય હતો. ચેલણાએ વીજળીના ઉજાસમાં એક માણસને નદીમાંથી લાકડાં પકડતો જોયો. એ પૂછે છે, 'તમારા રાજ્યમાં આવી દુર્દશા કેમ ? તમારા રાજ્યમાં તો સૌ સુખી હોવા જોઈએ.' અહીં પતિ-પત્નીનો રિલેશન પણ જોજો. તમે પતિ-પત્ની એકાંતમાં શાતિથી બેઠાં હો અને બીજાની ચિંતા કરો તો શું થાય ? 'તમે મને તો બિલકુલ ટાઈમ આપતા નથી, તમને મારી કાંઈ જ પડી નથી અને આ અજાણ્યા ગરીબ માણસની ચિંતા તમે કરો છો ?' આવું કશું ચેલણા કહેતી નથી. ઊલટું ચેલણાને કરુણા ઊપજી. કહે છે, 'તમારા રાજ્યમાં પ્રજાની આવી હાલત ? એને રાજસભામાં

બોલાવીને પૂછો કે તને શો પ્રૉબ્લૅમ છે? તું કેમ આવી તોફાની વરસાદી રાતે, વહેતી નદીમાંથી લાકડાં પકડવાની મહેનત કરે છે ?' બીજે દિવસે એને રાજદરબારમાં બોલાવીને પૂછે છે, 'તારી શી જરૂરત છે, ભાઈ ? તું કેમ આટલો બધો હેરાન થાય છે?'

એ માણસ બોલ્યો, 'ખાસ કંઈ નહિ. મારે ત્યાં બે બળદ છે એ બે બળદનાં ચાર શીંગડાંમાંથી ત્રણ તો થઈ ગયાં છે, એક બનાવવાનું બાકી છે એના માટે હું મહેનત કરું છું...!'

'ઓહ આટલો નાનકડો જ પ્રૉબ્લૅમ છે ? બોલ, તારે કેટલા પૈસા જોઈએ? રાજભંડારમાંથી હમણાં જ આપી દઉં...' શ્રેણિક રાજાએ કહ્યું.

'એ તો તમે પોતે જ મારા ઘરે આવીને જુઓ અને એની વેલ્યુ કરો ત્યારે ખબર પડે...'

રાજા એના ઘરે ગયો અને જોયું તો સોનાના બે બળદ હતા. એમનાં શિંગડાં રત્નોથી મઢેલાં હતાં. દરવાજા ખોલતાંની સાથે જ એ રત્નોના ઝગમગાટથી રૂમ ઝળહળી ઊઠ્યો. એકએક કીમતી રત્ન !

નદીના કિનારે લાકડાં વીણતો એ આદમી એટલે મમ્મણ શેઠ !

હરિભદ્રસૂરિજી મહારાજના વખતમાં એક શ્રાવકે દીવાલમાં હીરો લગાડ્યો હતો. એનો પ્રકાશ એટલો બધો કે હરિભદ્રસૂરિજી મહારાજ એના પ્રકાશમાં રાત્રે ગ્રંથો લખી શકતા.

થોડાં વર્ષ પહેલાં પાંત્રીસ કરોડના હીરાનું ઓક્શન હતું. એમાં એન્ટ્રી-ફી કરોડ રૂપિયા હતી. એ હીરાનો બે-ચાર ફૂટ સુધી પ્રકાશ આવે. એવા હીરા શંખેશ્વર-પાલિતાણાના જિનાલયમાં ભગવાનના કપાળ પર લગાડ્યા હોય તો કેવી ઉત્કૃષ્ટ શાસનપ્રભાવના થાય ! પણ તમને બધાને ટેન્શન થાય કે ચોરાઈ જશે તો ? મુકેશ અંબાણીને ત્યાં કેટલી ગાડીઓ છે ? કેટલી કીમતી સામગ્રીઓ છે ? એનું કંઈ ચોરાતું નથી. આપણે દેરાસરમાં લાવવાનું હોય ત્યારે ચોરીનો ભય લાગે. સપૉઝ, પાંચ મહિના સુધી રહ્યું પછી ચોરાઈ ગયું, તો એ દરમ્યાન જેટલા લોકોએ દર્શન કર્યાં એટલો તો ફાયદો ખરો જ ને ! આમેય એ નાશવંત જ છે ને ! અલબત્ત, ચોરાવું ન જોઈએ અને

આપણે એની પૂરી કાળજી રાખવી જોઈએ. છતાં ચોરાઈ ગયું તો પાપ થોડું લાગે ? તમે દેરાસર બનાવો અને કોઈ કહે ભૂકંપમાં તૂટી જશે તો ? એવી દહેશતથી દેરાસર ન બનાવો એવું કરાય ? બનાવો. જેટલો વખત સુધી રહ્યું, જેટલું રક્ષણ કરી શકાશે એટલું કરશું અને તૂટી ગયું તોપણ શું ? આપણા પ્રમાદથી તૂટે તો જ આપણને પાપ લાગે. આવું જો સંવિગ્ન ગીતાર્થો એકમતે કહે તોપણ તમારો જીવ આટલા મોંઘા ડાયમંડ ભગવાનના તિલક પર લગાડવામાં ચાલે ?

શ્રેણિક રાજાએ મમ્મણ શેઠને ત્યાં જે માહોલ જોયો, જે સિચુએશન જોઈ તો ઉદ્‌ગાર સરી પડ્યા : 'ઇમ્પોસિબલ !' પછી પાસે ઊભેલી વાઈફને કહે છે, 'આ માણસની તુલનાએ તો આપણે સાવ દરિદ્ર છીએ ! આપણો ભર્યોભર્યો સમૃદ્ધ રાજકોશ સાવ ખાલી કરી નાખીએ તોપણ આ બળદનું એક શિંગડુંય ન થાય !' એટલે મમ્મણને સીધું જ પૂછ્યું કે, 'તું આ બળદનું ત્રીજું શિંગડું કેવી રીતે કરીશ ? મારી ટોટલ સંપત્તિ તને આપી દઉં તોપણ આ ત્રીજું શિંગડું થવું પૉસિબલ નથી. તો તું કેવી રીતે મેનેજ કરીશ ?'

મમ્મણ શેઠ કહે છે, 'મારા દીકરાઓ વહાણવટું કરે છે. એ ફૂલટાઇમ જૉબ કરે છે. અમે એક સેકન્ડ પણ વ્યર્થ વેડફતાં નથી. (આમેય એ જમાનામાં વૉટ્સેપ, ફેસબૂક, ટ્વિટર વગેરે ક્યાં હતું ?) ટાઇમની કરકસર થાય એ માટે અમે જમવામાં માત્ર ચોળા બનાવીએ છીએ. પ્રમાદ જરાય ન જોઈએ. હું કશો વ્યવસાય નથી કરતો. મારે પૈસા તો કમાવવા છે, પણ વ્યવસાય કરવામાં લૉસ થાય તો ? ક્યાંક પાર્ટી ઊઠી જાય તો ? એટલે નદીમાં તણાઈને આવતાં લાકડાં ભેગાં કરવાનું કામ કરું છું. એ લાકડાં વેચીને પૈસા ભેગા કરું છું. બળદના ચોથા શિંગડાનું મારું બસ એક જ અરમાન છે...'

તમે વિચારો કરો : આને પાંચ ઇન્દ્રિયનાં સુખોમાં કાંઈ ખોટ છે ખરી ? જ્યારે મનનું સુખ ? મનની ડિમાન્ડ આવે ત્યારે ઇન્દ્રિયના બધા ભોગો ભાગી જશે. કોસ્મેટિક લેવા માટે તડકામાં ઊભાં રહેવું પડશે તો ઊભાં રહેશે, દસ દુકાનમાં ફરવું પડશે તો ફરશે, બધું જ કરશે. બ્લિચિંગ કરાવવા જાય અને બ્લિચિંગમાં પાવડર વધારે પડી જાય તો ચામડી બળી જાય એ બધું થશે તો

ચાલશે. જેટલાં કષ્ટ વેઠવાં પડશે એટલાં વેઠીશ, પણ ઇન્દ્રિયનાં સુખો મળવાં જોઈએ. આ કામરાગ આપણે સમજ્યા. પાંચ ઇન્દ્રિયના અનુકૂળ વિષયો માટે અને મનના અનુકૂળ વિષયો માટે એ લોકો કોઈપણ સેક્રીફાઈઝ કરશે એ કામરાગ છે.

સ્નેહરાગમાં લાગણી હોવાના કારણે પાપ જ બંધાશે જ, પણ એમાં માઈલ્ડ પાપ બંધાશે. એ પાપમાં તરતમતા હશે, થોડું સેક્રીફાઈઝ હશે, થોડો ત્યાગ હશે, થોડી આપવાની વૃત્તિ હશે. પાપ તો ડેફિનેટલી બંધાવાનું છે, પણ એમાં થોડી તરતમતા આવશે એટલે ઓછું પાપ બંધાશે.

**★ ભગવાનને પણ સ્નેહરાગ?**

ભગવતી સૂત્રમાં ભગવાન મહાવીર માટે લખ્યું, ગોશાળાને તેજોલેશ્યા શીખવી તેનાં ત્રણ રિઝન હતાં. કલ્પસૂત્રમાં તો એમ કહ્યું છે કે ભવિતવ્યતા એવી હતી, પણ ભગવતી સૂત્રમાં નવાંગી ટીકાકાર અભયદેવસૂરિજી મહારાજ કહે છે કે ત્રણ કારણથી આપી : એક ભવિતવ્યતા, બીજું ગોશાળો ભગવાનની સાથે રહ્યો એટલે ભગવાનને રાગ થઈ ગયો. આમ તો ભગવાનના જીવનચરિત્ર માટે આપણે એવું બોલી પણ ન શકીએ, પણ નવાંગી ટીકાકારે લખ્યું છે એટલે માની લઈએ છીએ કે ભગવાનને એની સાથે રાગ થઈ ગયો. ચિર પરિચયના કારણે ઉત્પન્ન થયેલા સ્નેહરાગને કારણે ભગવાને એને તેજોલેશ્યા શીખવાડી. ભગવાન તો કામરાગ, સ્નેહરાગ બધાથી પર હોવા છતાં ચિર પરિચયના કારણે રાગ થયો. હવે આમાંથી આપણે સમજવું જોઈએ કે ચિર પરિચયથી રાગ પેદા થઈ શકે. રાગ થયા પછી, માણસ કોઈનુંય સાંભળે નહિ. દરેક માબાપે વિચારવું જોઈએ. તમારા સંતાનને કોઈ મુસ્લિમ છોકરા કે છોકરી પ્રત્યે સ્નેહરાગ થઈ જશે તો? તમારે તમારાં સંતાનોને એવી જગાએ ભણાવવાં ન જોઈએ કે જ્યાં કોસ્મો વાતાવરણ હોય. નહિ તો ગમેત્યારે ગમેતેની સાથે રાગ થઈ શકે છે. સારામાં સારા સંસ્કાર આપેલા હોય, તોપણ કોઈકની સાથે છ-છ કલાક રહે તો રાગ વધે જ.

★ સ્નેહરાગ ડુબાડેય ખરો...

આપણે આર્દ્રકુમારની કથા સમજીએ.

આર્દ્રકુમાર અનાર્ય દેશમાં જન્મ્યા છે. એની રાજસભામાં એક વખત શ્રેણિક રાજાનો દૂત આવે છે. તેને આર્દ્રકુમાર પૂછે છે કે તમારા રાજ્યની સૌથી મોટી વિશિષ્ટતા શી છે ? દૂત કહે છે કે , 'મહામંત્રી અભયકુમાર અમારા રાજ્યની સૌથી મોટી વિશિષ્ટતા છે.'

અભયકુમાર વિચારે છે કે ડેફિનેટલી આ કોઈ પુણ્યશાળી જીવ હોવો જોઈએ. પૂર્વભવની વિરાધના કરેલી છે માટે અનાર્ય દેશમાં ઉત્પન્ન થયો છે. ગિફ્ટમાં ભગવાનની એક પ્રતિમા મોકલે છે. વિચારે છે પૂર્વભવમાં ભગવાનની આરાધના કરી હશે તો ભગવાનનાં દર્શન કર્યાં હશે. આપણે ત્યાં ઘણા લોકો ભગવાનનાં દર્શન પણ નથી કરતા. જૈનોની જેટલી વસ્તી છે એ બધી દેરાસરમાં રેગ્યુલર દર્શન કરવા જાય તો લાંબીલાંબી લાઈનો લાગે. અભયકુમાર એને ભગવાનની મૂર્તિ મોકલાવે છે અને એકાંતમાં ખોલવાનું કહે છે. કેમ કે બધાની સામે ખોલશે તો ડિસ્ટર્બ થઈ જશે. એકાંતમાં ખોલતાં જાતિસ્મરણ જ્ઞાન થાય અને એને પૂર્વભવ યાદ આવી જાય તો કામ થઈ જાય. અભયકુમારે ગિફ્ટ પાર્સલ મોકલાવ્યું. એકાંતમાં ખોલ્યું અને જોયું. એને જાતિસ્મરણ જ્ઞાન થયું. હવે વન પોઈન્ટ પ્રોગ્રામ કે કોઈપણ રીતે અભયને મળવું જ છે. એ બીજો કોઈ સવાલ નથી પૂછતો. એ કહે છે કે અભય મારા ગુરુ છે. અભય મારું સર્વસ્વ છે. બધા લોકોને એક જ સવાલ પૂછે છે કે રાજગૃહી નગરી જવાનો રસ્તો કયો ? અભયકુમાર ક્યાં મળે ? એના પિતાને પણ થયું કે આ પંખી ક્યારેક ઊડી જશે અને એ ઊડી જશે તો બધું ખલાસ થઈ જશે. એના પિતા ટેન્શનમાં આવી ગયા. એ રાજકુમાર છે. એના પિતાએ પાંચસો જણની ચોકી રાખી હતી, છતાં એક દિવસ ચોકીદારોને ગફલતમાં રાખી સીધો આર્ય દેશમાં આવી ગયો હતો. મારે જે કહેવું છે એ હવે આવે છે કે અહીં આવ્યો ત્યાં સુધી અભય અભય કરતો હતો. અહીં આવ્યા પછી જે મૂર્તિ હતી. અભયકુમારને પરત મોકલાવી અને સીધી દીક્ષા લઈ લીધી. દીક્ષા લેતી વખતે આકાશવાણી થાય છે કે તારાં ભોગાવલી કર્મ હજી બાકી છે, તું દીક્ષા ન લઈશ. તોપણ એણે દીક્ષા લઈ લીધી. તમે વિચાર કરો કે ધર્મરાગ કેવો

જબરદસ્ત છે ! સરસ મજાની દીક્ષાની આરાધના કરે છે. નિકાચિત કર્મના કારણે આર્દ્રકુમારનાં લગ્ન થયાં. દીકરો પણ થાય છે. દીકરો થયા પછી આર્દ્રકુમાર ફરી પાછી દીક્ષા લેવાની વાત પત્નીને કરે છે, 'હવે તો તારે દીકરો છે એટલે તું એને સહારે જીવી શકીશ.'

દીકરો એક વખત પેલી યુવતી રૂ કાંતવા બેઠી હોય છે ત્યારે પાસે આવીને પૂછે છે : 'તું આવું મજૂરીનું કામ કેમ કરે છે ?' યુવતી જવાબમાં કહે છે કે, 'તારા પિતાજી દીક્ષા લેશે, પછી આપણે મહેનત-મજૂરી કરીને જ ભરણપોષણ કરવાનું છે. એ સિવાય બીજું આપણે શું કરીશું ?' દીકરો કહે છે કે, 'મારા પિતા દીક્ષા નહિ લે, હું જો હમણાં એમને બાંધી દઉં...!' અને એણે એક દોરી લઈને બાંધી દીધી અને આર્દ્રકુમારને કહ્યું કે, 'પિતાજી, હવે તમને મેં બાંધી દીધા છે. તમે કેવી રીતે ભાગી શકશો ? એટલે કહે છે 'ભલે, દીકરા ! મને બાંધવામાં આ દોરીના તેં જેટલા આંટા માર્યા છે એટલાં વર્ષ હું તમારી સાથે ઘરમાં રહીશ, બસ.' દોરીના બાર આંટા હતા એટલે કહ્યું, 'હું તમારી સાથે બાર વર્ષ સુધી ઘરમાં રહીશ...'

દીકરો અહીં બાર આંટા મારે છે એના માટે થઈને બાર વર્ષ.

વિચારજો, જે અભયકુમારથી ધર્મ પામ્યા એ અભયકુમારને મળવા જેટલો પણ દીક્ષામાં વિલંબ ન કરનાર આર્દ્રકુમાર, દીકરા પ્રત્યેના સ્નેહને કારણે બાર-બાર વર્ષ સુધી ગૃહસ્થાવસ્થામાં રહ્યા.

આ સ્નેહરાગે લટકાવ્યો. સ્નેહરાગના કારણે બારબાર વર્ષ સુધી દીક્ષા લટકી. તમને પણ કેવો સ્નેહરાગ છે ! ઘણા લોકો વ્યાખ્યાનમાં ન આવે કે મોડા આવે. એમને કારણ પૂછીએ તો કહે, 'સાહેબ, સવારે ઘરે બહુ મજા આવે. છોકરાંને રમાડવામાં ટાઈમ ક્યાં નીકળી જાય એની ખબર જ ન પડે ! ભલે ને છોકરાઓ તમારી સાથે ડગલે ને પગલે ઉદ્ધતાઈપૂર્વકનું વર્તન કરતા હોય, છતાં તમને છોકરાઓ વહાલા લાગે છે. આ સ્નેહરાગ છે. સ્નેહરાગથી એવા બંધાયેલા હોય કે વ્યાખ્યાનમાં પણ આવે નહિ.

## ★ સાધુ કરતાં શ્રાવક કઈ રીતે મહાન?

હવે દષ્ટિરાગ સમજીએ.

વીતરાગ-સર્વજ્ઞ એ જ ભગવાન હોઈ શકે. શ્રમણ-નિર્ગ્રંથ જ ગુરુ હોઈ શકે. વીતરાગ-સર્વજ્ઞએ પ્રરૂપેલો જ ધર્મ હોઈ શકે. આ યુનિવર્સલ ટ્રૂથ છે. એમાં ત્રણે કાળમાં કોઈ ફેરફાર થઈ શકે નહિ. એનાથી વિપરીત માન્યતા એ દષ્ટિરાગ.

જીવને ક્રોધાધિ કષાય ક્યારેય સુખ ન આપી શકે. ક્રોધાદિ કષાયમાં સુખની બુદ્ધિ એ દષ્ટિરાગ.

કામરાગ-સ્નેહરાગમાં ઉપાધ્યતાની માન્યતા તે દષ્ટિરાગ.

દષ્ટિ =દુરાગ્રહ.

દુરાગ્રહને સરળતાથી સમજવા માટે ત્રણ અર્થ કરીએ :

૧. દેવ-ગુરુ-ધર્મની બાબતમાં દુરાગ્રહ.

૨. સ્વદોષના પક્ષપાતમાં દુરાગ્રહ.

૩. ખોટી માન્યતામાં દુરાગ્રહ.

ઉદાહરણ આપું. અમુક સંપ્રદાય માને કે દુનિયા ભગવાને બનાવી છે. આપણે તટસ્થતાથી પૂછીએ કે ભગવાનને દુનિયા બનાવવાની જરૂર કેમ પડી ? દુનિયા ન બનાવે તો ભગવાનને શો ફરક પડે ? એકેય જવાબ સંતોષકારક ન મળી શકે. સપૉઝ, ભગવાને દુનિયા બનાવી તો એક અમીર અને એક ગરીબ, એક અપંગ અને એક બહેરો-મૂગો, એક મૂર્ખ અને એક હોશિયાર આવી વિચિત્ર દુનિયા કેમ બનાવી ? ભગવાન સારી વ્યક્તિ છે કે ખરાબ ? જો સારી વ્યક્તિ છે તો આવી વિચિત્ર દુનિયા કેમ બનાવે ? જો આવી વિચિત્રતા કર્મને અધીન છે તો ભગવાનની ભૂમિકા શી ?

તર્કબદ્ધ રીતે પદ્ધતિપૂર્વક સમજાવવા જાવ તોપણ એ સમજવા માટે તૈયાર જ ન થાય. આનું નામ દષ્ટિરાગ. આવો દષ્ટિરાગ તમને ઠેરઠેર જોવા મળશે.

કેટલાક લોકો કહે છે કે : અમે દેરાસર નથી જતા, અમે ટીલાંટપકાંમાં નથી માનતા. અમે અંદરથી બહુ સાફ છીએ. અમે જાણીએ છીએ કે દેરાસરે

જનારા લોકો કેવા હોય છે... એટલે એમના મતે દેરાસર જવું નકામું અને વ્યર્થ છે.

પૉસિબલ છે કે દેરાસર જનારા બે-પાંચ જણ ખરાબ પણ હોઈ શકે અને દેરાસર નહિ જનારા બે-પાંચ જણ સારા પણ હોઈ શકે. એવું પણ બની શકે ને કે રોજરોજ ઑફિસ જનારો આદમી ફૂટી કોડીય ન કમાતો હોય (ક્યારેક તો ખોટ કરીને પણ આવતો હોય) અને ઘરે રહેનારો ફોન પર સોદા કરીને મબલક કમાતો પણ હોય. સામાન્ય નિયમ એવો છે કે સ્કૂલે જાય તો ભણે, ઑફિસે જાય તો કમાય, દેરાસરે જાય તે ધર્મ કરે. અમુક લોકોની માન્યતા કેવી કે આપણે તો દયાભાવમાં માનીએ. ભૂખ્યા ગરીબોને ખવડાવવું એ જ ધર્મ છે. હવે આપણે પૂછીએ કે ભગવાન મહાવીર દીક્ષા લીધા પછી કોઈ ગરીબને ખવડાવતા હતા? કોઈ સાધુ મહારાજ અત્યારે કોઈ ગરીબને ખવડાવે? ગૃહસ્થો અમને જોઈએ એટલી ગોચરી વહોરાવતા હોય, છતાં અમે વધારે વહોરીને ગરીબોને ખવરાવવા કેમ નથી જતા? દયા એ જ ધર્મ હોય તો અમે એવી દયા નથી કરતા, તો અમે કેવા કહેવાઈએ? તમને ધર્મની વ્યાખ્યા જ ખબર નથી. દયા કોને કહેવાય, ભક્તિ કોને કહેવાય. દયા કોની અને કઈ ભૂમિકાવાળાએ કરાય, દયાથી ચઢિયાતો ધર્મ શો, એનાથી નીચો ધર્મ શો, અનુકંપા ક્યારે કરાય - એવી કંઈ જ ખબર એને નથી. એટલે એ શું માને? હું તો ગરીબોને ખવડાવું. આપણે તો પશુ-પંખીની દયામાં માનીએ. આપણે મૂગા જીવો કતલખાને જતા હોય એમને બચાવવામાં માનીએ. આપણે આ સામાયિક-પ્રતિક્રમણમાં માનતા નથી.

અમે સાધુઓ લાઈફટાઈમનું સામાયિક લઈને બેઠા છીએ, શું એ ખોટું છે? કતલખાને જતી પશુઓ ભરેલી ટ્રકને બચાવવા જાનના જોખમે ઘણા શ્રાવકો જાય છે. હું અહીંથી એવી એક પણ ટ્રક પકડવા જતો નથી. તો અમારા બેમાં ઊંચો કોણ? લોકોને ખબર જ નથી. અમારે ત્યાં આવીને પણ બોલે કે ફલાણા ભાઈનું જીવન જોઈએ તો મહારાજસાહેબ કરતાં ચઢી જાય. એ શ્રાવક કેવી રીતે મ.સા. કરતાં ચઢી જાય?

સપૉઝ, એક શ્રાવક એકાસણાં કરે છે અને એક સાધુમહારાજ છૂટું મોં રાખે છે, તો આ બેમાં ઊંચું કોણ?

સપૉઝ, એક શ્રાવકને માસક્ષમણ ચાલે છે અને મ. સા. રોજ માત્ર નવકારશી જ કરે છે, તો એ બેમાં ઊંચું કોણ?

સપૉઝ, હું નવકારશી વાપરીને બેઠો છું અને મને પગ દુખે છે. મેં પગ લાંબા કર્યા અને બાજુમાં એક શ્રાવક બેઠો છે, મુમુક્ષુ છે, એને માસક્ષમણ પણ છે. તો અમારા બેમાંથી કોના પગ દબાવો તો વધારે પુણ્ય બંધાય?

સવાલ એ છે કે ત્યાગ કોનો વધારે છે? મહાનતાનો માપદંડ ત્યાગ છે એ ન ભૂલવું જોઈએ.

માસક્ષમણવાળા શ્રાવકને કંઈ કામ પડે તો વીસમે માળે જવા માટે લિફ્ટ વાપરશે, હું જઈશ લિફ્ટમાં? એને ખબર પડે સોનાના ભાવ વધે એમ છે તો સીધા એમસીએક્સમાં બે સોદા નાખી દેશે, હું નાખીશ? એને બધાં વાહન વાપરવાની છૂટ્ટી છે, મારે છે? એને ગરમી લાગશે તો પંખો ચાલુ કરશે, હું કરીશ? એને કેટલાં પચ્ચક્ખાણ છે અને મારે કેટલાં પચ્ચક્ખાણ છે? હું માત્ર નવકારશી કરું છું એમાં પણ મારી કન્ડિશન્સ છે કે હું વાપરું એ વાનગી મારે માટે ન બનેલી હોય, મેં ના કીધું હોય, મેં ન કરાવ્યું હોય અને એની અનુમોદના પણ ન કરું એવી ગોચરી જ મારે ખપશે. એટલે મ. સા. ભલે ત્રણ ટાઈમ વાપરતા હોય એને કાંઈ માત્ર ખાવાનાં જ પચ્ચક્ખાણ છે? શ્રાવક સુંવાળા ગાદલા પર સૂઈ જશે કે નહિ? એને કહીએ ગુલાબ સૂંઘીશ તો અનુકૂળતા રહેશે.હું ગુલાબ સૂંઘીશ? એણે માસક્ષમણ કર્યું છે. એમાં ટીવી જોવાનાં પચ્ચક્ખાણ નહિ આવે, હું ટીવી જોઈશ? એટલે મારા અનેક પચ્ચક્ખાણ છે અને તમારું એક જ છે. એ પણ થોડા સમય માટે. મોટા ભાગના લોકો આ ભેદરેખા સમજતા જ નથી હોતા. એટલે બોલી નાખે કે ફલાણા શ્રાવક તો મ. સા કરતાં ઊંચું જીવન જીવે છે. કોઈ શ્રાવક કે ગૃહસ્થ જીવદયા કરે એ સારી વસ્તુ છે, અનુકંપા કરે એ અનુમોદનીય વાત છે. પ્રાણીઓને બચાવે છે, જીવદયાનાં કામ કરે છે, ગરીબોને દાન કરે છે એ વસ્તુ ખરાબ નથી. પણ એ વસ્તુને તમે મ. સા. સાથે કંપેર કરો, યે બાત કુછ હજમ હોને વાલી નહિ... તમને કોઈ પૂછે કે, 'રાજુ ગાયને ઘાસ ખવડાવે છે. અલ્પેશ સામાયિક કરે છે. અલ્પેશને સામાયિક કરવામાં પૈસા ન લાગે, જ્યારે

રાજુને તો ઘાસના પૈસા લાગશે. આ બંનેમાં ઊંચો ધર્મ કયો ?

રાજુ ઘાસ ખવડાવશે એટલે ગાયની ભૂખ દૂર કરશે, જ્યારે અલ્પેશે સામયિક લીધું એટલે ૪૮ મિનિટ માટે એક પણ જીવની હિંસા નહિ કરવાનું પચ્ચખાણ લીધું.

રાજુ ઘાસ ખબડાવવા બાઈક લઈને જઈ શકે, તો આગળ અળસિયાં, કીડી, મંકોડા વગેરે મરી જઈ શકે. ઘાસ ખબડાવતાં-ખવડાવતાં મોબાઈલ પર ધંધાની વાત પણ કરી શકે છે. જ્યારે અલ્પેશ સામાયિક પૂરતું એક પણ જીવની હિંસા નહિ કરે. દુનિયામાં અનંતાનંત જીવોને અભયદાન આપ્યું.

સામાયિકમાં અનેકને અભયદાન, ઘાસ ખવડાવવામાં એક જીવનું જ માત્ર ભૂખશમન.

સાચું બોલો, આવું સામાયિક કરવાનું મન તમને થાય ? વ્યાખ્યાનમાં એક કલાક બેઠા જ છો તોપણ કરો ? સામાયિકનાં કપડાં બદલવાં, સામાયિક લેવું અને પારવું, આ બધી ઝંઝટ કોણ કરે ? તો પછી ચોર્યાશીનાં ચક્કર કેવી રીતે અટકશે ?

**★ દૃષ્ટિરાગના ત્રણ પાયા**

દૃષ્ટિરાગમાં ત્રણ વસ્તુ આવશે. દૃષ્ટિરાગના ત્રણ પાયા છે :

૧. સ્વદોષદર્શન નહિ, ૨. દેવ-ગુરુ-ધર્મ માટે વિપરીત માન્યતા, ૩. ખોટી માન્યતા.

ધર્મની બાબતમાં એવી માન્યતા કે દાન લિમિટમાં કરવાનું. 'લિમિટ' શબ્દ દૃષ્ટિરાગનો દ્યોતક છે. ભગવાને તો કહ્યું છે કે દાન યથાશક્તિ કરવાનું. 'યથાશક્તિ' કેવો સરસ શબ્દ ! શબ્દને ખોલતાં આવડે તો ભાવવિભોર થઈ જવાય. કુમારપાળ મહારાજે પાંચ કોડીનાં ફૂલ ચઢાવ્યાં હતાં. વ્યવહારથી પાંચ કોડી જ, પણ નિશ્ચયનયથી સેન્ટ પર્સન્ટ પોતાની સઘળી મૂડી આપી દીધી હતી. આપણે આ બધું સમજતા નથી એટલે માત્ર પાંચની ફિગર પકડીએ. કુમારપાળે પાંચ કોડી મૂકી હતી. પાંચ કોડીમાં અત્યારે કંઈ આવતું જ નથી, પણ એ પાંચ કોડી છે એ પૂરા હંડ્રેડ પર્સન્ટ છે. શક્તિથી અતિરેક ધર્મ નથી કરવાનો, ઓછો પણ નથી કરવાનો.

દૃષ્ટિરાગ : તમે ધર્મક્ષેત્રે દાન કરીને ઘરે જશો, તો સીધી રામાયણ શરૂ થઈ જશે : 'આટલા બધા પૈસા લખાવ્યા ! દરવખતે લખાવવાના ? હવે ચોમાસું આવી જ રહ્યું છે અને ચોમાસાના ફંડમાં લખાવવાના જ હતા, તો અત્યારે દસદસ રૂપિયાની પ્રભાવના કરવાની શી જરૂર હતી ? આ બધી માન્યતાઓ દૃષ્ટિરાગની છે. દૃષ્ટિરાગથી ખોટી માન્યતાઓ આવશે. આમ ન કરાય, તેમ ન કરાય. તપ પણ નૉર્મલ કરાય, શરીરને નુકસાન થાય એવું કરાય ? આ દૃષ્ટિરાગનું વાક્ય છે. જ્યારે ભગવાન કહેશે સમાધિ જોખમમાં આવે તેવો તપ ન કરાય. કામરાગ અને સ્નેહરાગ પાપનો બંધ કરાવશે. જ્યારે દૃષ્ટિરાગ ક્યારેક પુણ્ય બંધાવશે. તમે અમુક દર્શનને માનો તો પુણ્ય પણ બંધાય કારણ કે એ દર્શન જે દાન-તપ વગેરે શીખવશે એનું તે જીવ આચરણ કરીને પુણ્ય બાંધશે. પરંતુ જો વિવેક નહિ હોય તો પાપનો અનુબંધ પાડશે. પાપનો અનુબંધ પાપની પરંપરા ચલાવ્યા કરશે. તમે ખોખો ગેમ રમ્યા છો ને ? ખોખોમાં એક ખેલાડી દાવ લઈને ભાગે અને એને બીજો છોકરો ખો આપે, પછી બીજો ભાગે અને એને કોઈ ત્રીજો ખો આપે. એક પછી એક ખો આપીને રમત રમવાની. એમ દૃષ્ટિરાગ ખો આપ્યા કરશે. આખું જગત કામરાગથી ગ્રસ્ત છે. જ્યાં નજર કરશો પાંચ ઈન્દ્રિયના વિષય સિવાય બીજું કાંઈ દેખાશે નહિ અને આના માટે જ પુરુષાર્થ દેખાશે. દૃષ્ટિરાગ તમારા કામરાગ અને સ્નેહરાગને જીવંત રાખશે. તમને એમ જ લાગશે કે જીવનમાં કામરાગ, સ્નેહરાગ ન હોય તો કરવાનું શું ? દૃષ્ટિરાગ કહેશે કે જીવનમાં ધર્મ કરવાની ના નથી. ક્યારેક સામાયિક કરવાનું, આઠમ-ચૌદસ હોય તો પ્રતિક્રમણ પણ કરવાનું. એની કોઈ ના નથી, પણ જીવનમાં થોડી મજા જોઈએ. દૃષ્ટિરાગ કહેશે કે ધર્મ કરવો જોઈએ પણ શું લાઈફમાં મજા ન હોય ? ફરવાનું ન હોય ? આખો દિવસ બસ સામાયિક જ કર્યા કરવાનાં ? દૃષ્ટિરાગ આવી માન્યતાઓથી ઘેરી લેશે. તમે કદાચ આખી જિંદગી ફરશો તો પાપ બંધાશે - નુકસાન થશે, પણ તમે ફરવાનું આવશ્યક માની લેશો તો કૂટાઈ જશો - મહાનુકસાન થશે. દૃષ્ટિરાગ તમારા કામરાગ અને સ્નેહરાગને બરાબર પકડી રાખશે અને એને ખોટા માનવા જ નહિ દે.

॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥

## પ્રકરણ-૧૦

કામરાગસ્નેહરાગાવીષત્કરનિવારણૌ ।
દૃષ્ટિરાગસ્તુ પાપીયાન્ દુરુચ્છેદઃ સતામપિ ॥

**વીતરાગસ્તોત્ર-૬, પ્રકાશ ૧૦ શ્લોક**

સંસારરૂપી રોગનું મૂળ અજ્ઞાન છે. અજ્ઞાન દૂર થઈ જાય તો સુખ સાવ હાથવગું છે. આપણને અજ્ઞાન દુઃખરૂપ લાગે છે અને અજ્ઞાન માટે તો આપણને ભરપૂર દ્વેષ પણ છે, તેથી આપણે અજ્ઞાનને દૂર કરવું છે. ભગવાન પણ કહે છે કે તમામ દુઃખોનું મૂળ અજ્ઞાન છે અને આપણનેય અજ્ઞાન ફાવતું નથી, તો પછી ભગવાન સાથે આપણી ફ્રેન્ડશિપ જામવી જોઈએ ને ? આપણને જે વસ્તુ નથી જોઈતી એને જ કાઢવાની વાત ભગવાન પણ કરે છે, તો પછી આપણી અને ભગવાન વચ્ચે પ્રૉબ્લૅમ ન જ રહે ને ? સામેવાળા તમને રસમલાઈ જમવા ઇન્વાઇટ કરે છે અને તમારે પણ રસમલાઈ જ ખાવી છે. એ ઉપરાંત પિત્ઝા, પાસ્તા, બર્ગર વગેરે તમારે જે કંઈ ખાવું છે એ સામેવાળો પીરસે છે તો તમારે કે એને કોઈ પ્રૉબ્લૅમ આવે ખરો ? કૉંગ્રેસને અ.બ.ક. વડાપ્રધાન નથી જોઈતા અને ભારતીય જનતા પક્ષને પણ અ.બ.ક. વડાપ્રધાન જ નથી જોઈતા, છતાં બંને વચ્ચે મતભેદ છે. એ જ રીતે ભગવાનને અજ્ઞાન નથી જોઈતું અને તમારે પણ નથી જોઈતું, છતાં મતભેદ છે, એમ કેમ ?

આપણે અજ્ઞાનનો અર્થ જ્ઞાનનો અભાવ કરીએ છીએ, જ્યારે ભગવાન અજ્ઞાનનો અર્થ વિપરીત જ્ઞાન કરે છે. ભગવાનને મિથ્યાજ્ઞાન સાથે મોટો વાંધો છે. આપણને અજ્ઞાન સામે વાંધો છે. માટે વિરોધ છે.

હાલના તબક્કે ગમેતેટલું અજ્ઞાન હશે તો ચાલશે. સાધના આગળ વધતી જશે તેમતેમ જ્ઞાન પ્રાપ્ત થતું થશે અને અજ્ઞાન ઓગળતું જશે. 'હું કોણ' અને 'મારું કોણ' આ વિઝન ક્લિયર થાય તો જગ જીત્યા ! આ બે બાબતો સ્પષ્ટ થઈ જાય તો દુનિયાનું બધું અજ્ઞાન તમારામાંથી ક્રમસર નીકળી જશે.

વૈજ્ઞાનિકો કહે છે મચ્છર કરડે છે ત્યારે એ પોતાના ડંખની સાથે આપણા શરીરમાં કંઈક એવાં ઈંડાં ઘૂસાડે છે કે જેના કારણે મલેરિયા, ડેન્ગુ વગેરે રોગ થાય છે. એવી રીતે આ અજ્ઞાનરૂપી મચ્છર મોહરૂપી ઈંડું મૂકી દે છે અને એ મોહનું ઈંડું રાગ અને દ્વેષનાં બીજાં ઈંડાં મૂકી દે છે. એમાંથી જ ધીમેધીમે બધી પારાયણ શરૂ થાય છે. આપણે અજ્ઞાન સુધી પહોંચવું હોય તો? અજ્ઞાનથી મોહરૂપી ઈંડું અને મોહરૂપી ઈંડાથી રાગ-દ્વેષરૂપી ઈંડું. એમાં આપણે રાગરૂપી ઈંડાને સમજી રહ્યા છીએ. ત્રણ પ્રકારના રાગ સમજવાનું આપણે શરૂ કર્યું હતું : કામરાગ, સ્નેહરાગ અને દૃષ્ટિરાગ. કામરાગ એટલે પાંચ ઈન્દ્રિયના અનુકૂળ વિષયોની ઈચ્છા.

**★ કાયાની કુરૂપતા, છતાં કામરાગનું કામણ**

કામરાગને સમજવા એક નવું ઉદાહરણ લઈએ. નંદીષેણ ગરીબ બ્રાહ્મણનો છોકરો છે. એનાં પૅરન્ટ્સ મૃત્યુ પામ્યાં છે. એનું આખું શરીર કદરૂપું છે. બિલાડા જેવી આંખો છે, પેટ ગાગર જેવું છે, હોઠ ઊંટ જેવા લાંબા અને લબડતા છે. છતાં તમને ઊંટ પર બેસવાની મજા આવે, ઊંટને સારાં વસ્ત્રો પહેરાવેલાં હોય તો એની સાથે સેલ્ફી પણ પાડો ને ? ખરેખર ઊંટમાં કશી સુંદરતા ખરી ? એના શરીરની એક ટિપિકલ દુર્ગંધ હોય છે. એનાં અઢારે અંગ વાંકાં હોય છે. એવા ઊંટ પર પણ બેસવાની તમને મજા આવે. છ રી'પાલિત સંઘમાં સામાનની હેરફેર માટે ઊંટ રાખ્યાં હોય તો સાંજે ઊંટ પર સવારીની સહેલ માણવા તમારા જેવા જતા હોય છે. એમાં પણ પલાણ ન હોય તો ઊંટ પર બેસવાથી બધાં અંગો દુઃખવા માંડે. આવા અઢાર વાંકા અંગવાળા ઊંટ ઉપર પણ બેસવાનું તમને ગમે છે.

આપણે વાત ચાલતી હતી કે કામરાગ કેવો છે.

મા-બાપ વગરના બાળક નંદીષેણનું શરીર અત્યંત કદરૂપું છે. કોઈ એને રાખવા કે એની સામે જોવાય તૈયાર નથી. એના મામાને થોડી લાગણી થઈ. એમણે કહ્યું, 'તું મારા ઘરે રહેજે.' મામાના ઘેર રહીને ઉછરતા નંદીષેણે કાળક્રમે યૌવનના ઊંબરે પગ મૂક્યો. જેના આખા શરીરે સૂગ ચઢે એવી ગાંઠો હોય, માત્ર આંખો જ દેખાતી હોય, ચામડીમાંથી દુર્ગંધ છલકાતી હોય એને

કોણ કન્યા આપે ? આવા રોગીને પરણવાનું મન થાય છે એમ નંદીષેણને પણ થયું.

કિન્તુ કામરાગ છે જ એવો ! એ એવીએવી ઇચ્છાઓ કરે કે આપણને હસવું આવે. આપણે બીજા લોકોની એવી ઇચ્છાઓ સાંભળીએ એટલે આપણને હસવું આવી જાય, પણ આપણી ઇચ્છાઓય ક્યાં એનાથી જુદી છે ? આપણને આપણી ઇચ્છાઓ પર કેમ હસવું આવતું નથી ? એ આપણી મૂર્ખામી જ છે...

નંદીષેણને પણ એવી જ ઇચ્છા છે. એના મામા એને યોગ્ય કન્યા મળે એ માટે ઘણા ટ્રાય કરે છે, પણ કોઈ એને કન્યા આપવા તૈયાર નથી થતું. મામાને ભાણેજ નંદીષેણ પર સ્નેહરાગ હોવાના કારણે કહે છે, 'તું ચિંતા નહિ કર. મારી સાત દીકરીઓ છે, એમાંથી એક હું તને આપીશ.' એ જમાનામાં મામા-ફોઈનાં છોકરાંનાં લગ્ન થતાં હતાં. મામાની દીકરીઓ લગ્ન જેવડી થતાં વારાફરતી એમને મામા કહે છે, 'તું નંદીષેણ સાથે લગ્ન કર.' દરેક દીકરીનો નકારમાં જવાબ મળ્યો. કહે, 'નંદીષેણ સાથે મારાં લગ્નની વાત કરશો તો હું આપઘાત કરીશ.' સાતેસાત દીકરીઓએ ના પાડી દીધી.

મામાનેય નંદીષેણનું રૂપ ગમતું તો નથી જ, છતાં સ્નેહરાગથી પોતાની દીકરી આપવા તૈયાર થયા હતા. એમણે ઘણા પ્રયત્નો કર્યા, દીકરીઓને સમજાવવાની ઘણી કોશિશો કરી. એમાં મામાનો સ્નેહરાગ હતો. મામાને દીકરીઓ પર પણ સ્નેહરાગ છે જ, છતાં નંદીષેણ પ્રત્યે પ્રબળ સ્નેહરાગ છે. એટલે પોતાની દીકરી એવા કદરૂપાને આપવા માગે છે. એક જ વ્યક્તિમાં કામરાગ અને સ્નેહરાગ બંને હોઈ શકે. સ્નેહરાગ બંને પક્ષ તરફ પણ હોઈ શકે. હા, કોઈના માટે વધારે હોય અને કોઈના માટે ઓછો હોઈ શકે. અહીં ભાણેજ નંદીષેણ પર અધિક સ્નેહરાગ છે, તેથી એ પોતાની દીકરીનાં લગ્ન એની સાથે કરવા માગે છે.

નંદીષેણને શરીર કદરૂપું હોવા છતાં કામરાગને લીધે પરણવાની ઇચ્છા છે. તમને તરત થશે કે અમે ભલે રૂપાળા નથી, પણ નૉર્મલ તો છીએ જ ને ! તો પછી અમને લગ્નની ઇચ્છા થાય તો એમાં ખોટું શું ? તો સાંભળો,

તમારા શરીરની અપેક્ષાએ નંદીષેણનું શરીર કદરૂપું લાગે છે, એમ તમે પણ દેવલોકના દેવતાઓના રૂપની અપેક્ષાએ તો કદરૂપા જ છો. દેવતાઓને મનુષ્યોના શરીરમાંથી ભયંકર દુર્ગંધ આવે છે. અરે, દેવતાની વાત છોડો, કોઈને શારીરિક પ્રૉબ્લેમના કારણે અત્યારે વ્યાખ્યાન-હૉલમાં સંડાસ થઈ જાય તો શું થાય ? આજની વાત પણ છોડો, તમને એટલું જાણવા મળે કે ગઈકાલે અહીં એક જણ સંડાસ કરી ગયું હતું તોપણ તમે સૂગ ચઢાવીને તરત ઊભા થઈ જશો. ગંદકીની વાત ગઈકાલની છે, આજે જગા સાફ હોવા છતાં અણગમો થઈ જાય છે. આવો મળ આપણે ચોવીસે કલાક આપણા પેટમાં, શરીરમાં સાથે ને સાથે જ લઈને ફરીએ છીએ ! આપણને તો બીજાના આવા ગંદા શરીર પ્રત્યે આકર્ષણ પણ થાય છે. બહારથી ભલે રૂપાળી કાયા લાગતી હોય, ભીતર તો મળ-મૂત્ર, હાડ-માંસ વગેરેની ગંદકી ભરેલી છે જ ને ! આવું આકર્ષણ કરાવનાર છે કામરાગ. નંદીષેણને પણ આવો કામરાગ બહેકાવે છે. યુવાન થયો તોપણ કોઈ એની સાથે લગ્ન કરવા હા પાડતું નથી. આખરે તે આપઘાત કરવા જાય છે.

### ★ તમેય 'નંદીષેણ' જ છો ને !

નંદીષેણની હવે પછીની વાત અહીં અપ્રાસંગિક લાગશે, તેથી એના પર પૂર્ણવિરામ મૂકી દઈએ. મૂળ મર્મ એ સમજવાનો છે કે શરીર કદરૂપું હોવા છતાં વિષયોની ઇચ્છા ટળતી નથી. મેં તમને ઉદાહરણથી સમજાવ્યું કે ઊંટમાં કશી સુંદરતા નથી, તોપણ તમને ઊંટ પર બેસવાની મજા આવે. માઉન્ટ આબુ પર કે જૂહુ-ચોપાટી પર તમને ઊંટની સવારી કરવાનું મન થાય છે. તમેય 'નંદીષેણ' જ છો ને ! કોઈ ઘરઘાટી કહે કે મારે ફલાણી હીરોઈન સાથે લગ્ન કરવાં છે, તો આપણે એને કહીશું કે તારું ખસકી ગયું છે. તારી સાથે લગ્ન કરવા કઈ હીરોઈન તૈયાર થશે ? આપણને ખબર જ નથી પડતી કે આપણી ડિમાન્ડ્સ કેટલી વિચિત્ર છે ! કામરાગ આપણને આપણી ભીતરની વિચિત્રતાઓ જોવા જ નથી દેતો. એ તો જાતભાતની ઇચ્છાઓ કર્યા કરશે અને ઇચ્છા હોવી જ જોઈએ એમ કહીને એ ઇચ્છાઓને વાજબી ઠેરવવાનું કામ દૃષ્ટિરાગ કરશે. પાંચ ઇન્દ્રિયના વિષયોની ઇચ્છાઓ કામરાગ કરશે અને એ ઇચ્છાઓ બરાબર છે, જેન્યુઇન છે, એવી મહોર દૃષ્ટિરાગ મારશે.

અહીં ભગવાને સરસ વ્યવસ્થા બતાવી છે. ભગવાને કહ્યું કે શ્રાવકની કોઈપણ ભૂમિકામાં હિંસા વગર જીવી જ નહિ શકાય, શ્રાવકની ભૂમિકામાં પૉસિબલ છે કે અશુભ રાગ વગર જીવી શકાય, કિન્તુ હિંસા વગર નહિ જ જીવી શકાય.

**★ રાગમુક્ત જીવવાનું પૉસિબલ છે...**

કામરાગ, સ્નેહરાગ અને દૃષ્ટિરાગ અશુભ છે. એ કાઢવા હોય તો આરામથી કાઢી શકાય. ભગવાને પોતાનું જીવન એ રીતે જીવીને ઉદાહરણ બતાવ્યું છે. એક પૂર્વવર્ષ બરાબર ૭૦૫૬૦ અબજ વર્ષ, એવાં ૮૩ લાખ પૂર્વવર્ષ સુધી ભગવાન સંસારમાં રહ્યા અને એક પૂર્વ દીક્ષાજીવનમાં રહ્યા. ૮૩૦૦૦૦૦ પૂર્વવર્ષ સુધી ભગવાને કામરાગ, સ્નેહરાગ અને દૃષ્ટિરાગ વગર જીવી બતાવ્યું. ગૃહસ્થપણામાં વાયુકાય-જળકાયના સૂક્ષ્મ જીવોની હિંસા જાણ્યે-અજાણ્યે થવાની જ. એકેન્દ્રિય, બેઈન્દ્રિય જીવોની હિંસા પણ થાય. હિંસા વગર જીવવું હોય તો સાધુજીવનનો કોઈ વિકલ્પ નથી !

ભગવાનને ઇન્દ્રિયના વિષયોની જબરદસ્ત અનુકૂળતા મળતી હોય છે. આપણને એવી અનુકૂળતા મળે તો ગાંડા થઈ જઈએ. સપૉઝ, તમારા ઘરે પુત્રજન્મ થાય અને મુકેશ અંબાણી તમારા છોકરાને રમાડવા આવે તો કેવો ઘૂઘરો લાવે ? ઘોડિયું લાવે તો એ ઘોડિયું કેવું હોય ? ભગવાન જન્મ્યા ત્યારે સ્વયં દેવતાઓ એમનાં દર્શન કરવા આવેલા ! એ દેવતાઓ કેવો ઘૂઘરો લઈને ગયા હશે ! એ ઘૂઘરાની કલા-કારીગરી કેવી હશે !

ભગવાનને પાંચે ઇન્દ્રિયના સુખના જબરદસ્ત વિષયો મળેલા. દેવતાઓ એમને મેરુપર્વત પર લઈ જાય, ત્યાં એમનો અભિષેક થાય, ઇન્દ્રિયના ખોળામાં બેસેલા ભગવાનને રંગબેરંગી સુવર્ણકળશ દેખાશે. ઇન્દ્રિયસુખના એકસ્ટ્રા ઓર્ડિનરી વિષયો મળશે. ત્યાં અભિષેક કરવા આવેલા રૂપવાન દેવતાઓને ભગવાન જુએ છે. વૈરાગી સાધુઓ પણ દેવતાનું રૂપ જુએ ને તો નિયાણું કરે, એવું એમનું રૂપ ક્યારે જોવા મળ્યું ? જન્મ પછી કલાક-બે કલાકમાં જ ! ઈન્દ્રની આજ્ઞાથી રૂપરૂપના અંબાર દેવતાઓ સુંદર વસ્ત્રાભૂષણો સજીને - કેવા બનીઠનીને આવ્યા હોય ! અને ત્યાં નૃત્ય કેવું આહ્‌લાદક કરે ! ભક્તિ કેવી ભાવભરી કરે ! સંગીત કેવું મધુરું

ગાય !

એક પિક્ચરનું ગીત ખૂબ લોકપ્રિય બન્યું હશે. એક યુવાન કહે 'મેં પાંચસો કિલોમીટરનો પ્રવાસ કર્યો, અઢીસો કિલોમીટર જવાના અને અઢીસો કિલોમીટર આવવાના. આખા રસ્તામાં બસ એ એક જ ગીત સાંભળ્યા કર્યું. એક જ ગીત સતત રીવાઈંડ કરી-કરીને સાંભળ્યું. સાહેબ, એ ગીત સાંભળવાની એટલી મજા આવે કે ન પૂછો વાત ! હવે તમે વિચારજો, દેવલોકમાં સંગીત કેવું અદ્ભુત હશે ! એવું દિવ્ય સંગીત જન્મતાંની સાથે સાંભળવા મળે, અલૌકિક રૂપ જોવા મળે, ઈન્દ્રના હાથનો મૃદુ સ્પર્શ મળે - તો આપણને કેવાકેવા રાગ પેદા થઈ જાય ! ઈન્દ્રના હાથમાં ભગવાનને બેસવા મળ્યું. કેવો અત્યંત કોમળ સ્પર્શ મળ્યો ! નાયગ્રા ફોલ્સ કરતાં પણ મોટા કળશથી ભગવાન પર અભિષેક થાય, એ કળશની ઘૂઘરીના મધુર અવાજ આવતા હોય, નૃત્ય ચાલતું હોય... આવા વિષયો જોવા છતાં ભગવાનને એક પણ ઈન્દ્રિયના વિષયની ઈચ્છા નથી થતી ! ભોગનાં જબરદસ્ત નિમિત્તો મળે છે, બધા ભોગો પ્રત્યક્ષ છે. છતાં ક્યાંય કામરાગ પેદા થતો નથી.

### ★ દેરાસર દેવાલય કરતાં વધારે સુંદર હોવું જોઈએ

દેરાસરમાં કોઈ વખત તમે પહેરેલાં પૂજાનાં કપડાં જોઈએ તો દયા આવે ! ધોતિયું મસોતા જેવું મેલું. પૂજાનાં કપડાંની વર્ષોજૂની એ જ જોડ. જૂના કપડાના બદલામાં પ્લાસ્ટિકની ડોલ વેચવાવાળીને આપો તો તમારી પૂજા-જોડના બદલામાં પ્લાસ્ટિકની ચમચી પણ આવે ? ઈવન, ભિખારીને આપો તો એ પણ ન લે ! અરે ! તમને જોઈને કોઈ સમજુ શ્રાવકને કદાચ વિચાર આવી જાય કે ૧૦૦૦, ૨૦૦૦ રૂપિયાની પૂજાજોડથી તમારી ભક્તિ કરવા જેવી છે. ભગવાનનું અંગલૂછણું પણ જીર્ણ અને કાણાંવાળું. દેરાસર પણ ગંદુ. ગમે ત્યાં ગમે તે વસ્તુ પડેલી હોય. ભંડાર જુઓ તો એલ્યુમિનિયમનો અને ક્યાંક કોઈ છેડેથી એનું પતરું પણ ઊખડી ગયેલું હોય ! તમારા ઘરની એકએક વસ્તુ જુઓ. તમારો સોફા કેવો હોય, એના કલર કેવા હોય, સોફા પસંદ કરવામાં કેટલો બધો ટાઈમ આપો ! તમારા સંડાસમાં ટાઈલ્સનું કલર કોમ્બિનેશન કેવું દિલ અને દિમાગ દોડાવીને કર્યું હોય ! જ્યારે કેટલાંક દેરાસરોમાં તો કેવું હોય ? ગમે ત્યાં લખી નાખ્યું હોય 'ભંડારમાં પૈસા નાખો',

'મોબાઈલ સ્વિચઓફ રાખો' વગેરે. પચ્ચક્ખાણનું પાટિયુંય કેવું ગંદુ હોય? તમારા ઘરમાં તો બધું વ્યવસ્થિત હોય!

એક સ્તવનમાં લખ્યું છે:

'સુંદરતા સુરસદનથી અધિક, જિહાં શોભે પ્રાસાદ!'

આદર્શ એવો છે કે દેરાસરો દેવાલયો કરતાં પણ સુંદર હોવાં જોઈએ, કિન્તુ વાસ્તવિકતા એ છે કે કેટલાંક દેરાસરો તમારા સામાન્ય ઘર જેટલાંય સુંદર અને સ્વચ્છ નથી. દેવલોકનાં દેવાલયો કરતાં દેરાસરોને રળિયામણાં ન કરી શકો તો કંઈ નહિ, પણ એટલિસ્ટ તમારા ઘર કરતાં તો સ્વચ્છ-સુંદર કરો! તમારા ઘરમાં ફર્નિચર માટે કેટલો ટાઇમ આપો? દીવાલ ઉપરના કલર માટે બધા મીટિંગ કરશે. પાંચ-પાંચ કલાક સુધી તો ચર્ચા થાય. આ કલર નહિ ચાલે, આવું કલર-કૉમ્બિનેશન જોઈશે. આવું નહિ ચાલે, તેવું નહિ ચાલે. તમારું ફર્નિચર જોઈને તમારા મિત્રો બોલી ઊઠે, 'માઈન્ડ બ્લોઇંગ... એકદમ જોરદાર!' અને તમને લાગે કે તમે જે ટાઇમ આપ્યો હતો એ વર્થ છે. પાંચ ઇન્દ્રિયના વિષયો જે વર્થ લાગે છે એ દૃષ્ટિરાગ છે. ભગવાનને પારાવાર નિમિત્તો મળ્યાં, પણ ક્યાંય કામરાગ ન થયો.

**★ નિમિત્તો મળવા છતાં રાગ નહિ!**

ભગવાનના જન્મ પછી ૮૩૦૦૦૦૦ પૂર્વ વર્ષ સુધી, દીક્ષાપૂર્વે તેમણે ક્યારેય એકાસણા-બિયાસણા જેવી કોઈ તપશ્ચર્યા કરી નથી. સજ્જનો બે ટાઈમ જમતા હોય એમ ભગવાન પ્રાયઃ બે ટંક જમ્યા હશે.

ઋષભદેવ ભગવાને શું ખાધું? જંબૂદ્વીપના મધ્યમાં, મેરુ પર્વતના ઉપર ભાગમાં ઉત્તરકુરુ અને નીચેના ભાગમાં દેવકુરુ આવે. ભગવાને ઉત્તરકુરુનાં ફળો ખાધાં. કેટલા પુણ્યશાળી કહેવાય! તમારા ઘરે કેરી અમેરિકાથી આવતી હોય તો તમે ગૌરવથી કેવું કહો? 'અમને અહીંની કેરી ભાવતી જ નથી. અમારા ઘરે અમેરિકાથી કેરી આવે છે, બધાં ફ્રૂટ્સ અમેરિકાથી જ આવે છે. ભગવાને ૮૩૦૦૦૦૦ પૂર્વવર્ષ સુધી ક્યાં ફળ ખાધાં? ઉત્તરકુરુનાં, અહીંનું કશું ખાધું જ નથી. આવી દેવતાઓ ભક્તિ કરે!

## ★ વટ તો પડે છે, પણ પ્રભાવ નથી પડતો !

સપોઝ, હું જ્યાં જાઉં ત્યાં મારી આગળ-પાછળ પચાસ-પચાસ જણનું ટોળું રહેતું હોય, મારી આસપાસ સિક્યુરિટીના જવાનો રાયફલ સાથે ચોવીસે કલાક રહેતા હોય તો મારો કેવો વટ પડે ! આપણો કેવો રૂઆબ પડે ? મોટામોટા આચાર્યોનો ન પડતો હોય એવો ! આટલા લોકો આપણી આગળ-પાછળ ફરે છે ! તરત માન-કષાય આવી જાય ને ! ભગવાન માટે આટલા દિવસ સુધી દેવલોકથી ટિફિન આવે છે, છતાં એમણે ક્યાંય માન-કષાયને પોષ્યાં નથી. જળ ક્ષીરસમુદ્રનું ! ફળો ઉત્તરકુરુનાં, જ્યાં પર્મનન્ટ પહેલો આરો હોય. ત્યાંની માટી શર્કરા એટલે કે સાકર જેવી મીઠી હોય.

અહીંની માટી મોઢામાં મૂકીએ તો ભાવે ? એ જ માટીમાંથી રત્નાગિરિ હાફુસ કેરી કેવી મીઠી તૈયાર થાય છે ? ફિક્કીફસ માટીમાંથી જો આટલી મીઠી કેરી તૈયાર થતી હોય તો જેની માટી સાકર જેવી મીઠી હોય તેનાં ફળ કેવાં મધુરાં હોય ! છતાં ભગવાનને કામરાગ ક્યાંય સ્પર્શ્યો ખરો ?

ભગવાનનો પરિવાર પણ કેવો હતો ? આપણા જેવા સરખેસરખા સ્વાર્થી મળ્યા એવું નહિ. તીર્થંકરનો પરિવાર એક્સક્લુઝિવ હોય. જે જીવો તેમના પરિવારમાં પેદા થયા હોય એ ગુણગુણના ભંડાર હોય. જેમની સાથે ૮૩૦૦૦૦૦ પૂર્વવર્ષ સુધી રહ્યા એમના માટેય પ્રભુને કોઈ રાગની લાગણી જાગી ?

એનો દીકરો કેવો છે ? આપણે ઉપર બેઠા હોઈએ અને કોઈને નીચેથી એક ચોપડી લાવવાનું કહેવું હોય તો સત્તર વાર વિચાર કરવો પડે. આપણે તેના માટે ઘણું બધું કર્યું હોય તોપણ એને આટલું કહેતા પહેલાં વિચાર કરવો પડે. ઘરમાં પાણીનો ગ્લાસ માંગો તો પહેલે દિવસે આપશે, બીજે દિવસે બે વખત માંગવો પડશે અને ત્રીજે દિવસે તો સીધું સંભળાવશે કે, ‘જાતે જ લઈ લો ને ! તમારાં હાડકાં ભાંગી ગયાં છે ? અમને નોકર સમજો છો ?’ વગેરે-વગેરે. આ હાલત છે આપણી, ત્યારે ભગવાનને કેવું છે ? એમના સમગ્ર પરિવારમાં કેવી ગુણિયલતા છે ! પુત્ર ભરતને કહે છે કે ‘હું દીક્ષા લઉં છું. મને સંસારમાં રસ નથી. આ રાજ્યનો તું રાજા.’ ભરત શું કહે છે ? ‘તમે દીક્ષા લો

તો હું સંસારમાં રહીને શું કરીશ ? જ્યાં તમે ત્યાં હું...' એને દીક્ષા વિશે કાંઈ ખબર પણ નથી, છતાં પરિવાર કેવો હોય ! સ્નેહરાગનાં નિમિત્તો કેવાં ! તમે દીક્ષા લેવાનું કહો તો તમારો દીકરો શું બોલે ? 'પછી મારા દીકરાને કોણ રાખશે ? અમારે ફરવા જવું હોય તો નાનાં બાળકોને કોની પાસે મૂકીને જઈએ?' મતલબ કે તમારા દીકરા તમને દીક્ષાની ના પાડે - પોતાના સ્વાર્થ માટે ! જ્યારે ભરત તો સાથે જ દીક્ષા લેવા તૈયાર થઈ જાય છે.

ભગવાન જંગલમાં નીકળ્યા તો ચાર હજાર રાજાઓ એમની પાછળ નીકળી ગયા. એકેયને ધર્મની પરિભાષા ખબર નથી. માત્ર સ્નેહરાગનું નિમિત્ત ! લગ્નના વરઘોડામાં પાંચ જણને બોલાવવા હોય તોપણ ટેન્શન હોય કે છેલ્લી ઘડીએ એ ક્યાંક ભાગી ન જાય ! વરઘોડો હેમખેમ નીકળે અને વરરાજાને લાગે કે વરરાજાના ઘણા સારા મિત્રો છે. એટલું થઈ જાય તો જંગ જીત્યા ! અને અહીં ચાર હજાર જણ તો દીક્ષા લેવા તૈયાર છે... દીક્ષા એટલે શું એની તો એકેયને ખબર નથી, શું કરવાનું એનીય કાંઈ ખબર નથી. બસ, એ નીકળ્યા એટલે આપણેય નીકળી જવાનું ! એ ચાલે ત્યાં આપણે ચાલવાનું અને એ બેસે ત્યાં આપણે બેસવાનું. ચાર હજારે દીક્ષા લીધી !

ભગવાનના દીક્ષા-મહોત્સવમાં કરોડો દેવતાઓ આવ્યા. 'જયજય નંદા, જયજય ભદ્દા'ના જયઘોષ ગૂંજી ઊઠ્યા. ભગવાન 'વોસિરામિ' કહીને ઊભા રહી ગયા. દિવ્ય માહોલ હતો, દેવતાઓ ઉપસ્થિત હતા. ભગવાને લોચ કર્યો. પછી પ્રભુએ વિહાર શરૂ કર્યો અને રસ્તામાં જંગલ આવ્યું. ચાર હજારનો સમૂહ એમની સાથે ને સાથે ! તમને અહીં મચ્છર કરડે તો વ્યાખ્યાનમાં બેસી ન શકો. સોચો, ત્યાં જંગલમાં કેવું હશે ?

### ★ ડુંગરા દૂરથી જ રળિયામણા ?

મુંબઈના ગોરગાંવ પાસે આરે કૉલોનીમાં અમે સંઘ લઈને વિહાર કરતા નીકળ્યા હતા. સંસારીપણામાં પણ ત્યાંથી નીકળતા ત્યારે મજા આવતી હતી. છ કિલોમીટરનો રસ્તો, ગાડી ચલાવતા હોઈએ. બંને બાજુથી ઠંડી સરસ હવા આવે. એમ લાગે કે અવસર મળે તો આરે કોલોનીમાં રોકાવા આવી જઈએ. કેવું મસ્ત વાતાવરણ છે ! સંઘ લઈને નીકળ્યા ત્યારે આરે

કૉલોનીમાં રોકાવાનું થયું. જ્યાં રોકાયા હતા ત્યાં મચ્છરોનું સામ્રાજ્ય ! ત્યાંથી ગાડીમાં પસાર થવા પૂરતું બરાબર, પણ એક રાત્રિ રોકાવું હોય તો કોઈ પણ હિસાબે રાત ન નીકળે ! જ્યાં જુઓ ત્યાં કીડીઓનાં દર દેખાય. કીડીઓય કેવી ? સીધી ડંખ મારીને તમને સોજો લાવી દે એવી ! 'ડુંગરા દૂરથી રળિયામણા' કહેવતનો અર્થ સમજાઈ જાય ! માત્ર બહારથી અને દૂરથી જ એ સુંદર લાગે.

હવે આ બધા ચાર હજાર જણા નીકળ્યા. ભગવાન કાઉસ્સગ્ગ ધ્યાનમાં છે. સાથે આવેલા રાજાઓએ સ્વાભાવિક રીતે જ ક્યારેય મચ્છરોના ત્રાસ અનુભવ્યા નહોતા. આમ પણ એ લોકો ત્રીજા આરામાં, એટલે એમણે સંસારમાં દુઃખ જોયું નહોતું. છતાં એ સહુ ટાઢ, તડકો, ગરમી, ઠંડી - બધું જ સ્નેહરાગના કારણે સહન કરે છે. આપણને ખબર પડે કે આપણા માટે કોઈક સહન કરે છે, તો એના માટે કેવો સ્નેહરાગ બંધાય ! ભગવાનને સ્નેહરાગનાં પ્રબળ નિમિત્તો ભરપૂર મળ્યાં, પણ ક્યાંય સ્નેહરાગનું નામોનિશાન નહિ !

### ★ દૃષ્ટિરાગીની ત્રણ વિપરીત દૃષ્ટિ

દૃષ્ટિરાગવાળી વ્યક્તિમાં ત્રણ વિપરીત દૃષ્ટિ હોય : (૧) સ્વદોષ દર્શનમાં (૨) દેવગુરુ-ધર્મ માટે, (૩) માન્યતાઓમાં.

દૃષ્ટિરાગવાળી વ્યક્તિ ક્યારેય પોતાના દોષ ન જોઈ શકે. ઘણી વ્યક્તિ એવી હોય કે તેમનામાં દોષ હોય, પણ અજ્ઞાન પણ હોય. સમજાવો તો સમજી જાય. પેલામાં દોષ હોય પરંતુ એ દોષોને છોડવા તૈયાર ન થાય. જાણતો હોય કે દોષ છે. છતાં સ્વીકારવા તૈયાર ન થાય.

ગાઢ દૃષ્ટિરાગીને પાપનો અનુબંધ એવો પડે કે એનો ડૂચો નીકળી જાય. તેનો સંસાર અનલિમિટેડ હોય. મંદ દૃષ્ટિરાગીનો સંસાર લિમિટેડ હોય. કોઈ સમજાવે તો સમજવાની તૈયારી હોય. ભગવાનને ક્યાંય પોતાના દોષો માટે આગ્રહ નહોતો. તેઓ એકદમ તટસ્થ હતા. દેવ, ગુરુ ધર્મ કોને કહેવાય એ બાબતમાં તીર્થંકરો એકદમ ક્લિયર હોય. દરેક ભગવાન પૂર્વના ત્રીજા ભવમાં જેટલું ભણેલા હોય એટલું જ્ઞાન સાથે લઈને આવે. મહાવીર સ્વામી નંદન રાજર્ષિના ભવમાં અગિયાર અંગ ભણેલા હતા. તેમને દીક્ષા

લેતાં પહેલાં અગિયાર અંગનું જ્ઞાન હતું. ઋષભદેવ ભગવાન પૂર્વના ત્રીજા ભવમાં ચૌદ પૂર્વ ભણેલા. ચૌદ પૂર્વનું જ્ઞાન દેવલોકમાં સાથે લઈ જઈ શકાય નહિ. છેલ્લા ચાર પૂર્વના જ્ઞાન માટે કમ્પલસરી દીક્ષા જોઈએ. દીક્ષા વગર એ જ્ઞાન ન ટકે. દસ પૂર્વ દેવલોકમાં ટકી શકે. દેવલોકમાં ચારિત્ર નથી, એટલે ત્યાં છેલ્લા ચાર પૂર્વ ન ટકે. આવશ્યક નિવૃત્તિમાં પાઠ એવો મળે છે કે ઋષભદેવ ભગવાન ચૌદ પૂર્વધર હતા. એથી એમનામાં સમ્યગ્દર્શન છે. એ કારણે દૃષ્ટિરાગ એટલે કે ખોટી માન્યતા તેમના જીવનમાં ન હોય.

**★ શ્રેણિક મહારાજાની જેમ તમેય પાસ થજો !**

શ્રેણિક મહારાજા અહીંથી મરીને પ્રથમ નરકમાં ગયા. નરકનું આયુષ્ય પૂર્ણ કરીને તેઓ સીધા પદ્મનાભ નામના તીર્થંકર થશે. જરા ઊંડા ઊતરીએ. તીર્થંકરના જન્મમાં સૂત્રો વગેરે ભણે નહિ. શ્રેણિક મહારાજાના ભવમાં એમણે દીક્ષા લીધી નથી, તેથી ૧૧ અંગાદિ આગમસૂત્રોનો અભ્યાસ કર્યો નથી. એટલે પદ્મનાભ તીર્થંકર ૧૧ અંગાદિ આગમસૂત્રોને ભણેલા નથી, છતાં ૩૦ વર્ષ સંસારમાં રહેવા છતાં એક પણ અપ્રશસ્ત કષાય એમના જીવનમાં કરશે નહિ ! તમને થશે કે કેવી રીતે વગર સૂત્ર અભ્યાસે અપ્રશસ્ત કષાય કરશે નહિ? શ્રેણિક મહારાજાના ભવમાં તેઓ સૂત્રથી આગમ અભ્યાસ નથી કર્યો છતાં સૂત્રોના ભાવાર્થને જાણે છે. તેથી તેમને પોતાની ભૂમિકાએ કર્તવ્ય-અકર્તવ્ય વગેરેનું જ્ઞાન છે. એક વખત શ્રેણિક મહારાજાએ ગર્ભવતી સાધ્વીને જોયાં. સામાન્ય વ્યક્તિ સાધુના કૅરેક્ટર વિશે નેગેટિવ વાતો સાંભળે તો નેગેટિવ રિએક્શન આવે. વિશ્વાસ હલી જાય. ધર્મ કરનારના જીવનમાં પણ ખામીઓ હોઈ શકે, પણ એથી કાંઈ ધર્મ ખોટો પુરવાર ન થઈ જાય. દેવો શ્રેણિક મહારાજની પરીક્ષા કરે છે અને ગર્ભવતી સાધ્વી બતાવે છે. એમની શ્રદ્ધા સહેજ પણ વિચલિત થતી નથી. એ શું કરે છે ? ગર્ભવતી સાધ્વીજીની ગુપ્ત રીતે સુવાવડ કરાવવાની વ્યવસ્થા કરાવે છે. તમે શું કરો ? ફલાણા મહારાજ સાહેબમાં અમુક ભૂલ છે એટલી ખબર પડે તો વૉટ્સેપ અને ટ્વિટર અને ફેસબૂક જેવા સોશ્યલ મીડિયા પર 'ખબર પડી ?' 'આ ખબર પડી ?' કાગારોળ કરી મૂકો. તેને કારણે ઘણી વખત સામેની વ્યક્તિને ધર્મ પ્રત્યે નફરત થઈ જાય. આ રીત ખોટી છે. ઑપરેશન કરવાની

રીત હોય. પહેલાં એનેસ્થેશિયા આપવો પડે. કેસ હેન્ડલ કરતાં ન આવડે તો આખો કેસ બગડી જાય. ખરેખર તમારે તો કાંઈ કરવાનું નહિ. ગુરુને પૂછવાનું અને ગુરુ કહે તેમ કરવાનું. ગુરુએ પણ ગમે ત્યારે ગમે તેમ શિષ્યને પણ ભૂલ ન બતાવાય. શિષ્યને પણ ભૂલ બતાવવાની રીત હોય. ઉચિત રીતે, ઉચિત કાળે કહેવાય. આપણે ગુરુ થઈને ગમે તેમ બોલીએ તો ક્યારેક સુયોગ્ય શિષ્યનો પણ પિત્તો છટકી જાય. સામે સંભળાવી દે કે, 'ગુરુજી, બાંધી મૂઠી રહેવા દો હવે. તમારામાં બહુ જયણા જોઈ...' એને ધર્મ માટે પણ દુર્ભાવ થઈ જાય. આમ કરવાથી સંબંધો બગડી જાય. એટલે ક્યારેય આવું કરતા નહિ.

ગર્ભવતી સાધ્વીજીની પરીક્ષા પછી હવે શ્રેણિક મહારાજને બતાવે છે કે સાધુ મહારાજ માછલી પકડે છે. સામાન્ય વ્યક્તિ હોય તો શું કહે? મહારાજ સાહેબ થઈને માછલીઓ મારે છે? મહારાજ સાહેબ આવા હોય? તમને કોઈ કહે કે ફલાણા મહારાજસાહેબ દારૂ પીએ છે અથવા ફલાણા મહારાજસાહેબ બહારથી પિત્ઝા વગેરે મંગાવીને વાપરે છે. તો તમે શું કરો ? એમાં તમે સાંભળો કે રાતના પણ ખાય છે, દારૂ પણ પીએ છે, સિગારેટ પીતા જોયા હતા. આ બધું તમે સાંભળ્યું હોય તો તમે શું કરશો?

તમને થશે કે આ વાતમાં સમ્યગ્ દર્શનનો સંબંધ કેવી રીતે આવ્યો?

તો સાંભળો. ઘણા લોકો ઉદાહરણને આધારે નિર્ણય કરનારા હોય છે. ચોમાસામાં દીક્ષા નહિ આપવાની, તો એ કેમ નહિ આપવાની? અમારા જીવનમાં કદાચ કારણે કાચા પાણીની વિરાધના અશક્ય પરિહાર તરીકે પણ નૂતન દીક્ષિત જોશે. અને એવામાં અમે ભણાવવા બેસીએ કે પાણીના એક ટીપામાં પણ અસંખ્ય જીવ છે. તો એને પ્રશ્ન થાય કે વર્તનમાં આવું અલગ કેમ છે? અમારી વિપરીત આચરણના કારણે એની માન્યતા ફરી શકે. મનુષ્યને વ્યક્તિનો કડવો અનુભવ થાય તો માન્યતા પર ફટકો પડે. આવું સંસારમાં બનતું હોય છે. મારવાડીઓ માટે ગુજરાતીઓ શું કહે ? મખ્ખી ચુસ! એવું બન્યું હશે કે એકાદ મારવાડી મખ્ખી ચુસ નીકળ્યો હશે. પણ હવે આખી કાસ્ટ માટે થઈ ગયું ને ? ગુજરાતી ઓ માટે મારવાડીઓની માન્યતા

કેવી ? એક રૂપિયો વાપરી ન શકે ! એવું બન્યું હશે કે કોઈ ગુજરાતીએ નહિ વાપર્યા હોય, પણ માન્યતા આખી જાતિ ઉપર થાય ને ? એમ આખા ગામ ઉપર માન્યતા થાય કે આ ગામના લોકો એટલે આવા પોરવાલ એટલે આવા અને ઓસવાલ એટલે આવા. એટલે વ્યક્તિ આ માન્યતાને આગળ વધારતો જશે. જે વ્યક્તિનો ખરાબ અનુભવ થાય એ વ્યક્તિ જે ધર્મનો હોય એ ધર્મને પણ ખરાબ માનવ માંડશે.

હમણાં હું સિગારેટ પિતા કોઈ મહારાજસાહેબનો ફોટો બતાવું તો બધા હલી જાય. એવા કોઈ સિગારેટ કે દારૂ પીતા મહારાજસાહેબ નથી ! એવી કલ્પના પણ નહિ કરતા. આ તો હું તમને માત્ર સમજાવવા માટે એક્ઝામ્પલ આપી રહ્યો છું. શાસ્ત્રમાં વાત આવે છે. કોઈ સાધુ પૂર્વકર્મના ઉદયે ગલત રસ્તે ચડી ગયા. ગણિકાના ગળામાં હાથ, મોઢામાં પાન સાથે એક પ્રોમિનન્ટ શ્રાવકે જોઈ લીધા. સાધુને ત્યાં જ બે થપ્પડ લગાવી દે તો છઠ્ઠીનું ધાવણ યાદ આવી જાય એવી તાકાતવાળા શ્રાવક છે. એમના પક્ષમાં બીજા પાંચસો-હજાર શ્રાવકો બેસે તેવી એમની પ્રતિભા છે. એમણે સાધુને આવી હાલતમાં જોયા. બંનેની આંખો મળી. સાધુની આંખો શરમથી નીચે ઢળી ગઈ... શ્રાવકને થયું એમનામાં લાયકાત તો છે. (લાયકાત ન હોય તો અલગ પગલું વિચારવું પણ પડે.) એટલે શ્રાવક એકદમ એક્સટ્રીમ રીતે મૅચ રમ્યા. ઘણી વખત મૅચને બહુ અલગ રીતે રમવી પડે. ક્યારેક કટોકટી હોય, છેલ્લી ઓવરો હોય તો ફાસ્ટ પણ રમવું પડે. અહીં શ્રાવકને લાગ્યું કે શાંતિથી મૅચ રમવામાં કાંઈ વાંધો નથી. એમણે સાધુ પાસે જઈને વંદન કર્યું. વેશ્યાના ગાળામાં હાથ, મોઢામાં પાન, આવા સાધુને સીધું વંદન કરીને ત્યાંથી ચૂપચાપ ચાલતા થયા. પેલા મહારાજસાહેબને એટલું ગિલ્ટ ફિલ થયું કે ન પૂછો વાત ! મૂળ જે પર્પઝ હતો ગિલ્ટ ફિલ કરાવવાનો, એ થઈ ગયો. મોટા ભાગના લોકો આ રીત સમજી જ શકતા નથી. કોઈ આપણને કહે કે સૉરી, જરા આ કામમાં ભૂલ થઈ ગઈ. પેલાએ સૉરી કહી દીધા પછી પણ 'તારા કામમાં કોઈ ઠેકાણાં નથી, તને કાંઈ સમજ પડતી નથી !' કહીને એટલું ટોર્ચર કરે કે પેલો માણસ કાં ભાગી જાય કાં નફફટ થઈ જાય. એને સુધરવાનો ચાન્સ તો આપવો જ પડે.

★ મૌનથી મૅસેજ આપી દીધો...

અહીં આ શ્રાવકે મહારાજ સાહેબને જે કહેવા જેવું હતું એ મૌનથી કહી દીધું. મહારાજ સાહેબને એટલું ગિલ્ટી ફિલ થયું કે એમનું જીવન પરિવર્તન થઈ ગયું અને સાચા સાધક બની ગયા. મોટા ભાગના લોકો બીજાના દોષને પચાવી નથી શકતા. મેં ઘણા એવા લોકો જોયા છે કે બે-ચાર ખરાબ અનુભવો થાય તો ખળભળી ઊઠે. 'અમને ખબર છે, મહારાજસાહેબો કેવા હોય છે !' એમને મન તો માયા એટલે માયા. મહારાજસાહેબ પણ માયા કરે છે. માયાના પણ ઘણા પ્રકાર છે. કઈ માયા ખતરનાક કહેવાય, કઈ માયા ઓછું નુકસાન કરે એની કાંઈ ખબર ન પડે. મહારાજસાહેબને શાસ્ત્રકારોએ ચોક્કસ પરિસ્થિતિમાં આજ્ઞા કરી છે કે માયા કરવાની. અમને શીખવાડ્યું છે, ટ્રેઈનિંગ આપી છે. અમારે સ્થંડિલ જવું હોય તો પહેલાંના વખતમાં શરીરની શુદ્ધિ માટે ઉકાળેલા પાણીનો જ ઉપયોગ કરતા એવું નહિ, છાસની આસ (છાસની ઉપરનું પાણી) વગેરેનો ઉપયોગ પણ કરતા. અમારે પાણીના ટાંકા ભરીને રાખવાના ન હોય. સ્થંડિલ જવું હોય તો પહેલાં પાણી વહોરવા જવાનું. આ બાજુ ખેતર હોય અને ત્યાં બ્રાહ્મણનું ઘર હોય તો ખબર હોય કે ભાતનું ઓસામણ મળશે. એ લઈને જઈએ એટલે તરત ખબર પડે કે જંગલે ગયા. પેલો માણસ વિચાર કરે કે આનાથી સાફ કરશે ? એને એવો ભ્રમ ન થાય એટલે અમારે પાણી ક્યાંથી વહોરવાનું ? ઊંધી દિશામાંથી વહોરવાનું. જેથી કોઈને એમ જ લાગે કે ઉપાશ્રય જઈ રહ્યા છે. અમારે આવી માયા પણ કરવી પડે. આચાર્ય મહારાજ પણ માયા કરે. માયા શા માટે કરી એ પણ સમજવું પડે. આચાર્ય મહારાજે વાજબી કારણથી માયા કરી હોય. આપણે પાછા આવું સાંભળીને બધી બાબતમાં માયા કરતા નહિ થવાનું. આપણે સરળ બનતાં શીખવાનું છે.

★

॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥

## પ્રકરણ-૧૧

કામરાગસ્નેહરાગાવીષત્કરનિવારણૌ ।
દૃષ્ટિરાગસ્તુ પાપીયાન્ દુરુચ્છેદઃ સતામપિ ॥

**વીતરાગસ્તોત્ર-૬, પ્રકાશ ૧૦ શ્લોક**

તમે દુનિયાની કોઈ પણ વ્યક્તિને પૂછો કે તારે સુખ જોઈએ છે કે દુઃખ? દરેકનો એક જ જવાબ આવશે : સુખ. દુઃખ કોઈને જોઈતું નથી, પણ ટ્રેજેડી એ છે કે સંસારમાં સુખી માણસો કરતાં દુઃખી માણસો વધારે દેખાય છે. સુખની વ્યાખ્યા અને દિશા સૌની અલગ છે. કોઈના સુખની દિશા ૪ બીએચકે (ચાર બેડરૂમ, હૉલ અને કીચન)ની હોય છે. મુંબઈના સારા એરિયામાં ૪ બીએચકે થઈ જાય તો પોતાને સુખી માને. અનમૅરિડ યુવક-યુવતીઓને સારો લાઈફ-પાર્ટનર મેળવવામાં સુખ દેખાય છે, તો પૅરન્ટ્સને પોતાના સંતાનનાં લગ્ન થઈ જાય એમાં સુખ દેખાય છે. લગ્ન પછી સંતાન પેદા થાય - એમાંય ઘણાંને દીકરો જન્મે એમાં સુખ દેખાય છે. કોઈને પોતાની કલા બતાવીને સેલિબ્રિટિ બની જવામાં સુખ દેખાય છે, તો કોઈને સત્તા મેળવવામાં. સૌ પોતપોતાનું સુખ પામવા મથે છે, પણ સાચું સુખ શું એની કોઈને ખબર નથી.

ભગવાન કહે છે તને સાચા સુખની ખબર નથી પડતી એનું કારણ તારું અજ્ઞાન (મિથ્યાજ્ઞાન) છે, એટલે તું અજ્ઞાન (મિથ્યાજ્ઞાન) દૂર કર. અજ્ઞાન દૂર થતાં જ તું સુખી થઈ જઈશ.

### ★ અજ્ઞાન એટલે શું?

અજ્ઞાન શું છે ? અજ્ઞાન અગણિત બાબતોનું હોય છે : ઇંગ્લિશ બરાબર નથી આવડતું એ અજ્ઞાન છે, ડાન્સ કરતાં નથી આવડતું એ અજ્ઞાન છે, હોટલમાં ફોર્કથી ખાતાં નથી ફાવતું એ અજ્ઞાન છે. કઈ પાર્ટીમાં કઈ રીતે જવું, કોઈ મરી ગયું હોય તો એની સામે કેવી રીતે બેસવું કે ખરખરો કઈ રીતે કરવો, કોઈના લગ્નપ્રસંગે જઈએ તો ત્યાં કેવી રીતે વર્તવું, કોઈને ત્યાં દીકરો જન્મ્યો હોય તો એને વધામણી કેવી રીતે આપવી, કોઈએ કશીક સફળતા

મેળવી હોય તો તેને કેવી રીતે અભિનંદન આપવા એ નથી આવડતું - આ તમામ અજ્ઞાન છે.

કિન્તુ અહીં એવાં બધાં અજ્ઞાનની વાત નથી. અહીં તો 'હું કોણ ?' અને 'મારું કોણ ?' એ બાબતના અજ્ઞાનની વાત છે. જો આ બાબતમાં તમને જ્ઞાન થઈ જાય તો તમારા સુખની દિશા સ્વયં સાવ સ્પષ્ટ થઈ જશે. 'હું' એટલે આત્મા અને 'મારું' એટલે આત્માના ગુણો, એ સિવાયની આખી દુનિયા પારકી છે.

અજ્ઞાને મોહ પેદા કર્યો અને મોહના કારણે ભ્રમ થયો કે 'હું' એટલે આત્મા નહિ પરંતુ શરીર, ઇન્દ્રિય અને મન. 'મારું કોણ ?' તો કહે મારો પરિવાર, મારું ઘર, મારું ગામ, અને મારો દેશ.

ઘણા લોકો ડૉક્ટર પાસે જાય, પણ એમના રોગનું પરફેક્ટ નિદાન જ ન થાય. હોય ટાઇફોઈડ અને મૅલેરિયાની દવા કર્યા કરે તો શું થાય ? ટાઇફોઈડ વધતો જાય અને મૅલેરિયાની દવાની સાઈડઇફેક્ટ પણ થતી જાય. આપણુંય એવું જ થયું છે. 'હું કોણ ?' અને 'મારું કોણ ?' આ બે બાબતમાં આપણા અજ્ઞાન (મિથ્યાજ્ઞાન)ના કારણે આપણે આખી ઈમારત ખોટી ખડી કરી બેઠા. અજ્ઞાને મોહ પેદા કર્યો, મોહ એટલે ઈલ્યુઝન અને ઈલ્યુઝનના કારણે ગોટાળો થયો. હવે એ ગોટોળાના કારણે કાં તો રાગ થાય અથવા દ્વેષ થાય. કામરાગ, સ્નેહરાગ અને દૃષ્ટિરાગ આ ત્રણ રાગ બહુ ભયંકર છે. આપણે દૃષ્ટિરાગ વિશે આપણે વાત કરી રહ્યા છીએ.

### ★ દૃષ્ટિરાગ ઊંધા ચશ્મા પહેરાવી દે છે

દૃષ્ટિરાગ એવો ખરાબ છે કે એ તમારી માન્યતાને ઊલટી કરી નાખશે. તમને એ ઊંધા ચશ્મા પહેરાવી દેશે. એ એમ કહેશે કે આખી જિંદગી ફક્ત ધર્મ ન કરવાનો હોય, ધર્મ લિમિટમાં અને અમુક ઉંમરે જ કરવો જોઈએ. બચપન એ કંઈ ધર્મ કરવાની ઉંમર નથી, ધર્મ તો બુઢાપામાં જ કરવાનો હોય. એકાદ સામાયિક કરીને થોડી વાર ટીવી જોઈએ તો એમાં કંઈ ખોટું નથી. ચૌવિહાર કરો, નવકારશી કરો, પૂજા કરો - એ બધું બરાબર છે; પણ ધર્મ કાંઈ ચોવીસે કલાક કરવાની ચીજ નથી. આ તમામ સ્ટેટમેન્ટ્સ

દૃષ્ટિરાગનાં છે. દૃષ્ટિરાગ તમારી ભીતર વિપરીત માન્યતાઓ ઠોંસી દેશે.

**★ દૃષ્ટિરાગ કોનામાં આવે?**

સૌપ્રથમ તો જેનામાં સ્વદોષદર્શનની કુશળતા કે ક્ષમતા ન હોય એટલે કે જે વ્યક્તિ પોતાના દોષો જોઈ શકતી ન હોય એવી વ્યક્તિમાં દૃષ્ટિરાગ ઈઝીલી પ્રવેશી શકે. ઘણા લોકો પોતાની ભૂલ પોતે તો નથી જ જોઈ શકતા, પરંતુ તમે એમની ભૂલ બતાવો તોપણ એ જાતજાતનાં બહાનાં બનાવશે અને પોતાની ભૂલ સ્વીકારવાને બદલે છુપાવવાની કોશિશ કરશે.

બીજા નંબરે દૃષ્ટિરાગ એનામાં આવે જેમની ધર્મ બાબતે વિપરીત દૃષ્ટિ હોય. માત્ર સાધુનો વેશ પહેર્યો એટલે એ સંસારી કરતાં તો મહાન અને પવિત્ર જ હોય એમ માનવું એ પણ દૃષ્ટિરાગ છે. કોઈ ડૉક્ટરનો વેશ પહેરે એટલા માત્રથી કંઈ ડૉક્ટર ન બની જવાય. ડૉક્ટરના વેશની સાથે ડૉક્ટરના પાયાના ગુણધર્મ તથા આચાર પણ હોવા જોઈએ, ડૉક્ટરનું નૉલેજ પણ જોઈએ. એમ સાધુનો વેશ પહેરેલો હોય, પણ પાયાના આચાર ન હોય તો? મેં સાધુનો વેશ પહેર્યો છે પણ હવે હું ગાડીમાં ફરું, કરોડોના કારભાર સંભાળું : આ બધું કરું તો હું માત્ર નામધારી સાધુ જ કહેવાઉં. કેટલાક લોકો કહે છે કે દેવ, ગુરુ, ધર્મ ગમે તેવા હોય આપણે શું? બાવસી ગમે તે હોય આપણે જોવાનું નહિ, એ માન્યતા પણ દૃષ્ટિરાગ છે.

ત્રીજા નંબરે દૃષ્ટિરાગની ખોટી માન્યતા એ કે ઘરમાં ગાડી અને નોકરચાકર જોઈએ જ. તમને સારી નોકરી મળે, ઘરમાં ગાડી આવે એમાં (પાંચ ઇન્દ્રિયના વિષયોમાં) જીવનની સાર્થકતા લાગે એ દૃષ્ટિરાગ કહેવાય.

આમ દૃષ્ટિરાગ સૌથી ભયંકર અને સૌથી ખરાબ છે કારણ કે એ આપણને ભ્રાન્તિમાં ભરમાવીને ઊલટી દિશામાં ખેંચી જાય છે.

**★ કામરાગ, સ્નેહરાગ, દૃષ્ટિરાગ વગરનું જીવન**

આપણે જોયું કે ભગવાનના જીવનમાં કામરાગ, સ્નેહરાગ કે દૃષ્ટિરાગનો અંશ પણ જોવા મળતો નથી. ભગવાનનો જન્મ મધ્યરાત્રિએ થાય અને એકાદ કલાકની અંદર ઇન્દ્ર આવીને ભગવાનને મેરુ પર્વત પર લઈ જાય, ત્યાં અભિષેક થાય. (ઘણાને ખબર પણ નહિ હોય કે મેરુ પર્વત

સોનાનો બનેલો છે.) અભિષેક માટેના એકએક કળશના નાળચામાંથી રેલાતી ધારા નાયગ્રા ફોલ્સ કરતાં વિશાળ હોય. ભગવાનનો અભિષેક જોવા જેવો કે નાયગ્રા ફોલ્સ જોવા જેવો ? ફોલ્સ જોવા જાઉં તો દીક્ષા ન લઈ શકાય અને યથાર્થ દીક્ષાથી મોક્ષ થાય, મોક્ષ નહિ તો છેવટે દેવલોક થાય. ભગવાનના અભિષેક જોવાની અમારી હાઈચોઈસ છે. તમે ભલે રસ્તા પરનું લારીનું ખાઈ લો અમે ખાઈએ નહિ. તમે રોડ પર પણ પાઉંવડા ખાઈ લો. તમે લોકો ગરીબ છો, અમે અમીર છીએ. અમારી ચોઈસ હાઈ છે. અમે માથેરાન, મહાબળેશ્વર જઈએ પણ નહિ અને જોઈએ પણ નહિ, કેમ કે જોવા જેવો ભૌતિક રીતે પણ મેરુ પર્વત પર જન્મોત્સવ છે. બાળક જેવા તમને સમજવા પૂરતું આ રીતે લખ્યું છે. ખરેખર તો આત્માના ગુણ સિવાય દુનિયામાં કશું જોવા જેવું કે ભોગવવા જેવું નથી.

મેરુ પર્વત પર ભગવાનનો અભિષેક થયો. તમે એકએક વસ્તુ જોતા જાઓ. પહેલાં તો ઇન્દ્ર તેમને મેરુ પર્વત પર લઈ ગયા. ઇન્દ્રનું શરીર, એમનું રૂપ બધું કેવું નિરાળું ! ભગવાનને ઇન્દ્રનો કેવો દિવ્ય સ્પર્શ મળે ! એમનો હાથ ફૂલ જેવો મુલાયમ હોય. ભગવાનને એમના ખોળામાં બેસવા મળે. હવે જુઓ ભગવાનને પાંચેય ઇન્દ્રિયોના વિષયોનો કેવો આહ્લાદ મળતો હશે...!

**૧. સ્પર્શનેન્દ્રિયનો વિષય :** પરોઢની હવા શીતળ-ગુલાબી હોય. ભગવાનને મધ્યરાત્રિએ લઈ જાય એટલે ભગવાનના શરીરને એનો શીત સ્પર્શ થાય. ભગવાનને અભિષેક કરે તો પાણી એમને અનુકૂળ આવે એવું હૂંફાળું હોય, એ સ્પર્શેન્દ્રિયનો વિષય. વળી ભગવાનના જન્મોત્સવ માટે ઉપકરણોમાં સુવર્ણના, રૂપાના, રત્નના, સુવર્ણ-રૂપાના, સુવર્ણ-રત્નના, સુવર્ણ-રૂપા અને રત્નના, રૂપા-રત્નના, અને માટીના એમ આઠ પ્રકારના સુંદર કલાકારીગરીવાળા કળશ. દરેકના ૧૦૦૮ સુંદર કળશ બનાવ્યા હોય. જાણે ત્રિભોવન ભીમજી નહિ, પરંતુ આખું ઝવેરીબજાર ત્યાં ઉતારી દીધું હોય એવું લાગે ! છતાં ભગવાન એમાં ક્યાંય લેપાયા નહિ.

**૨. રસનેન્દ્રિયનો વિષય :** ભગવાન જન્મે એટલે તરત એમના

અંગૂઠામાં અમૃત વસી જાય. ભગવાન સ્તનપાન ન કરે, પોતાનો અંગુઠો ચૂસે. એમાં જે અદ્‌ભુત રસ હોય એ રસનેન્દ્રિયનો વિષય.

**૩. ઘ્રાણેન્દ્રિયનો વિષય :** મેરુ પર્વત પર આવેલ ભદ્રશાળ, નંદન, સૌમનસ અને પાંડુક વનમાંથી ગૌશીર્ષચંદન લાવીને દેવતાઓએ સુગંધિત ધૂપ-દીપ અદ્‌ભુત પ્રગટાવ્યાં હોય એ ઘ્રાણેન્દ્રિયનો વિષય.

**૪. ચક્ષુરિન્દ્રિયનો વિષય :** ઇન્દ્ર-ઇંદ્રાણીઓનાં રૂપ અદ્‌ભુત હોય એટલે એ ચક્ષુરિન્દ્રિયનો વિષય.

**૫. કર્ણેન્દ્રિયનો વિષય :** ત્યાં સંગીત અફલાતૂન ચાલતું હોય એ કર્ણેન્દ્રિયનો વિષય.

આમ પાંચે ઇન્દ્રિયના વિષયો મળવા છતાં ભગવાનને ક્યાંય કામરાગ સ્પર્શ્યો નહિ.

હવે આપણે સ્નેહરાગની વાત કરીએ. તમારા ઘરમાં તમે દીક્ષા લેવાની વાત કરો તો શું થાય ? પચાસ વર્ષના પિતાજી અને મમ્મી બંને દીક્ષા લેવાની વાત કરે તો શું થાય ? તમારું હૈયું હરખથી બોલી ઊઠે કે જે ગુરુજીએ એમને ધર્મ પમાડ્યો એમને કોટિકોટિ ધન્યવાદ ! હવે આ લોકો ઘરમાંથી જશે એટલે કકળાટ અને કટકટ બધું બંધ. હવે આપણે પૂર્ણ આઝાદ ! હવે ગમે ત્યાં ફરો, ગમે તે ડ્રેસ પહેરો, ગમે તે રસોઈ કરો. કોઈ રોકટોક નહિ અને કશી કટકટ નહિ ! મોટા ભાગે તમારી મનઃ સ્થિતિ આવી હોય છે. જ્યારે ઋષભદેવ ભગવાને પુત્ર ભરતને દીક્ષાની વાત કરી, ત્યારે ભરત તરત કહે છે કે હું પણ તમારી સાથે આવીશ. તમે ઘર છોડતા હો તો હું પણ છોડીશ. જ્યાં તમે, ત્યાં હું. આ સ્નેહરાગ છે.

ભગવાન ફોર્સફુલ્લી ભરતને મૂકીને જાય છે. ભગવાન સાથે ચાર હજાર રાજા દીક્ષા લેવા તૈયાર છે. તમે ચોમાસું કરવા પાલિતાણા જાવ કે કરીને પાછા ફરો તો તમને સ્ટેશને લેવા-મૂકવા જેટલો પણ કોઈને ભાવ હોય છે ખરો ? ધર્મ અને દીક્ષા શું છે એની ૪ હજાર રાજાઓને કશી ખબર નથી. ભગવાને દીક્ષા લીધી અને વસ્ત્રો ઉતારી નાખ્યાં તો આ લોકોએ પણ ઉતારી નાખ્યાં. ભગવાન કરે એમ જ આ લોકો પણ કરે. ભગવાન ગોચરી-પાણી

વહોરવા જાય છે. એક વર્ષ સુધી નિર્દોષ ગોચરી મળતી નથી. આ લોકોને થાય આપણે શું કરવું ? ભૂખ લાગી છે. ભગવાન તો કંઈ બોલતાય નથી. પહેલાં તો જેટલા પણ પ્રશ્નો ભગવાનને પૂછતા હતા, એના જવાબો ભગવાન તરત આપતા હતા. હવે ભગવાન સાધુ થઈ ગયા છે અને સામે પણ જોતા નથી, બોલતા જ નથી. ભગવાન ચાલે એટલે આપણે ચાલવાનું, એ ઊભા રહે તો ઊભા રહેવાનું. એમની પાછળપાછળ ફર્યા કરવાનું. છતાં આ લોકોનો સ્નેહરાગ જરા પણ ઓછો નથી થતો. તમે રોજ વંદન કરવા આવો, છતાં અમે તમારી સામે પણ ન જોઈએ, તો તમને વંદનમાં ઉલ્લાસ રહે ?

### ★ બાળ-વર્ધમાનની કસોટી

ભગવાન મહાવીર બાળક હતા ત્યારે એમનું નામ વર્ધમાન હતું. દેવલોકમાં ઈન્દ્રે વર્ધમાનકુમારનાં ભરપૂર વખાણ કર્યા : 'આ બાળ-વર્ધમાનનું મનોબળ અદ્‌ભુત છે. એના જેવું મનોબળ સંસારમાં કોઈનું નહિ હોય ! એ કોઈથી ડરતો કે ગભરાતો નથી.' દેવોને થયું કે આટલા નાના આઠ વર્ષના છોકરાને ગભરાવવો - ડરાવવો એ તો ડાબા હાથનું કામ છે. હમણાં એને ગભરાવીને આવી જાઉં. દેવ વર્ધમાનની પરીક્ષા કરવા ગયા. વર્ધમાન એમના મિત્રો સાથે રમતા હતા. એ ગેમ એવી હતી કે જે હારી જાય એને ખભા પર ઊંચકીને જવું પડે. કસોટી કરવા આવેલા દેવ ઈરાદાપૂર્વક હારી ગયા. વર્ધમાનના ખભા પર બેસતી વખતે દેવે પોતાના દેહને વિરાટ કરી દીધો છતાં તે જરાય ન ડર્યા. ભગવાને અવધિજ્ઞાનથી જોયું કે આ તો દેવ છે અને કસોટી કરવા આવ્યા છે. વર્ધમાને સીધો મુક્કો માર્યો. હિત હતું એટલે માર્યું. એમાં બદલો લેવાની વૃત્તિ નહોતી. આપણી માનસિકતા કેવી હોય છે ? ક્રોધ ત્યારે જ કરવાનો જ્યારે પહોંચી શકીએ એમ લાગે. સામેનો એકલો છે અને આપણે પચીસ જણ છીએ તો બે-ચાર ઠપકારી દઈશું, પણ સામે પચાસ જણ હશે અને આપણે એકલા હોઈશું તો સોરી કહીને પાછા વળી જઈશું. સાચું કહેજો, આપણે ક્રોધ ઈચ્છીએ છીએ કે શાંતિ ? પોતાનું જોર ચાલે ત્યાં ક્રોધ અને પોતાનું જોર ચાલે એવું ન હોય તો શાંતિ, ખરુંને ? ક્રોધ આપણને ખરેખર ખરાબ લાગે છે ખરો ? ક્રોધ કરવો જ ન જોઈએ એવી આપણી મજબૂત માન્યતા નથી. ભગવાને ક્રોધ કર્યો પણ પ્રશસ્ત ક્રોધ કર્યો. એના હિત

માટે કર્યો. ભગવાન ક્યારેય અપ્રશસ્ત રાગ-દ્વેષ કરતા જ નથી.

**★ ઇન્સલ્ટ છતાં ઈઝી !**

રાજ્યના લોકો કમઠ તાપસનાં દર્શન કરવા ઊમટ્યા છે, ત્યારે ભગવાન કમઠને શાંતિથી સમજાવે છે. આ પંચાગ્નિ તપમાં હિંસા છે. ત્યારે કમઠ ભગવાનને કહે છે, 'કમઠ કહે સુણ રાજવી, તુમે અશ્વ ખિલાવો.' અર્થાત્ 'તમને ધર્મમાં શી ગતાગમ પડે ? ધર્મ તો અમારા જેવા યોગીઓનો વિષય છે. તમે રાજકુમાર છો, તમને તો માત્ર ઘોડા ચલાવતાં આવડે !' ભગવાનનું ઘોર ઇન્સલ્ટ થયું તોપણ ભગવાનને બિલકુલ દ્વેષ થયો નહિ. અનુકૂળતાઓ મળે તોપણ રાગ નહિ અને પ્રતિકૂળતાઓ મળે તોપણ દ્વેષ નહિ.

**★ યે અપને બસ કી બાત નહિ !**

તમે કહેશો કે ભગવાન આવું કરી શકે. કામરાગ, સ્નેહરાગ, દૃષ્ટિરાગ વગરનું જીવન ભગવાન જીવી શક્યા. યે હમારે બસ કી બાત નહિ હૈ...' તો હવે તમારા જેવા સંસારીનું એક્ઝામ્પલ સાંભળો. ભગવાન મહાવીરના પરમ ભક્ત શ્રેણિક મહારાજનો દીકરો નંદીષેણ પાંચસો કન્યાઓને પરણ્યો છે. ભગવાનની દેશના સાંભળીને નીકળી ગયો. કામરાગને દફનાવ્યો. એક વખત પોતાના શિષ્યોમાંથી એક શિષ્યનો દીક્ષામાંથી ભાવ ઊતરી ગયો. હવે એને ધર્મમાં સ્થિર કેમ કરવો ? નંદીષેણે એક પ્રયોગ કર્યો. ભગવાનનું સમવસરણ રચાયેલું છે. નંદિષેણે દીક્ષા લીધી છે એટલે પત્નીઓએ સફેદ સાડી પહેરી છે. કોઈ શ્રૃંગાર નથી કરેલો. તમામ પત્નીઓએ હવે સૌભાગી હોવા છતાં બ્રહ્મચર્ય પાળવાનું છે. આથી સાદગી સ્વીકારી છે.આવી પાંચસો પત્ની ત્યાંથી નીકળે છે. નંદીષેણ એમના શિષ્યને લઈ સમવસરણના દરવાજાની બહાર ઊભા છે. બધી સ્ત્રીઓને જતી જોઈને એ કહે છે કે, 'આ બધી મારી પત્નીઓ હતી, એમને છોડીને મેં દીક્ષા લીધી છે.' શિષ્ય સમજી જાય છે કે આવું સુખ છોડીને એમણે દીક્ષા લીધી ? મને તો આવું સુખ મળવાનું પણ નથી... તોય હું તો કેવી તુચ્છ બાબતમાં હું રાગી થયો ? નંદીષેણની પત્નીઓ પદ્મિની સ્ત્રીઓ હતી. પદ્મિની એટલે એ લોકોએ જે કપડું પહેર્યું હોય કે કપડાને તમે તડકામાં સૂકાવો તો એમાંથી એ લોકોના

પસીનાની એવી સુગંધ આવે કે એના પર ભમરા આવી જાય ! પરફ્યુમ લગાડવાની જરૂર જ નહિ. આવી સ્ત્રીઓને છોડી છે ! નંદીષેણે કામરાગને દફનાવી દઈને દીક્ષા લીધી અને એનો ભાઈ મેઘકુમાર પણ કામરાગ, સ્નેહરાગને ઠોકર મારે છે. પંદર-સોળ વર્ષની ઉંમરે આઠ કન્યાઓને પરણ્યો છે એના પિતાએ એક અલગ મહેલ લઈને આપ્યો અને આઠ પત્નીઓના આઠ મહેલ એની આજુબાજુમાં. વચ્ચે પોતાનો મહેલ. આખો દિવસ વિલાસ અને જલસા કરવા સિવાય કંઈ જ કામ નહિ કરવાનું. એક દિવસ ભગવાનની દેશના સાંભળીને તે દીક્ષા લેવાની વાત કરે છે. એના જીવનમાં પ્રબળ સ્નેહરાગનું નિમિત્ત છે. એ પિતાને કહે છે, 'મારે દીક્ષા લેવી છે. તમે હમણાં ઘરમાં વાત કરો. જો તમારી સૌની હા હોય તો હું આજે જ દીક્ષા લઈ લઉં...' મેઘકુમારે જેવી વાત કરી કે તરત માતા બેહોશ થઈ ગઈ ! કેવો સ્નેહરાગ ! મેઘકુમારના વિરહને સાંભળી પણ ન શકે. પિતા કહે છે કોઈ પણ હિસાબે તને દીક્ષા નહિ આપું. પોતે ભગવાન મહાવીરના ભક્ત છે અને દીક્ષા લેવા જેવી છે એવું સમજે છે, પણ સ્નેહરાગને કારણે પુત્રને દીક્ષાની ના પાડતાં કહે છે, 'દીકરા ! તારે દીક્ષા લેવી હોય તો એક શરત છે. તું એક વાર રાજા બન. તને એક વખત રાજા બનતો જોવાનું મારું અરમાન છે. પછી ભલે તારે દીક્ષા લેવી હોય તો લેજે.' દીકરો બોલ્યો, 'ભલે પિતાજી ! આપની શરત મને મંજૂર છે. આપ વહેલી તકે રાજ્યાભિષેકની તૈયારી કરો.'

મંગલ મુહૂર્તે રાજ્યાભિષેક પ્રારંભાયો. નવા રાજાને સિંહાસન પર બેસાડે પછી નિયમ અનુસાર જૂના રાજાએ નવા રાજાને હાથ જોડીને કહેવાનું કે, 'આજ્ઞા ફરમાવો. આપની આજ્ઞા મને શિરોમાન્ય રહેશે.' આ દ્વારા એમ સૂચવાતું કે હવે આ નવો રાજા છે અને તે મને પણ માન્ય છે. પ્રજાએ પણ હવેથી એને અનુસરવાનું છે. આવું જ અમારે આચાર્યપદવી વખતે થાય. આચાર્યપદવી આપે ત્યારે મોટા આચાર્ય મહારાજ નવા આચાર્ય મહારાજને પાટ પર બેસાડે. નવા આચાર્ય મહારાજ શિષ્ય હોય તોપણ ગુરુ સૌની સમક્ષ એમને ગુરુવંદન કરીને પૂછે : 'કંઈ કામકાજ હોય તો જણાવો.' એ દ્વારા તેઓ સંઘને એમ બતાવે છે કે હવે મને પણ આચાર્ય તરીકે એ માન્ય છે. તમે મને જે રિસ્પેક્ટ આપો છો એ જ રિસ્પેક્ટ હવે એમને પણ આપજો.'

મેઘકુમારે નવા રાજા તરીકે આજ્ઞા કરી, 'મારે તત્કાળ દીક્ષા લેવી છે, વરઘોડો કાઢવાની તૈયારી કરો !' જોયું ? સમગ્ર મગધનું સામ્રાજ્ય મળ્યું તોપણ એને કામરાગ અડ્યો નહિ. આવા પ્રેમાળ પિતા હોવા છતાં એને સ્નેહરાગ નડ્યો નહિ. તેઓ સંસારી હોવા છતાં એમણે કામરાગ, સ્નેહરાગને દફનાવી દીધા છે. એટલે આપણે પણ જો દફનાવવાની મહેનત કરીશું તો આપણે પણ સક્સેસ થઈશું.

હવે આપણે દૃષ્ટિરાગને આગળ જોઈએ. સ્વદોષદર્શન નહિ આવે ત્યાં સુધી દૃષ્ટિરાગ જશે નહિ. અગ્નિશર્માનું એક્ઝામ્પલ યાદ કરવા જેવું છે. અગ્નિશર્માના જીવનમાં ઉત્કૃષ્ટ સાધના છે. ૬૦,૦૦૦ વર્ષ માસક્ષમણના પારણે માસક્ષમણ કર્યાં છે. એક વર્ષનાં બારેક માસક્ષમણ એટલે ૬૦,૦૦૦ વર્ષનાં કુલ લગભગ ૭,૨૦,૦૦૦ માસક્ષમણ થાય. આવું કોઈ તપસ્વી અત્યારે જૈન સંઘમાં છે ? આપણું એટલું દીર્ઘ આયુષ્ય પણ નથી. અહીં તો માસક્ષમણ કેવું કરવાનું ? કશી તૈયારી ન હોય, દૂધપાક વગેરે તૈયાર ન હોય. એક જ ઘરે જવાનું અને ત્યાં જે મળ્યું એ વાપરીને માસક્ષમણ કરવાનું.

અગ્નિશર્માનું માથું ત્રિકોણ આકારનું, એકદમ વિચિત્ર છે અને રાજાના દીકરાએ તેનો એવો વિચિત્ર આકાર જોયો એટલે એને કુતૂહલ થયું. તમે જુઓ બે ફૂટનો માણસ અત્યારે વ્યાખ્યાનમાં આવે તો બધા જોવા માટે ટોળે વળી જશે એ માણસનેય બે હાથ- બે પગ છે, ફરક બસ એટલો જ છે કે એની હાઈટ ઓછી છે એમાં જોવા જેવું શું ? એ જ રીતે કોઈ નવ-દસ ફૂટની હાઈટવાળો માણસ આવે તોપણ સૌનું ધ્યાન એના તરફ જશે. આ કુતૂહલવૃત્તિ છે. પેલા રાજકુમારને આ વિચિત્ર આકારના છોકરાની મસ્તી કરવાની મજા પડી ગઈ. રાજાનો દીકરો હેરાન કરે તો એને કોણ રોકી શકે ? અગ્નિશર્માનાં માબાપ એને સમજાવે છે કે તારા કોઈ પૂર્વના કર્મનો ઉદય હશે, તેથી તું સહન કર. રોજરોજ થતી કદર્થનાથી કંટાળીને એ પોતાનું ગામ છોડીને નીકળી જાય છે. તાપસોના એક આશ્રમમાં જઈ પહોંચે છે. તાપસોએ એને ઉમળકાથી આવકાર્યો. તાપસોએ એને એવી ઉષ્માથી આવકાર્યો કે એણે ત્યાં જ દીક્ષા લઈ લીધી. તમે વ્યાખ્યાનમાં બેઠા હો અને કોઈ આવે તો એને બેસવા માટે જગા કરી આપવી જોઈએ છતાં ઘણા લોકો થોડું એડજસ્ટ કરીને

બેસવાની જગા કરી આપતા નથી. અરે, ભાઈ ! એક-દોઢ કલાક પછી તો આમેય આ જગા છોડી જ દેવાની છે. છતાં થોડી વાર માટે પણ મમત્વ રાખે કે હું આ જગા નહિ છોડું.

## ★ તફાવત સમજજો

સંસારમાં લોકો અગ્નિશર્માની મજાક કરતા હતા અને તાપસો એને 'મહાત્મા' શબ્દથી સત્કારે છે. અહીં એક વાત સમજજો. અન્ય સંન્યાસીઓના આચાર અને જૈન સાધુના આચારમાં જમીન-આસમાનનો ફરક છે. અન્ય સંન્યાસીઓ ગૃહસ્થનો વિનય કરે, એને 'પધારો' કહી સત્કારે પણ ખરા, ચા-પાણી દ્વારા સ્વાગત પણ કરે. અમારો એવો આચાર નથી. સપૉઝ, તમે મને વંદન કરવા આવો તો તમારું સ્વાગત-સન્માન કરવાનો મારો આચાર નથી. આવકાર પણ ન આપીએ કે 'આવો', 'બેસો' એમ પણ ન કહીએ. અમારા આચાર સાવ અલગ છે.

અગ્નિશર્માએ સંન્યાસ લઈને સાધના શરૂ કરી. માસક્ષમણના પારણે માસક્ષમણ કરવાનું. કપડામાં ઝાડની છાલ પહેરી લેવાની. શરીર લાકડા જેવું થઈ ગયું છે.

એક દિવસ રાજા ગુણસેન ઘોડા ચલાવતો-ચલાવતો ત્યાં આવે છે અને પૂછે છે કે, 'તમારે ત્યાં આટલા બધા સાધકો છે એમાં નંબર વન સાધક કોણ છે? મારે એનાં દર્શન કરવાં છે.' મુખ્ય તાપસે કહ્યું, 'અગ્નિશર્મા નામનો તાપસ છે એના જેવી સાધના અમારા આખા આશ્રમમાં કોઈ નથી કરતું.' ગુણસેન રાજા અગ્નિશર્મા પાસે જાય છે. એને પચીસમો ઉપવાસ છે છતાં પારણાની કોઈ ચિંતા નથી. રાજા ગુણસેન તેને પૂછે છે કે, 'તમને આવો વૈરાગ્ય કેવી રીતે થયો ? તમે આ બધું કેવી રીતે અને કયા હેતુથી છોડી શક્યા?'

અગ્નિશર્મા કહે છે, 'ગુણસેન નામના એક રાજકુમારનો મારા પર ઉપકાર છે. એણે મારી ખૂબ મશ્કરી કરી, મને હેરાન કર્યો. એ કારણે આજે હું અહીં પહોંચી શક્યો અને તાપસ થયો !'

તમે વિચારો, ગુણસેન પ્રત્યે એને જરાય દ્વેષ નથી. આ તરફ ગુણસેન

ગિલ્ટ ફીલ કરે છે. એ કહે છે, 'હું જ ગુણસેન છું અને આપ જેવા મહાત્માની મેં કદર્થના કરી એટલે આ ક્ષણે હું ખૂબ દિલગીરી અનુભવું છું. હવે મારા પર એક ઉપકાર કરો. હવે જ્યારે પારણું કરવાનું આવે ત્યારે મારા ઘરે રાખો.'

અગ્નિશર્મા કહે છે, 'આયખાનો શો એતબાર ? પાંચ દિવસ પછી હું જીવતો હોઈશ કે મરેલો હોઈશ એની કોને ખબર છે ? છતાં જો હું જીવીશ તો અવશ્ય તારા ઘરે આવીશ.'

જૈન સાધુ અને આ લોકોના આચારનો આ તફાવત પણ સમજો. અમને કોઈ ગોચરીની વિનંતી કરે તો અમે કન્ફર્મ નહિ કરીએ. જો હું કન્ફર્મ કરું અને આવું ત્યારે કોઈ કારણે તમારું ઘર બંધ હોય તો મને દ્વેષ થાય કે આ માણસ અક્કલ વગરનો - ભાન વગરનો છે. પહેલાં વિનંતી કરે છે અને પછી ઘર બંધ કરીને જતો રહે છે. પણ અમે કન્ફર્મ કર્યું જ ન હોય એટલે અમે તે વ્યક્તિને બ્લેમ કરી જ નહિ શકીએ. એણે જ્યારે કહ્યું કે 'ગોચરીપાણીનો લાભ આપજો' ત્યારે અમે કહ્યું, 'વર્તમાન જોગ.' હવે એનું ઘર બંધ હોય, એના ઘરે રસોઈ ન બની હોય, તો અમને એના પ્રત્યે દ્વેષ નહિ થાય. કારણ કે અમે એને ખાતરી આપી નહોતી કે તારે ત્યાં ગોચરી-પાણી વહોરવા આવીશું. અગ્નિશર્માએ તો કન્ફર્મ કરી નાખ્યું કે 'જીવીશ તો હું તારા ઘરે આવીશ.' અને એ એના ઘરે પહોંચ્યો. હવે એ જ દિવસે એવું બન્યું કે રાજાને માથું દુઃખવા આવ્યું. આખી રાજસભા ટેન્શનમાં હતી. એ જ સમયે અગ્નિશર્મા આવે છે. કોઈ એને જોતું જ નથી. એ પાછો વળીને નવું માસક્ષમણ લઈ લે છે. બીજા દિવસે રાજાને ખબર પડે છે. ફરી તેની પાસે જાય છે. અગ્નિશર્મા કહે છે, 'હવે તો મારું નવું માસક્ષમણ શરૂ થઈ ગયું છે.' રાજા માફી માગે છે અને કહે છે, 'ઠીક છે, હવે તમારા નવા માસક્ષમણના પારણાનો લાભ મને આપજો.' અગ્નિશર્મા બીજી વખત પારણા માટે ગયો. આ વખતે રાજાને ત્યાં દીકરાનો જન્મ થયો હતો, સૌ હરખઘેલા હોવાના કારણે કોઈ અગ્નિશર્મા તરફ જોતું નથી. એ પાછો આવ્યો. તમે વિચારો તમારે એકાસણું, આયંબિલ કે બિયાસણું હોય અને આવું થાય તો ? અગ્નિશર્માને રાજાએ પાછો ત્રીજી વખત બોલાવ્યો. ત્રીજી વખતે યુદ્ધની તૈયારી ચાલતી હોવાથી ધ્યાન ન રહ્યું. હવે આનો પિત્તો ગયો. એને ગુસ્સો

કરવાનું નિમિત્ત મળ્યું. તમારી રીતે વિચારીએ તો વાજબી નિમિત્ત છે. નેવું-નેવું ઉપવાસ થયા હોય, વારંવાર પારણા માટે આમંત્રિત કરવા છતાં એના તરફ ધ્યાન ન અપાતું હોય તો ગુસ્સો આવે કે ન આવે ? અગ્નિશર્માને થયું કે આ રાજા મને હેરાન કરવા માટે જ આમ કરે છે. આશ્રમના કુલપતિ એને સમજાવે છે, 'ભઈલા ! એવું નથી, આકસ્મિક આવું થઈ જાય છે. એના મનમાં તને હેરાન કરવાનો ભાવ નથી. તું ગુસ્સે ન થા.' એ કહે, 'આકસ્મિક નથી થતું, ઈરાદાપૂર્વક થાય છે.' બધા બહુ સમજાવે છે, છતાં એનો ગુસ્સો ઓછો થતો નથી અને નિયાણું કરે છે કે જો મારા તપની તાકાત હોય તો આને ભવોભવ મારનારો થાઉં ! ૬૦,૦૦૦ વર્ષની ઉગ્ર સાધના એળે ગઈ. શાસ્ત્રોમાં લખ્યું છે કે જ્યાં સુધી તમને સ્વદોષનો ગાઢ પક્ષપાત છે, તમે તમારા દોષો જોઈ નથી શકતા, ત્યાં સુધી ધર્મમાં તમારી એન્ટ્રી પણ નથી થતી. આટલી ઉગ્ર સાધના પછી પણ અગ્નિશર્માનો સંસાર જરા પણ કપાયો નહિ, ઊલટાનો અનંત સંસાર વધ્યો. અગ્નિશર્માએ અહીં વિચારવું જોઈતું હતું કે હું દુઃખી તો પારણાની ઈચ્છાને કારણે છું. આ વાત એ સમજી ન શક્યો.

**★ સ્વ-દોષ જોવાનું શીખીએ**

આપણા જીવનમાં આપણે સ્વદોષને જોતાં શીખીએ. આપણને ખબર પડવી જોઈએ કે મારામાં કેટલા દોષો છે. આપણને માન-કષાય હોય, માયા-કષાય હોય, લોભ-કષાય હોય; એ બધાને વાજબી ગણાવીએ છીએ. તમને પૂછવામાં આવે કે કોઈનાં મૅરેજ છે અને તે વ્યક્તિ મેકઅપ કરીને આવે તો એ વાજબી કહેવાય કે ગેરવાજબી ? તમે કહેશો મેકઅપ કરીને આવ્યા એમાં વળી શું ગેરવાજબી ? મેકઅપ એટલે તમે જે નથી એ તમે બતાવવા માગો છો. તમારા હોઠ લાલ નથી અને તમે તમારા હોઠ લાલ બતાવવા માગો છો. આ એક પ્રકારની માયા છે. હવે આ માયાને તમે વાજબી ગણશો તો તમારામાં દષ્ટિરાગ આવશે. તમે હોઠ લાલ કરો એનાથી પાપ લાગે પણ એ દષ્ટિરાગ નથી, પરંતુ તમે એ મેક-અપને વાજબી ઠેરવશો તો દષ્ટિરાગ આવશે. તમારો અનંત સંસાર વધારશે. તમને થશે કે કોઈ છોકરીનાં લગ્ન હોય તો એણે શ્રૃંગાર તો કરવાનો જ હોય ને ! એ શૃંગાર ન કરે તો શું વિધવાનો વેશ પહેરીને જાય? તમે મેકઅપ કરો એ અલગ વાત, પણ મેકઅપને આવશ્યક

સમજવાની ખોટી માન્યતા આવી ગઈ તો એ ખતરનાક. એવી અગણિત બાબતોમાં તમારી માન્યતા જ હોય છે. લગ્ન કર્યાં હોય તો હનીમૂન પર જાય જ ને? હનીમૂન પર ન જાય તો ક્યાં જાય? આખું વર્ષ ફરશે, પાંચ-પચાસ વર્ષ ફરશે, દુનિયાની કોઈ જગા બાકી ન રાખે તો ફરનારને પાપ બંધાશે. પણ હનીમૂન કરવા જેવું છે એમ લાગશે તો પાપના અનુબંધો ચાલશે. લોકો વર્ષમાં વીસ-પચીસ દિવસ કે વધારેમાં વધારે એક મહિનાથી વધારે બહાર ફરવા નહિ જતા હોય. પણ માન્યતાના કારણે ચોવીસ કલાક પાપ બંધાય. ફરવા જાય નહિ ત્યારે પણ એ લોકોને પાપ બંધાય. આજે નક્કી કરજો કે જેમાં દોષ લાગે એવી કોઈ બાબતમાં મારો પક્ષપાત નહિ જ હોય. તમે કદાચ કંઈક અયોગ્ય કે અનુચિત કરતા હો એવું બની શકે, તમારા જીવનમાં કોઈ વસ્તુ ખોટી કે ખરાબ હોઈ શકે, પણ એને ક્યારેય પ્રોત્સાહન ન આપો. હડકાયા કૂતરાને મારી નાખ્યું હોય અને એ એમ માને કે મેં પાપ કર્યું છે તો એનો હજી પણ નિકાલ થઈ શકે; પણ જેઓ પાપને કરવા જેવાં માને એમનો નિકાલ કોઈ કાળે પૉસિબલ નથી.

આપણા ધર્મમાં ભગવાને પાણી ઉકાળેલું પીવાની વ્યવસ્થા આપી છે. આજના ડોક્ટરો પણ ઉકાળેલું પાણી પીવું સારું કહે છે. તમે ભગવાનને ફોલો કરો છો કે ડોક્ટરને? તમે ભગવાનના નિયમોને ફોલો નથી કરતા, ડોક્ટર કહે એટલા નિયમો જ ફોલો કરો છો. ભગવાને કહ્યું છે એટલે નહિ, પણ ડૉક્ટર કહે કે રાત્રિભોજનનો ત્યાગ કરવાથી શરીરની ફિટનેસ ટકી રહે, પેટ પણ ન વધે. શરીર આખું સિમેટ્રિકલ રહે અને આપણે પછી જીમમાં જઈને જે મહેનત કરીએ છીએ એ મહેનત વ્યર્થ ન જાય - તો એને તમે ફોલો કરશો. જૈન આચારાસંહિતાની આ વૈજ્ઞાનિકતા આપણે વાયા ડૉક્ટર સમજવી પડે તો એ આપણી મજબૂરી ગણાય, ધાર્મિકતા નહિ.

★

॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥

# પ્રકરણ-૧૨

કામરાગસ્નેહરાગાવીષત્કરનિવારણૌ ।
દૃષ્ટિરાગસ્તુ પાપીયાન્ દુરુચ્છેદઃ સતામપિ ॥

**વીતરાગસ્તોત્ર-૬, પ્રકાશ ૧૦ શ્લોક**

અજ્ઞાન જ દુઃખનું મૂળ છે. અજ્ઞાનથી મોહ અને મોહથી રાગ-દ્વેષ થાય છે. રાગ-દ્વેષ ન હોય તો કોઈ દુઃખ નથી. 'હું કોણ' અને 'મારું કોણ' આ બાબતનું અજ્ઞાન ચાલ્યું જાય તો આપણું કલ્યાણ થાય. એ અજ્ઞાન મોહના કારણે જતું નથી. હું એટલે આત્મા. મારા આત્માના ગુણો એ 'મારું' છે. તમને લાગે છે કે દીકરો મારો છે, બિલ્ડિંગ મારી છે, ગાડી મારી છે આ બધું અજ્ઞાન છે. આ અજ્ઞાન કેમ નથી જતું ? અજ્ઞાન મોહ પર ટક્યું છે. મોહના કારણે રાગ અને દ્વેષ પેદા થાય છે. રાગ અને દ્વેષના કારણે આપણો સંસાર ચાલ્યા કરે છે. એ રાગ અને દ્વેષને આપણે ખતમ કરવા છે.

### ★ રાગનો ક્રમ

આપણે રાગને ઓળખવાની કોશિશ કરી રહ્યા છીએ. ત્રણ પ્રકારના ખરાબ રાગ કાઢી નાખવા જેવા છે : કામરાગ, સ્નેહરાગ અને દૃષ્ટિરાગ. આ ક્રમ પાછળ પણ કારણ છે. કોઈ પણ વસ્તુને ક્રમ આપવાનાં ખાસ કારણ હોય. જિનશાસનને ભણવાની પદ્ધતિ તમે શીખી જજો કે ક્રમ સિસ્ટમેટિકલી આપવામાં પણ કારણ છે. તમે પ્રતિક્રમણમાં 'સાત લાખ' સૂત્ર બોલો છો. જીવસૃષ્ટિની ગણતરી એમાં છે. સાત લાખ પૃથ્વીકાય, સાત લાખ અપકાય, સાત લાખ તેઉકાય, સાત લાખ વાયુકાય, દસ લાખ પ્રત્યેક વનસ્પતિકાય. આવો ક્રમ કેમ બતાવ્યો ? પૃથ્વીકાય પ્રથમ કેમ ? સૌથી મોસ્ટ અન્ડર ડેવલપ જીવ પૃથ્વીકાયના છે. પૃથ્વીકાયમાં જીવ જેવું કંઈ દેખાય જ નહિ. પૃથ્વીકાય ઓલમોસ્ટ જડ જેવા છે. એમનામાં જીવનાં લક્ષણ નથી દેખાતાં. એના કરતા થોડા ડેવલપ અપ્‌કાયના જીવ, ત્યારબાદ તેઉકાયના જીવ, પછી વાઉકાયના જીવ, છેલ્લે વનસ્પતિકાયના જીવ. એમના વિકાસક્રમમાં જીવ જેવાં લક્ષણ દેખાય. વનસ્પતિમાં જીવનાં લક્ષણો દેખાય. ક્રોધ, માન, માયા સ્પષ્ટ દેખાય.

પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાયમાં સ્પષ્ટ ન દેખાય. જીવનાં લક્ષણો સૌથી વધારે એકેન્દ્રિયમાં વનસ્પતિમાં દેખાય અને સૌથી ઓછાં પૃથ્વીકાયમાં દેખાય. એનાથી વધુ અપ્કાયમાં, એનાથી વધારે તેઉકાયમાં. માટે આ ક્રમ આપ્યો છે. એમ આપણે કામરાગ, સ્નેહરાગ, દૃષ્ટિરાગ પરિહરું એ મુહપત્તિના પડિલેહણ વખતે બોલીએ છીએ. પહેલાં કામરાગ પછી સ્નેહરાગ પછી દૃષ્ટિરાગ કેમ બોલવાનું ? કામરાગ કાઢવો કઠિન, તેના કરતાં સ્નેહરાગ કાઢવો વધારે કઠિન અને દૃષ્ટિરાગ એના કરતાં પણ કઠિન છે. એને કાઢવો અતિ દુષ્કર છે. પહેલા ધોરણ કરતાં બીજું ધોરણ કઠિન, બીજા કરતાં ત્રીજું, ત્રીજા કરતાં ચોથું.

કામરાગ કોને કહેવાય તો કહે પાંચ ઇન્દ્રિયના અનુકૂળ વિષયો એટલે હરવું, ફરવું, ખાવું, પહેરવું, નાચવું, સાંભળવું આ બધા વિષયો ગમવા એ છે કામરાગ. કામરાગી વ્યક્તિ મુખ્યત્વે સ્વાર્થી હોય. માબાપ દીકરાને જન્મ આપે, ઉછેરે. માબાપ એવી ઇચ્છાથી ઉછેરે છે કે દીકરો મોટો થઈને અમારા ઘડપણનો આધાર બનશે. માબાપનો એ કામરાગ છે. દીકરાને પણ માબાપની જરૂર હતી ત્યાં સુધી એમના કહ્યામાં રહ્યો. એનું ભણતર પતી ગયું, એનાં લગ્ન થઈ ગયાં, એની તમામ અનુકૂળતાઓ ગોઠવાઈ ગઈ એટલે એ માબાપને ભૂલી ગયો. એનો માબાપ પ્રત્યેનો કામરાગ હતો. કામરાગવાળી વ્યક્તિઓ આવી સ્વાર્થી હોય. મોટા ભાગની દુનિયા આવી જ હોય છે. એ લોકો ધર્મના ફિલ્ડમાં આવે તોપણ જુએ કે કયા મ. સા. પાસે ઉપધાન કરવા જઈએ તો પ્રભાવના વધારે મળશે ? કયા મ. સા.ના ભક્તો કરોડપતિ છે ? એમને ત્યાં જઈએ તો આપણી ઓળખાણ થાય તો આપણા દીકરાને ધંધામાં લગાડવો હોય તો કામ થાય. એ લોકોની ધારણા ખોટી પડે તો નારાજ થઈને કહેશે કે આ લોકોએ તો મોટીમોટી જાહેરાતો કરી પણ કંઈ આપ્યું નહિ. આ કામરાગ છે.

સ્નેહરાગીઓ કેવા હોય ? માબાપે દીકરાને ભણાવ્યો-ગણાવ્યો અને પરણાવ્યો. પછી દીકરો એમની સામે પણ નથી જોતો છતાં તેઓ એનું ખરાબ નહિ ઇચ્છે. એના પ્રત્યે રાગ યથાવત હોય. એ છે સ્નેહરાગ. દીકરો મુંબઈ રહેતો હોય. માબાપ ગામડામાં રહેતાં હોય અને માબાપનેકોઈ સમાચાર

આપે કે તમારા દીકરાની તબિયત સારી નથી, એની પત્ની સાથે એનું જામતું નથી અથવા એને ધંધામાં ભારે નુકસાન થયું છે; તો સ્નેહરાગવાળી વ્યક્તિ દુઃખી થશે. જેના પ્રત્યે સ્નેહરાગ છે એના તરફથી કશી અપેક્ષા નહિ રાખે. એની ઉપેક્ષા સામે પણ એ સ્નેહ જ વહાવશે. 'અરેરે, મારો દીકરો કેવો દુઃખી થાય છે !' કામરાગી વ્યક્તિ એમ કહેશે કે એ તો એ જ લાગનો હતો, જ્યારે સ્નેહરાગી વ્યક્તિ સંવેદના અનુભવશે.

ત્રીજો રાગ છે દૃષ્ટિરાગ. એ કેવો છે ? કામરાગનો પાયો છે સ્વાર્થ, સ્નેહરાગનો પાયો છે લાગણી અને દૃષ્ટિરાગના ત્રણ પાયા છે. પહેલો પાયો છે સ્વદોષદર્શનનો અભાવ.દુનિયામાં મોટા ભાગના લોકો પોતાના દોષોનું દર્શન કરી જ નથી શકતા એ કારણે એ દુઃખી છે.

આપણે અગ્નિશર્માની વાત કરી હતી. એના જીવનમાંથી કામરાગ અને સ્નેહરાગ કેટલી હદ સુધી નીકળી ગયા હતા ! અગ્નિશર્માએ ગુણસેનની હેરાનગતિથી સંન્યાસ લીધો. સંન્યાસ લીધા પછી માબાપને છોડ્યાં. માબાપ ગુણિયલ હતાં. દીકરો ગમે તેવો હતો છતાં એના પ્રત્યે વાત્સલ્ય હતું. માબાપે એને ઘરમાંથી કાઢી નથી મૂક્યો કે નથી અનાથાશ્રમમાં મૂક્યો. એવા માબાપને છોડીને એ નીકળ્યો. એણે સ્નેહરાગને તિલાંજલિ આપી. તાપસ થયો. તાપસ થયા પછી કરવાનું શું ? ખાવાનું કેવું ? કેટલી વખત ખાવાનું ? ત્રીસ ઉપવાસના પારણે ત્રીસ ઉપવાસ કરવાના અને આવું ૬૦,૦૦૦ વર્ષ સુધી કર્યું ! એ ૬૦૦૦૦ વર્ષ જીવ્યો, વધારે જીવ્યો હોત તો વધારે કરત. વળી એ પણ એક જ ઘરેથી ખાવાનું !

### ★ ગોચરી ઘેરઘેરથી શા માટે ?

અમારે જૈન સાધુઓને કેવું ? એક ઘરે વહોરવા ગયા અને ત્યાં ભીંડાનું શાક છે. 'ખપ નથી' કહીને બીજા ઘરે જઈએ. ત્યાં દૂધીનું શાક છે પણ એમાં ચણાની દાળ નાખેલી નથી તો નથી જોઈતું, રિજેક્ટ કરી નાખો. કાચાં કેળાં અને ટમેટાંનું શાક છે. લઈ લો. આ કેવું સારું ! તમે કહો કે આમાં ટફ આચાર કયો અમારો કે તાપસનો ? એક જ ઘરેથી પંદર રોટલી ખાઈએ ને તો કેવું લાગે? યજમાનને થાય આ કેટલું ખાય છે ! અલગ-અલગ ઘરેથી વહોર્યું હોય તો કંઈ ખબર પડે ? આવા કારણે અલગ-અલગ ઘરેથી ગોચરી લેવાનો

આચાર નથી, પરંતુ ક્યારેક એક જ ઘરેથી સંપૂર્ણ ગોચરી વહોરી લઈએ - ધાડ પાડી દઈએ તો પેલાને ફરીથી રસોઈ બનાવવી પડે. આવી વિરાધનાથી બચવા અલગ-અલગ ઘરે ફરવાનો આચાર છે, જુદી-જુદી ચોઈસ મળે એ કારણે નહિ.

સપૉઝ, કોઈને દીક્ષા માટે આ રીતે સમજાવવામાં આવે કે તારા ઘરે તારી મમ્મી કેટલી મીઠાઈ બનાવે ? જો તું દીક્ષા લે તો તને ઘણીઘણી મીઠાઈ મળે ! આ કામરાગનું પ્રલોભન છે. દીક્ષામાં તો બધું છોડવાનું હોય છે, છતાં લલચાવે કે અહીં સાધુ-સાધ્વીજી વહોરવા ઘેરઘેર જાય ત્યાં ઘણી બહેનોએ કુકિંગક્લાસ કરેલા હોય. તારી માએ કુકિંગક્લાસ કર્યા છે ? નથી કર્યા. હવે આ લોકો તો ફ્રેન્કી બનાવે, પિત્ઝા બનાવે, પાસ્તા બનાવે. બધું ઘરે બનાવેલું પ્યૉર જૈન ! કેક, બ્રેડ અને પાઉં પણ ઘરે બનાવેલાં ! દીક્ષાજીવનમાં તને વધારે મજા આવશે. અલગ-અલગ ઘરની મનફાવતી રસોઈ વહોરી શકીએ એ માટે ગોચરીધર્મ ગમે તો એ ખોટું છે.

અગ્નિશર્માના જીવનમાં કામરાગ બિલકુલ નથી. રસનેન્દ્રિય પર પૂરું નિયંત્રણ. ત્રીસ ઉપવાસના પારણે એક જ વખત ખાવાનું અને પાછું ઉપવાસ કરવાના. પાછું સૂઈ જવાનું નહિ, તડકામાં ધ્યાન કરવાનું ! તાપસોનું તો ઘાસનું છાપરું હોય. ચોમાસામાં પાણી ટપકતું હોય. રાત્રે સૂવું કેવી રીતે ? છતાં કોઈ ફરિયાદ નથી. શિયાળામાં ગમે તેટલી ઠંડી લાગે તોપણ બહુબહુ તો ઝાડનાં પત્તાં વીંટાળવાનાં. કપડાં પહેરવાનાં નહિ. એટલે પાંચ ઇન્દ્રિયના કોઈ પણ ભોગ એના જીવનમાં છે ? સ્નેહરાગ પણ છે એના જીવનમાં ? કામરાગ, સ્નેહરાગ ને ખતમ કરી નાખ્યો છે.

અગ્નિશર્માએ આટલું બધું ખતમ કર્યું, પણ એના જીવનમાંથી સ્વદોષનો પક્ષપાત નથી ગયો. અલબત્ત, દેખીતી રીતે એનામાં કોઈ પક્ષપાત નથી દેખાતો. તે પહેલી વખત રાજા ગુણસેનને ત્યાં પારણું કરવા ગયો ત્યારે પારણું થયું નહિ છતાં મન ઉપર જરા પણ અસર ન થઈ. બીજી વખત પારણું કરવા જાય છે ત્યારે પણ પારણું કર્યા વગર પાછા આવવું પડે છે. પાછા આવીને તરત નવું માસક્ષમણ શરૂ કરે છે. ત્રીજી વખત પણ પારણું કર્યા વગર જ પાછા વળવું પડે છે. ત્યારે વિચારવું જોઈતું હતું કે ગુણસેનનો કાંઈ દોષ

નથી. ખરેખર તો મને ખાવાની ઇચ્છા છે, એને ત્યાં મળ્યું નહિ એટલે હું દુ:ખી થાઉં છું.

## ★ રાગનું પોષણ, આપણું દૂષણ

મોટા ભાગના લોકો તાત્ત્વિક વિચારણા નથી કરી શકતા. અમે છ રી' પાલિત સંઘમાં ગયા હતા. ત્યાં મેં કહ્યું કે આપણે સતત દરેક બાબતમાં કામરાગને પોષવાની કોશિશ કરીએ છીએ. દેરાસર કે ઉપાશ્રયે કે ભાવનામાં પિક્ચરના ગીતના રાગ આધારિત સ્તવન ગવાય (ઇન્દ્રિયનો વિષય મળે) તો મજા આવે. છ રી' પાલિત સંઘમાં ગયા. વચ્ચે એક કલાક મળે છે તો કરવું શું? નિકટના સગાએ સંઘ કાઢ્યો છે, એટલે આવવું પડ્યું. એમાં વચ્ચે બે કલાક મળે તો ત્યાં પણ કામરાગ ભોગવી શકાય એટલા ભોગવવાના. રસ્તામાં કે વગડામાં પડાવ હોય ત્યાં કરે શું? ત્યાં બીજું તો કંઈ ન મળે. ટ્રાન્સ્પોર્ટેશન માટે ઊંટ રાખ્યા હોય તો ઊંટ પર બેસીને ફરવા જવાની કોશિશ કરે. મેં વાત કરી હતી કે ઊંટની બેસવાની અને ઊભા થવાની સ્ટાઇલ કેવી છે? એ બેઠો હોય પછી ઊભો થાય ત્યારે આડો થાય પછી રિવર્સમાં ઊભો થાય હવે આ લોકો બેસવા ગયા એની પર અને ખબર નહિ કે ઊંટ આવી રીતે ઊભો થાય છે અને પલાણ હતું નહિ એટલે પેલો જે વ્યક્તિ બેઠો એણે બરાબર ટાઇટ પકડ્યું નહિ એટલે જેવો ઊંટ વાંકો થયો એટલે એ પડી ગયો. અને ડાચું રંગાઈ ગયું! એકાદ બે ટાંકા આવ્યા. આખા સંઘમાં તો ખબર હતી નહિ. બે-પાંચ જણા ગયા હતા એમને જ ખબર હતી કે આ ભાઈ પડી ગયા છે. હવે એના ફ્રેન્ડે બધાંને કહેવા માંડ્યું કે આ ઊંટ પર બેસવા ગયો અને પડ્યો એટલે ટાંકા આવ્યા છે. પેલાને ગુસ્સો આવ્યો કે કેમ આખા ગામમાં મારી વાત ડિક્લેર કરે છે? હું પડ્યો તો પડ્યો, એમાં તારે શું છે? એને ગુસ્સો શેનો છે? તું આખા ગામમાં મારી જાહેરાત કેમ કરે છે? તેણે ખરેખર શું વિચારવું જોઈએ? મને ઊંટ પર સવારી કરીને ફરવાની લાલચ હતી એ કારણે હું પડ્યો અને એ કહે એમાં શું ખોટું છે? ઘણા લોકો ખાનગીમાં એકલાએકલા આઈસક્રીમ ખાવા જાય, ફરવા જાય અને ત્યાં કોઈ આકસ્મિક ગંભીર ઘટના ઘટે, અમુક લોકો ફેમિલીની મરજીવિરુદ્ધ પર્વત પર ટ્રેકિંગ કરવા જાય અને પડ્યા હોય એટલે હાડકાં ભાંગ્યાં હોય. પાડોશીઓ પૂછે કે ફ્રેક્ચર કેમ આવ્યું? કોઈ આવું પૂછે

તો એને કેવું લાગશે ? મોટા ભાગના લોકોને પોતાનો દોષ નથી દેખાતો. ઊલટાનો એ દોષને પોષે છે.

પાર્શ્વનાથ ભગવાનના પૂર્વભવમાં તેઓ બે ભાઈ હતા. મોટો ભાઈ નાના ભાઈની પત્ની સાથે ખરાબ વ્યવહાર કરે છે. નાના ભાઈને ખબર પડી જાય છે, પણ ઘરની વાત કહેવી કોને ? આ તો સગા ભાઈ અને પત્નીની આબરૂનો સવાલ હતો. એ ખૂબ કન્ફ્યુઝ્ડ હતો. રાજા સાથે એ લોકોને ફૅમિલી-રિલેશન હતાં, એટલે એને વાત કરે છે. રાજાએ ગુસ્સે થઈને કહ્યું, 'આવી નફ્ટાઈ ? આવો વ્યભિચાર ? એને તો ગધેડા પર બેસાડીને આખા ગામમાંથી બહાર કાઢવો જોઈએ !'

નાના ભાઈનો ઈરાદો તો માત્ર ઉપાય કરાવવાનો હતો, પણ રાજા કહે, 'મારા રાજ્યમાં આવો વ્યભિચાર કોઈ કાળે નહિ ચલાવી લેવાય. એને ગધેડા પર બેસાડીને ગામની બહાર કાઢ્યો. આમ જુઓ તો આ ભૂલ મોટા ભાઈની હતી, છતાં એને ગુસ્સો આવે છે કે મારા નાના ભાઈએ મારી જિંદગી બરબાદ કરી.

### ★ શ્વાનવૃત્તિ અને સિંહવૃત્તિ

આપણે આવું જ કરીએ છીએ. નિમિત્ત પર આક્રમણ કરીએ છીએ. સિંહ અને કૂતરામાં એક ખાસ ફરક હોય છે : તમે કૂતરાને પથ્થર મારશો તો એ પથ્થરને બચકું ભરવા જશે, આ શ્વાનવૃત્તિ છે. સિંહ એવું નહિ કરે, એ જોશે કે પથ્થર કઈ દિશામાંથી આવ્યો ? એ પથ્થર ફેંકનાર પર અટેક કરશે, આ સિંહવૃત્તિ છે. આપણે સિંહવૃત્તિ કેળવવી જોઈએ. આપણે જ્યાં અટેક કરવાનો હોય, જેને ટાર્ગેટ બનાવવાનો હોય એ તરફ જોતા જ નથી. ખરેખર તો આપણને આપણા દોષો તરફ દુર્ભાવ થવો જોઈએ. મોટા ભાઈએ એમ સોચવું જોઈએ કે મેં વ્યભિચાર કર્યો એનું આ રિઝલ્ટ છે. સ્વદોષનો જ્યાં સુધી પક્ષપાત રહેશે ત્યાં સુધી દૃષ્ટિરાગ જશે નહિ. એને કાઢવા માટે સેલ્ફ ઑબ્ઝર્વેશન કરવાનું શીખવું પડશે. મને બીજાના દોષો નથી ગમતા, તો મારા દોષો કોને ગમશે ? કોઈ વ્યક્તિ અભિમાની હોય અને આત્મશ્લાઘા કર્યા જ કરે, તો ક્યાં સુધી સહન થાય ? કોઈ નવી વહુ સાસરામાં આવીને એના પિયરનાં જ ગુણગાન ગાતી ફરે કે મારા પપ્પાના ઘરે તો કોઈ મહેમાન

આવે તો સીધું હોટલમાંથી બધું મંગાવી લઈએ. રસોઈની આવી બધી જફા અમે કરીએ નહિ. દરેક વાતમાં એના પિયરની બડાશો માર્યા કરે તો સાસરિયાંને એ કેમ ગમે ? એમ જ લાગે કે આ વહુ બહુ અભિમાની છે. બીજાનું અભિમાન તમને નથી ગમતું તો તમારું અભિમાન બીજાને કેમ ગમશે ? આપણે હંમેશાં એમ માનીએ છીએ કે આપણા દોષો બીજાઓને ગમવા જ જોઈએ. (ભલે બીજાના દોષો આપણને ન ગમતા હોય.) આ દોષ ન નીકળે ત્યાં સુધી દષ્ટિરાગ નીકળશે નહિ. આપણું કલ્યાણ થશે નહિ.

**★ બાપ હીટલર અને મા હંટરવાળી ?**

દીકરો ઍક્ઝામમાં ફેલ થાય અને પપ્પા એને તમાચો મારે તો એ કહેશે : મારો બાપ હિટલર છે ! એ એમ નથી વિચારતો નથી કે હું ભણ્યો નહિ ને રખડ્યા કર્યું એટલે હું ફેલ થયો. દીકરો બહાર રખડી-ભટકીને રાતે બહુ મોડો ઘેર આવ્યો. એની મમ્મી એને લડી તો કહે કે આ મારી મા નથી, હંટરવાળી છે. એના મોબાઈલમાં મમ્મીનું નામ ‘હંટર’ સેવ કરે. મમ્મીનો ફોન આવે તો વંચાય કે હંટરનો ફોન આવ્યો ! દીકરાએ ખરેખર તો પ્રાયશ્ચિત્તપૂર્વક એમ સોચવું જોઈએ કે મારે સમયસર ઘરે આવી જવું જોઈએ, મર્યાદા પાળવી જોઈએ. એને બદલે મમ્મી એને હંટર લાગે. આપણા દોષો આપણને દેખાતા જ નથી. સારા ઘરના લોકો સૂર્યાસ્ત પછી ખાસ કારણ વગર ઘરની બહાર પણ ન નીકળે. આજની જનરેશન મધરાત પછી પાર્ટીઓમાં જવા નીકળે ! થોડાં વર્ષ પહેલાં તો મોડામાં મોડા અગિયાર વાગ્યે બધા ઘરભેગા થઈને સૂઈ જતા. અત્યારે બધા મિત્રો કે સાળા-સાળીઓ ભેગાં થાય તો પરોઢ સુધી મસ્તી-મજાક અને ખાણી-પીણી કર્યા કરે. પછી દિવસે ઘોર્યા કરે અથવા સુસ્તીથી કામ કરે. એ કામમાં શો ભલીવાર આવે ? રાતના ત્રણ-ચાર ત્રણ વાગ્યા સુધી ફર્યા કરે એને તો ભૂત જ કહેવાય ને ! જો તમને કોઈ કંઈ કહે તો ઊલટાનો તમને એના પર ગુસ્સો આવે. દીકરીને વીસ વર્ષેય રસોઈ કરતાં ન આવડે અને એની મમ્મી લડે તો સામી આર્ગ્યુમૅન્ટ કરશે કે આખો દિવસ તારી કટકટ ચાલ્યા જ કરે છે. હું તો ત્રાસી ગઈ ! ખરેખર તો પોતે રસોઈ કરતાં અને ઘરકામ કરતાં શીખવું જોઈએ. ગૃહિણીનો એ આચાર છે. પણ અહીં તો ચોર કોટવાળને દંડે એવો ઊલટો ન્યાય પ્રસરી ગયો છે !

## ★ મારું આયખું ખૂટે જે ઘડીએ...

ગઈ કાલે જ એક ભાઈ બપોરે આવ્યો અને કહે, 'સાહેબજી, મારાં દાદી માટે ડૉક્ટરે કહી દીધું છે હવે એમની થોડીક જ મિનિટ બાકી છે, તો એમને નવકાર અને માંગલિક સંભળાવવા પધારોને ! એ પૌત્રે અગાઉ કદીય એમ નહોતું કહ્યું કે મારાં દાદીમા જીવતાં છે, એમના હાથ-પગ ચાલે છે, તમે ગોચરી વહોરવા પધારો તો તમને વહોરાવી શકશે.

ધર્મ ક્યારે અને કેવો કરવાનો ? છેલ્લે નવકાર સંભળાવી દેવા પૂરતો જ ? ભક્તિગીત કેવાં ગાઓ છો ? મારું આયખું તૂટે જે ઘડીએ ત્યારે મારા સ્વજન બનીને તમે આવજો...! હું જીવું ત્યાં સુધી મને ભટકવા દો, જ્યારે મરવા પડું ત્યારે આવજો અને ધર્મના બે-ત્રણ શબ્દો સંભળાવજો. પુણ્યપ્રકાશનું એ આખું સ્તવન નહિ સમજાવતા, બસ શોર્ટમાં એનું ક્રીમ કહી દેજો. 'ખામેમિ સવ્વ જીવે, સવ્વે જીવા ખમંતુ મે' બધા જીવોને હું ખમાવું છું, બધા જીવો મને ખમાવો.

## ★ પતિ-મહાશયોને ભલામણ

એક પ્રશ્ન આવ્યો હતો કે ફૅમિલીમાં કોઈ વ્યક્તિ આખો દિવસ સામયિક લઈને બેસી જાય એ થોડું ચાલે ? તમે દીક્ષા નથી લીધી એટલે તમારે સામાજિક કર્તવ્યો નિભાવવાનાં આવે એની ના નથી, પણ ધર્મને ન ભૂલો. ઘણાંના ઘેર પત્ની જાતે બધી રસોઈ કરે, નાસ્તા ઘરે બનાવે, અભક્ષ વસ્તુ ન લાવે, એનું કોઈ કર્તવ્ય ચૂકે નહિ. એને ફ્રી ટાઇમ મળે અથવા ટાઇમનું મૅનેજમૅન્ટ કરીને ધર્મ કરવા સમય કાઢી લે. પણ પતિને ધર્મ ગમતો ન હોય એટલે કહે, શું આખો દિવસ ધર્મ-ધર્મ કરે છે ? પત્ની જો એનું ગૃહિણી તરીકેનું કોઈ કર્તવ્ય ચૂકતી હોય તો એની ભૂલ ગણાય, પણ તમામ કર્તવ્યો નિભાવતી હોય અને ધર્મ કરતી હોય તો એની અનુમોદના કરવી જોઈએ. તમારે એને યથાશક્ય હેલ્પ કરવાની વૃત્તિ રાખવી જોઈએ. તમે નવ-દસ વાગ્યે ઊઠો તોય ઊલટાનો રૉફ મારો એ કેમ ચાલે ? તમે યોગ્ય સમયે ઊઠી જતા હો તો તમને ગરમ ચા-નાસ્તો આપે. મોડા ઊઠો તો તમારા માટે કિટલીમાં ભરીને એ વ્યાખ્યાનમાં ગઈ હોય તો એનો શો વાંક ? તમે એવી અપેક્ષા રાખો કે હું મોડો

ઊઠું તો એણે વ્યાખ્યાનમાં જવાનું નહિ. મને ગરમગરમ ચા-નાસ્તો કરાવવો એ એનું કર્તવ્ય છે. તો ભાઈ, તુંય સાંભળી લે કે એણે તારી સાથે લગ્ન કર્યા છે, કાંઈ ગુલામીખત નથી લખી આપ્યો. તું કર્તવ્ય અને ગુલામી વચ્ચેનો ડિફરન્સ નથી સમજતો એ તારી મૂર્ખામી છે.

**★ ચાલાક પત્નીઓને ભલામણ**

એ જ રીતે મારે પત્નીઓને પણ કહેવું છે કે એવરી સન્ડે તમે ડિમાન્ડ કરો કે મને બહાર લઈ જાઓ તો તમારો પતિ પણ તમારો ગુલામ નથી. તમારા પિતાજીએ તમને કોઈ રોબોટ ગિફ્ટમાં નથી આપ્યો. તમે કહો કે મને કંટાળો આવે છે, બહાર ફરવા લઈ જાઓ તો એ તમને ફરવા લઈ જ જાય એ જરૂરી નથી. બેઝિક કર્તવ્યો બંને પક્ષે હોય, એ બધાં ફુલફિલ થાય એટલું ઈનફ છે. ઘણી બહેનો એમ વિચારે છે કે અમારે શું આ રસોઈની જફા જ કર્યા કરવાની ? રવિવારે પણ શાંતિ નહિ ! અરે, બહેન ! તું રવિવારની ક્યાં વાત કરે છે ? તેં દીક્ષા લઈ લીધી હોત તો તને ૩૬૦ દિવસ શાંતિ મળી જાત. એકે દિવસ રસોઈ ન કરવી પડત ! હવે લગ્ન કર્યા છે તો એવું નહિ બોલ કે રવિવારે પણ મારે રસોઈ કરવાની ? બહાર ફરવા નહિ જવાનું ? ખોટી ડિમાન્ડ ન કરીશ. રવિવારે પણ રસોઈ કરવી પડે તો એ તમારી ફરજમાં જ આવે. કોઈને ચૌવિહાર કરવા હોય તો તમે એમ ન કહી શકો કે તમારે રાતે ખાવું પડશે. સાસુની સેવા કરવી પડે અને દાદીસાસુની સેવા પણ કરવી પડે. એમાં માથાકૂટ ન કરાય, નહિ તો તમે ફરજ ચૂક્યાં કહેવાય. ફેમિલીનાં વડીલો માટે સમયસર રસોઈ કર્યા વગર તમે સામાયિક લઈને બેસી જાઓ તો એથી ધર્મ નિંદાય. બીજી તરફ વડીલો પણ એમ ઇચ્છે કે વહુ ચોવીસે કલાક અમારી સેવામાં રહે તો એ પણ ખોટું છે.

અમારી પાસે ઘણી ચાલાક બહેનો આવે છે. એમને ખબર હોય આ ધર્મનો ડિપાર્ટમેન્ટ છે, અહીં અમુક લેંગ્વેજમાં જ બોલવું પડે. બહુ ઠાવકાં થઈને કહે, ‘સાહેબજી, મને તો ચૌવિહાર કરવાનું બહુ મન છે, પણ મારા શ્રાવકને ફાવે જ નહિ એટલે મારે રાતે ખાવું પડે છે. એમની સાથે મારે હોટલમાંય જવું પડે છે. એક છોકરીની તાજીતાજી સગાઈ થયેલી. એના ફિયાન્સેને લઈને આવી અને કહે, ‘સાહેબજી, આ શ્રાવકને થોડું ધર્મનું

સમજાવોને. એને ધર્મની વાત જરાય ગમતી જ નથી. એના મામાએ દીક્ષા લીધી છે, મારા દાદાએ પણ દીક્ષા લીધી છે. તો પાયાના થોડા તો આચાર હોવા જોઈએને ? પછી એ છોકરાએ બોલવાનું શરૂ કર્યું ત્યારે ખબર પડી કે એ છોકરીને હોટલમાં ખાવાના ભારે ચસકા હતા. ચાલાક બહેનો અમારી સામે વર્ણન તો એવું કરે કે એ જાણે કોઈ કસાઈ બકરાને લઈ કતલખાને ખેંચી જતો હોય એમ પત્નીને પતિ સાથે હોટલમાં જવું પડતું હોય ! ધર્મનું કોન્સ્ટિટ્યૂશન સૌને ધર્મનો સમાન હક આપે છે. તમે કોઈને કમ્પલસરી કહી ન શકો કે તું રાત્રિભોજન કર. એ સાડી પહેરવા ઇચ્છતી હોય તો તમે એને ફોર્સ ન પાડી શકો કે તારે જીન્સ-ટી-શર્ટ પહેરવાં જ પડશે. તમે ઝભ્ભો, ધોતી અને પાઘડી પહેરીને જીવન જીવવા ઇચ્છો તો એ પણ તમને ન રોકી શકે. ઘણી પત્નીઓ એમના પતિને લેંઘો-ઝભ્ભો પહેરવા નથી દેતી. અધિકારપૂર્વક કહે છે કે તમે લેંઘા-ઝભ્ભા લાવશો તો હું એ બધું બહાર ફેંકી દઈશ. આ તમારી અનધિકૃત ચેષ્ટા છે. પતિ તરીકે એ કર્તવ્ય ચૂકે, પૈસા કમાઈને ન લાવે અને ઘર પ્રત્યે બેજવાબદાર હોય તો તમારો કહેવાનો રાઈટ છે. પતિ ભગવાનની કોઈ આજ્ઞાનો અનાદર કરે તો કહેવાનો તમને રાઈટ છે, પણ મર્યાદા જાળવીને.

### ★ ગુરુજનોનો સાથ

જગડુશા શેઠની પત્નીએ રિસાઈને એક વખત જગડુશા સાથે છ મહિના સુધી વાત ન કરી. છ મહિના સુધી અબોલા રહ્યા. એના અબોલાને આચાર્ય મહારાજે એપ્રિસિયેટ કર્યા. તમારી ભાષામાં કહું તો આચાર્ય મહારાજે આગમાં પેટ્રોલ છાંટવાનું કામ કર્યું. બધાએ એકમતે કહ્યું કે તેં બહુ સારું કર્યું છે. પતિની સાથે બોલીશ જ નહિ, સામે પણ ન જોતી... બાર મહિના સુધી અબોલા ચાલે તો ચલાવજે. સંવત્સરી પર્વનો દિવસ આવે તોય તું નમતી નહિ ! એ ઝૂકે તો ઝૂકવાનું, બાકી તારે ઝૂકવાની કોઈ જરૂર નથી. 'મિચ્છા મિ દુક્કડમ્' પણ નહિ કહેવાનું. તું કાંઈ જ ખોટું નથી કરતી. છ મહિના સુધી એની પત્ની ન બોલી.

પતિ ધર્મ કરતો હોય તો પત્નીનો અધિકાર નથી કે તે એને અટકાવી શકે અને પત્ની ધર્મ કરતી હોય, તો પતિ પણ એને ન અટકાવી શકે. તમે ધર્મનો અર્થ ચોવિહાર, નવકારશી, પૂજા કે કંઈ બહારનું નહિ ખાવાનું

આટલો જ કરો છો. પણ તમારી પત્ની દીક્ષા લેવાનું કહે તો ? રસોઈ, પુત્રપાલન વગેરે કાર્યોની બીજા જવાબદારી લઈ લે તો દીક્ષાની પણ તમારાથી પત્નીને ના ન પડાય. જ્યારે તમે તો ૬૦ વર્ષની પત્ની દીક્ષા લેવા તૈયાર થાય તોપણ ના પાડો છો. હવે પુત્રવધૂઓએ ઘર સંભાળી લીધું છે, છતાં તમે દીક્ષા માટે પત્નીની ઇચ્છાને ટેકો આપો ખરા?

એકાઉન્ટમાં ડેબિટ કરવાનું હોય એ ક્રેડિટ કરો અને ક્રેડિટ કરવાનું હોય એ ડેબિટ કરો તો શું થાય ? આજ સુધી આપણે આપણા દોષો જોયા જ નથી. જેમણે દોષો બતાવવાની કોશિશ કરી એ આપણને કડવા લાગ્યા છે. તમે કોઈ ગુરુ મ. સા.ની નિશ્રામાં કરોડ રૂપિયા ખર્ચ્યા. એ જ ગુરુ મ.સા. ઊલટાનું તમને કહે : 'તું ભિખારી છે. આખો દિવસ શું ધંધો કરવા બીકેસીમાં જઈને વાંદરાની જેમ કૂદાકૂદ કરે છે ? ભિખારી પણ અમુક કલાક જ ભીખ માગે, આખો દિવસ નહિ...!' મ. સા. તમને આવા શબ્દો સંભળાવે તો કેવું લાગે ? મ. સા.ને બોલવાનું કંઈ ભાન છે ? સાધુની ભાષા આવી હોય ! મ. સા.થી ભિખારી બોલાય ? મ. સા. સાથે પણ ફાઇટિંગ થઈ જાય ને ? મ. સા.ને માફી મંગાવે ! ખરેખર વિચારવું જોઈએ કે મને કેટલો બધો લોભ છે !અને આ લોભને કારણે કૂતરાની જેમ એક ગલીમાંથી બીજી ગલીમાં ધંધા માટે ભટક્યા કરું છું. મહારાજ સાહેબની વાત સાચી છે, હું ખરેખર ભિખારી જ છું.

### ★ પકડમાંથી છૂટવું પડશે...

વર્ષોથી આવા દોષોની પકડના કારણે આપણે આપણું કલ્યાણ કરી શક્યા નથી. આ પકડમાંથી છૂટવાની કોશિશ કરશો તો જ તમારો દૃષ્ટિરાગ જશે. સ્વદોષરાગ કાઢવો હોય તો જીવનમાં સરળતા અને સત્ય-શોધકતા લાવવાની. કોઈ પણ માણસની વાત સમજવાની કોશિશ કરો, મ. સા. શું કહેવા માગે છે એ પકડવાની કોશિશ કરો. સરળ બનવાની કોશિશ નહિ કરો તો વક્રતા આવશે. તમે ઘરની બહાર નીકળતા હો અને કોઈ પૂછે કે 'ક્યાં જાઓ છો ?' તમે કહેશો કે 'બહાર જાઉં છું.' પણ સીધું નહિ બોલો કે હું રેલવેસ્ટેશન જાઉં છું કે કપડાં ખરીદવા જાઉં છું અથવા વ્યાખ્યાનમાં જાઉં છું. તમારી મમ્મીનો ફોન આવે, તમને પૂછે કે 'તું ક્યાં છે ?' તો કહેશો કે 'બહાર

છું.' તમે બહાર છો એ તો એને ખબર છે, એટલે તો એણે ફોન કર્યો છે. પણ બહાર ક્યાં છે એ એ કહેતા નથી. આ વક્રતા છે. સીધો કોઈ જવાબ જ નહિ. દરેક પ્રશ્નના આડાતેડા જવાબ આપવાની આડોડાઈને લીધે આપણામાં એટલી બધી વક્રતા આવી ગઈ છે કે સરળતા બિલકુલ રહી જ નથી. પરિણામે આપણો સંસાર વધતો જાય છે. સરળ બનીએ તો નુકસાન શું છે ? સીધું કહેવામાં વાંધો શો છે ? દીકરો ગોવા ફરવા ગયો હોય અને પાડોશી પૂછે કે ક્યાં છે તમારો દીકરો, દેખાતો નથી ? તમે કહો છો કે એ બહારગામ ગયો છે. જો તમે સ્પષ્ટ કહો કે 'એ ગોવા ફરવા ગયો છે' તો શું એ એમ કહેશે કે મારા દીકરાને કેમ ન લઈ ગયા ? પણ બસ છુપાવવાનું. કારણ વગર આવી માયા કરવાની. પાછી બધાને ખબર પડી જાય કે આણે માયા કરી.

### ★ ત્રીજો પિલર : ખોટી માન્યતા

હવે ત્રીજો પિલર સમજીએ. દેવ, ગુરુ અને ધર્મ - આ ત્રણની બાબતમાં વિપરીત માન્યતા એ ત્રીજો પિલર છે. દેવ, ગુરુ, ધર્મમાં કંઈ ખબર ન પડે પણ છતાં બધા પોતપોતાના સર્ટિફિકેટ આપ્યા કરે. સાધુનો માત્ર વેશ પહેરેલો હોય એટલે એને આપણા કરતા મહાન માની લેવાનો. આવું સ્ટેટમેન્ટ તો ભગવાને તો ક્યાંય કર્યું જ નથી, કોઈ આચાર્ય મહારાજ પણ એવું કહેતા નથી, તો આવી વાત તું લાવ્યો ક્યાંથી ? આ વાત તેં કાઢી ક્યાંથી કે માત્ર વેશ પહેર્યો હોય એ મહાન ? આ વાત થઈ ગુરુની. એમ દેવ વિશે પણ માન્યતા હોય છે. આટલા બધા લોકો શિરડી જાય છે, તિરૂપતિ જાય છે તો શું એ ભગવાન નહિ ? બસ, આપણા જ એક ભગવાન એવું કંઈ હોતું હશે ? એ જ રીતે ધર્મ માટે પણ વિપરીત માન્યતા હોય છે. બીજા કોઈ ધર્મમાં બટેટા ખાવાની ના નથી, આપણે ત્યાં જ મનાઈ. શું આપણો જ એક ધર્મ છે અને બાકીના શું ધર્મ નથી ? દેવ, ગુરુ અને ધર્મ ત્રણેની બાબતમાં આવી વિપરીત માન્યતા છે.

કોઈ પણ દોષને સમર્થન આપશો તો ફસાઈ જશો.

દૃષ્ટિરાગમાં વ્યક્તિ મૂઢ કે મુગ્ધ બની જાય છે. જે ગુરુ પકડ્યા એ જે કહે એ જ સાચું, જે ધર્મ પકડ્યો એ ધર્મની વાત જ સત્ય. બીજું બધું મિથ્યા કે ખોટું. તટસ્થતાથી વિચારવાની કોશિશ જ નહિ કરે. આ દૃષ્ટિરાગ છે. એમાં

મોટા ભાગના લોકો ફસાયેલા છે. મારા ગુરુએ આવી વાત કરી જ નથી, એટલે આવું હોઈ જ ન શકે. 'ભલા હૈ, બૂરા હૈ - જૈસા ભી હૈ, મેરા પતિ મેરા દેવતા હૈ' એવી વાત સંસારમાં કદાચ તમે ભલે ચલાવી લો, અહીં બિલકુલ ન ચાલે. 'જૈસા ભી હૈ, મેરા ગુરુ મેરા ગુરુ હૈ' એ ન ચાલે. અહીં તો ગુરુની કંડિશન્સમાંથી એ પાસ થવા જોઈએ. નાનો સાધુ પણ ગુરુ હોઈ શકે અને પચાસ-સો શિષ્યોને દીક્ષા આપનાર સાધુ ગુરુ ન પણ હોય. આમાં મોટા ભાગના લોકો છેતરાય છે અને ફસાય છે. એટલી હદ સુધી ફસાય છે કે ન પૂછો વાત !

એની એક સ્ટોરી તમને કહું.

### ★ નાગિલ અને સુમતિ

મગધ દેશમાં કુશસ્થળ નામના નગરમાં જીવા જીવાદિક નવતત્ત્વના જાણનાર સુમતિ અને નાગિલ નામના બે ધનાઢ્ય ભાઈ રહેતા હતા. બેસુમાર લક્ષ્મીના સ્વામી હોવા છતાં એ બંને માટે વિશેષણ વપરાતું : 'નવતત્ત્વના જાણકાર'. કર્મ અનુસાર જિંદગી પોતાનું રૂપ બદલે એમ આ લોકોની જિંદગીનું રૂપ બદલાયું. તેઓ ગરીબ થઈ ગયા. મોટા ભાગના લોકોને તો એક-બે સામાન્ય આપત્તિ આવે એટલે રોદણાં રડવા માંડે, 'અમે લોકો શું કરીએ ? એક પછી એક પ્રોબ્લમ આવ્યા જ કરે છે. પહેલાં દીકરો બીમાર થયો, એ સાજો થયો ત્યાં નોકરે વિદાય લીધી. એ પત્યું ત્યાં ધંધામાં નુકસાની થઈ. શું કરીએ, સાહેબ ? અમે કંઈ ખરાબ કરતા નથી તોય આવું કેમ થાય છે? કંઈ ખબર જ નથી પડતી...'

### ★ ધર્મ કરવા છતાં આપત્તિ કેમ ?

ધર્મ કરતા હતા છતાં અમને આવું થયું. તમારી માન્યતા તદ્દન ખોટી છે. ધર્મ જેવી સારી બાબતનું ફળ કોઈ દિવસ ખરાબ હોય ? સારી વસ્તુનું ફળ સારું હોય. તમે દયા કરો તો એની સામે કદીય ક્રૂરતા આવે ? એનું ફળ દયા જ મળે. આટલું શોર્ટ વિઝન હોય છે ! એ વિચારે છે કે મેં આ ભવમાં કોઈનું ખરાબ નથી કર્યું, તો મારી સાથે કેમ આવું થયું ? પહેલાં એને પૂછીએ કે 'કોઈનું ખરાબ નથી કર્યું' એટલે તું કોની વાત કરે છે ? શું તેં કોઈનું એટલે કે મનુષ્યનું, ગાયનું, તિર્યંચનું, એકેન્દ્રિયનું, બેન્દ્રિયનું, કોઈનું ખરાબ નથી

કર્યું? તું ગાડી લઈને નીકળે અને ચોમાસામાં અળસિયાં મરી ગયાં, અળસિયાંનું તેં ખરાબ કર્યું કે નહિ ? તમારા કહેવાથી ડીડીટી છાંટવા આવે અને મચ્છરોને મારી નાખે એ કોઈનું ખરાબ કર્યું કે ન કર્યું ? તમને કચોરી ભાવે છે એટલે વટાણા બાફી નાખ્યા એ સારું કર્યું કહેવાય કે ખરાબ ? તમે એમ જ માનો છો કે મેં કોઈનું ખરાબ નથી કર્યું એટલે કોઈ માણસનું ખરાબ કર્યું નથી. કોઈનું ખૂન કર્યું નથી એટલે કોઈ માણસનું ખરાબ નથી કર્યું. શું એકેન્દ્રિય જીવને તમે જીવ નથી માનતા ? કીડી શું જીવ નથી ? અળસિયાં શું જીવ નથી ? ઘરમાં કોક્રોચ થાય એટલે એને મારવાની દવા લાવીને હિંસા કરવાની ? દીકરાને બિઝનેસ એક્સપાન્ડ કરવા માટે મોટી જગા જોઈએ છે, તેથી વૃક્ષો કાપી નખાવ્યાં. પૃથ્વીકાયના અગણિત જીવ મરી ગયા, પણ આપણને લાગે છે મેં કોઈનું ખરાબ કર્યું નથી ! તમને ખબર જ નથી કે આ ભવમાં પણ તમે કેટકેટલું ખરાબ કર્યું છે. તમે એક પેશાબ કરો તોય અનંત જીવો મરે. પેશાબમાં ઉષ્ણતા હોય, એ ગટરોમાં જાય એથી લીલ-ફૂગ મરે. જ્યાં પાણી રહેતું હોય ત્યાં લીલ બાઝવાની શક્યતા રહે. ગટરોમાં લીલ જામી હોય ત્યાં તમારો પેશાબ જાય. તમે સાબુથી કપડાં ધુઓ અને સાબુ-પાવડરવાળું પાણી ગટરમાં જશે તો ત્યાં રહેલા એકેન્દ્રીયના જીવોને ખતમ કરી નાખશે. એ જીવોને તડપાવી-તડપાવીને માર્યા હોય અને તમે કહો કે મેં કોઈની સાથે ખરાબ વ્યવહાર કર્યો નથી. આ બધાં પાપથી બચવા પૌષધ કરો તો એકાદ દિવસ પૂરતું એ પાપોથી છૂટી જશો. પરંતુ તમને તો પૌષધમાં આખો દિવસ કંટાળો આવે ! તમારા લોકોના પ્રશ્ન પણ કેવા અજીબ હોય ! 'મારે ચૌદસનો પૌષધ કરવો હોય તો સવારે પાંચ વાગ્યે નહાઈને અવાય ? પૌષધ કરે તોય નાહવાનું ચુકાવું ન જ જોઈએ, બોલો !

પેલા બંને શ્રીમંત ભાઈઓની પરિસ્થિતિ એવી બગડી કે ડગલે ને પગલે નુકસાન જ જાય. ધંધો કર્યો તો એમાં નુકસાન, કોઈની સાથે વાત-વ્યવહાર કરે તો એની સાથે સંબંધ બગડે. ધીમેધીમે આબરૂ પણ ઘટવા માંડી. બંને ભાઈ વિચારે છે કે 'હવે અહીં રહેવામાં સાર નથી, હવે આ નગર છોડી દેવું જોઈએ. દ્રવ્યહીન થયા છીએ, તેથી ધન ઉપાર્જન કરવા માટે પરદેશ જઈએ.' બંને ભાઈ નગર છોડીને જઈ રહ્યા હતા. રસ્તામાં પાંચ સાધુ

મહારાજ અને એક શ્રાવક મળી ગયા. એ લોકો પણ સમજો કે અમદાવાદ જઈ રહ્યા હતા અને આ બે ભાઈઓ પણ અમદાવાદ જઈ રહ્યા હતા. આ પાંચ સાધુ અને એક શ્રાવકને જોઈને બંને ભાઈ ખુશ થઈ ગયા. સપૉઝ, તમે અત્યારે કહો કે, 'સાહેબજી, અમે લોનાવાલા જઈએ છીએ.' હું કહું કે, 'ત્યાં લોનાવાલામાં બીજા મ. સા. છે...' તમે વિચારશો કે જો લોનાવાલામાં મ. સા. હોય તો આપણે ત્યાં જવું નથી. આ બંને ભાઈઓને સાધુ મળી ગયા તો ખુશ થઈ ગયા. પૈસા અને પ્રતિષ્ઠા ખોવાયાં એનું દુઃખ નથી, સાધુ મળી ગયા એનો આનંદ છે. બંનેએ રસ્તામાં ચાલવાનું શરૂ કર્યું.

### ★ આ સાધુ તો શિથિલાચારી લાગે છે!

ચાલતાં-ચાલતાં પરસ્પરનો પરિચય થયો. બે ભાઈમાં એકનું નામ સુમતિ અને બીજાનું નામ નાગિલ છે. સુમતિ બાળજીવ છે, માત્ર બાહ્ય આડંબરથી ઈમ્પ્રેસ થઈ જાય એવો છે. નાગિલ એને કહે છે, 'આ મ. સા.ના આચાર સારા નથી, એમની સાથે રહીએ તો આપણને બહુ પાપ લાગે. મેં નેમિનાથ ભગવાન પાસે સાંભળ્યું છે કે આ પ્રકારના સાધુ અવંદનિક હોય છે. આપણે આ સાધુઓનો સંગ છોડી દઈએ, કેમ કે સાથે રહીએ તો એ સાધુઓ સાથે વાતો કરવી પડે, એમનો પરિચય કરવો પડે અને એમ કરતાં આપણામાં દોષો આવે. એ દોષો આવી જાય અને ભૂલેચૂકેય ક્યાંક એમની પ્રશંસા થઈ ગઈ તો ભારે પાપમાં પડી જઈશું.'

સુમતિએ કહ્યું, 'ભાઈ, નાગિલ! તું વક્રદૃષ્ટિએ દોષ જોનારો છે. મને તો આ સાધુઓ સાથે વાતો કરવી તથા ગમન વગેરે કરવું યોગ્ય લાગે છે.'

નાગિલે જવાબ આપ્યો, 'ભાઈ સુમતિ! હું મનથી પણ સાધુના દોષને ગ્રહણ કરતો નથી, પરંતુ મેં તીર્થંકરની પાસે કુશીલિયાને (શીલભ્રષ્ટને) નહિ જોવાનો નિશ્ચય કર્યો છે.'

સુમતિ બોલ્યો, 'ભાઈ, તું તો બુદ્ધિ વિનાનો લાગે છે. તારો એ તીર્થંકર પણ એવો જ હશે કે જેણે તને આવો નિષેધ કરાવ્યો...'

સુમતિ આગળ કાંઈ બોલે એ પહેલાં જ એના મુખ પર નાગિલે પોતાનો હાથ મૂકી દીધો અને કહ્યું કે, 'હે બંધુ! સંસારના કારણરૂપ આવું

બોલીને તું તીર્થંકરની આશાતના ન કર. આ સાધુઓ અનેક ખાનગી વિષયાદિ દોષોથી દૂષિત છે. હું તો તેમનો સંગ છોડીને જાઉં છું.'

સુમતિ બોલ્યો, 'હું તો પ્રાણાંતે પણ એમનો સંગ છોડવાનો નથી.'

સુમતિનો સ્પષ્ટ અને દઢ જવાબ સાંભળીને નાગિલ એકલો નીકળી પડ્યો. સુમતિએ પેલા સાધુઓ પાસે દીક્ષા ગ્રહણ કરી. તે અનંતકાળ રખડ્યો. સુમતિએ જે મ. સા. પકડ્યા એના બહુ મોટા દોષ પણ સ્વીકારવા એ તૈયાર નથી થતો. આ દૃષ્ટિરાગનું દૃષ્ટાંત છે.

### ★ કેવું રિઝલ્ટ મળશે?

તમે વિચારી શકો તો આ દૃષ્ટાંતમાં વિચારવા જેવી ઘણી મહત્ત્વની વાત છે. પેલા પાંચ સાધુઓએ તો ભગવાનનો વેશ પહેરેલો છે, ભગવાનની વાતો કરનારા છે અને એમના આચારમાં શિથિલતા હોવાથી એમની સાથે પણ રહેવાની ના પાડે છે. તમે બાળકોને સ્કૂલમાં મૂકો છો, ત્યાં ભગવાનની આજ્ઞાવિરુદ્ધનું જ ભણાવે છે એ વાત એની સમજમાં આવી. ક્યાંક કોઈ દોષનું સમર્થન આવી ગયું તો કેવું રિઝલ્ટ મળશે!

નાગિલને આ ડર છે, એટલે કહે છે કે આની સાથે રહેવાય નહિ. સુમતિએ સીધું કહેવા માંડ્યું, 'શું તારા બહુ ઊંચા આચાર છે? તું બહુ ઊંચો અને મ. સા. બહુ નીચા? કોઈ મ. સા. ગાડીમાં ફરતા હોય અને કોઈ શ્રાવક કહે કે મ. સા.થી આ ન કરાય તો મ. સા. એને ઉતારી પાડશે કે, 'તું તારું સંભાળને, ભાઈ. પોતે તો ધંધો કરવા જાય છે, લગ્ન કરે છે અને સાધુને ઉપદેશ આપે છે?'

શ્રાવકની ભૂમિકા અલગ છે અને સાધુની ભૂમિકા અલગ છે એ ન ભૂલવું જોઈએ. શ્રાવકના જીવનમાં કદાચ દોષ હશે તો એ દોષ ગુણ નહિ થઈ જાય, પણ સાધુમાં દોષ હશે એ નહિ ચાલે. ઘણા લોકો કહે છે, 'મારું ખુદનું જીવન ક્યાં ચોવીસ કેરેટનું છે કે હું બીજામાં ઇન્ટરફિઅર કરું? અત્યારે બધાનો એટીટ્યૂડ આવો બની ગયો છે. જોકે અમુક લોકો ચોવટિયા હોય છે. એ લોકોને પોતે તો કંઈ કરવું નથી અને સાધુના નાનામાં નાના દોષોને મૅગ્નિફાઈંગ ગ્લાસથી એન્લાર્જ કરીને જુએ છે, વાતેવાતે સાધુની નિંદા કર્યા

કરે છે. આ બંને એક્સ્ટ્રીમ ટાળવા જેવાં છે.

**★ મોટા ભાગે તો...**

આજે હજારો સાધુ-સાધ્વીજી મહારાજો ઉત્તમ આચાર પાળે છે. હું તમને એ પણ ખાતરીપૂર્વક કહું છું કે અત્યારે પ્રાયઃ દસેક હજાર સાધુ-સાધ્વીજી મહારાજ છે. એ બધાં ખાનદાન ફેમિલીમાંથી આવ્યાં છે. એમને ખાવા-પીવાના કે એવા બીજા કોઈ પ્રૉબ્લેમ નહોતા. આત્માની આરાધના કરવા માટે પોતાનાં પૅરન્ટ્સને રડતાં મૂકીને નીકળ્યાં છે.

એમના સંયમમાર્ગમાં તમે કોઈ પણ રીતે અંતરાયકર્તા બનશો તો તમારા માટે નરકનાં દ્વાર ખૂલી જશે. તેઓ સંસાર છોડીને નીકળ્યાં છે તો એમને પાછાં પતનમાં ન નાખો. ત્યાગ કરીને નીકળ્યા પછી કોઈ કારણે એમનામાં કોઈ દોષ આવી ગયો હોય તો એ દોષને કાઢવો જોઈએ. એની જગાએ તમે કાં તો સપૉર્ટ કરો છો અથવા એમની નિંદા કરો છો. આ બહુ ખોટું છે. મોટાભાગે તો બગાડનારા પણ તમે અને વગોવનારા પણ તમે જ છો.

★

॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥

## પ્રકરણ-૧૩

કામરાગસ્નેહરાગાવીષત્કરનિવારણૌ ।
દૃષ્ટિરાગસ્તુ પાપીયાન્ દુરુચ્છેદઃ સતામપિ ॥

**વીતરાગસ્તોત્ર-૬, પ્રકાશ ૧૦ શ્લોક**

આપણે જાણ્યું કે કામરાગ, સ્નેહરાગ અને દૃષ્ટિરાગ આ ત્રણ રાગ અત્યંત ખરાબ છે, એ આપણું સત્યાનાશ કરે છે. એકમાત્ર ધર્મરાગ કરવા જેવો છે. એ દ્વારા આપણું આત્મકલ્યાણ કરી શકાય છે.

કામરાગ એટલે પાંચ ઇન્દ્રિયના અનુકૂળ વિષયોની ઇચ્છા.

પાંચ ઇન્દ્રિય છે ઘ્રાણેન્દ્રિય (નાક), ચક્ષુરિન્દ્રિય (આંખ), શ્રવણેન્દ્રિય(કાન), સ્પર્શેન્દ્રિય (ત્વચા, સ્કિન) અને રસનેન્દ્રિય (જીભ). એ દરેકના અલગઅલગ વિષય છે. ઘ્રાણેન્દ્રિયનો વિષય સુગંધ છે, ચક્ષુરિન્દ્રિયનો વિષય રૂપ છે, શ્રવણેન્દ્રિયનો વિષય સંગીત છે, સ્પર્શેન્દ્રિયનો વિષય મૃદુતા છે, રસનેન્દ્રિયનો વિષય ભોજન છે. આ બધા વિષયોની ઇચ્છા એટલે કામરાગ. કામરાગને કારણે માણસ મરવા પણ તૈયાર થાય. એવી અગણિત ઘટનાઓ આપણે વારંવાર જોઈ, સાંભળી કે અનુભવી છે.

સ્નેહરાગ માણસને ખોખલો કરી નાખે. કોઈપણ વ્યક્તિ પ્રત્યે નિઃસ્વાર્થ લાગણી એ સ્નેહરાગ છે. સ્નેહરાગ સ્વાર્થને કારણે ન હોય. દીકરો ઘડપણમાં કમાઈને આપશે એવી સ્વાર્થવૃત્તિ હોય તો એ કામરાગ થયો, પણ દીકરો કશું જ કમાઈને ન આપે, એ ડિપ્રેશનમાં રહેતો હોય કે થોડો ગાંડો હોય છતાં પણ 'મારો દીકરો' એવી લાગણી ધબકતી રહે એને સ્નેહરાગ કહેવાય. સ્નેહરાગ કશા વળતરની અપેક્ષા ન રાખે. સામેથી મને કંઈ મળશે કે નહિ એવાં પલાખાં એને ન હોય.

### ★ નરો વા કુંજરો વા

મહાભારતના યુદ્ધ વખતે ભીમ અને અર્જુને સ્નેહરાગની સ્ટ્રેટેજીનો ઉપયોગ કર્યો હતો. એમણે વિચાર્યું કે સ્નેહરાગ વચ્ચે લાવીને યુદ્ધ જીતવું પડશે. એ લોકોને યુદ્ધ જીતવામાં સામા પક્ષે સમર્થ અંતરાય રૂપ ગુરુ

દ્રોણાચાર્ય છે. દ્રોણાચાર્યની સામે ફાઈટ આપી શકે એવા આ પક્ષે ફક્ત અર્જુન અને ભીમ છે, અર્જુન અને ભીમ દ્રોણાચાર્યની સામે લડી ન શકે કેમ કે બંનેના એ ગુરુ છે. તમે તો તમારા ઉપકારી સાથે ઝઘડી-લડી શકો. પત્ની કહે કે તમારી મમ્મી આખો દિવસ કટકટ કરે છે તો તમે બેશરમ થઈને મમ્મીને સીધું કહી દેશો કે, મમ્મી, તારું કટકટ હવેથી બંધ કરી દેજે.' જમાનો બદલાઈ ગયો છે. ઉપકારીની સામે આવું ન બોલાય. આ લોકોને તો ઉપકારી ગુરુની સામે લડવાનો પ્રસંગ આવ્યો ! પણ ગુરુ સામે જીતવાનુંય એટલું સરળ નહોતું. એટલે કોઈ યુક્તિ કરવી આવશ્યક હતી. ગુરુ દ્રોણાચાર્યનો દીકરો અશ્વત્થામા પણ યુદ્ધમાં સામે પક્ષે હતો. દ્રોણાચાર્યને પુત્ર પ્રત્યે વાત્સલ્યની લાગણી મજબૂત છે. જો એવું જાહેર કરવામાં આવે કે અશ્વત્થામા યુદ્ધમાં હણાઈ ગયો, તો ગુરુનું મોરલ તૂટી જાય અને જીતી શકાય. પણ સૌને ખબર છે આપણા બોલી દેવાથી ગુરુ થોડા માની જાય કે અશ્વત્થામા મરાયો ? કોઈ ભરોસાપાત્ર વ્યક્તિ કહે તો જ એ માનેને ! એ યુદ્ધમાં અશ્વત્થામા નામનો એક હાથી પણ હતો. એ હાથી મરાયો અને ચારે બાજુ હોબાળો મચ્યો કે 'અશ્વત્થામા હણાયો...' દ્રોણાચાર્યને યુધિષ્ઠિર પર પૂરો વિશ્વાસ હતો કે એ કદીય જૂઠું નહિ બોલે. યુધિષ્ઠિર ધર્મરાજા હતા. એ ક્યારેય અસત્ય બોલતા નહોતા. આ લોકો એમને કન્વિન્સ કરે છે કે તમારે વિજય માટે આટલી માયા કરવી પડશે. એ જૂઠું પણ નથી બોલતા અને સત્ય પણ નથી બોલતા. દ્રોણાચાર્ય જ્યારે યુધિષ્ઠિરને પૂછે છે, શું અશ્વત્થામા હણાયો ? યુધિષ્ઠિરે જવાબ આપ્યો અશ્વત્થામા હણાયો છે એ મને ખબર છે, પણ એ અશ્વત્થામા તમારો પુત્ર છે કે હાથી એની મને ખબર નથી. યુધિષ્ઠિર 'નરો વા કુંજરો વા' બોલે છે. દ્રોણાચાર્યને અશ્વત્થામા હણાયો એટલું જ સંભળાયું. આજુબાજુના ઘોંઘાટને કારણે 'નરો વા કુંજરો વા' સંભળાયું નહિ. દ્રોણાચાર્યનું પુત્ર પરના સ્નેહરાગને કારણે મૉરલ તૂટી ગયું.

આપણે આ દ્વારા એટલું શીખવાનું કે સ્નેહરાગ મોરલને તોડી નાખે. આપણું ઈનર લેવલ તોડી નાખે. રાગ પેદા થાય એટલે બેચેની પેદા થશે જ, તમે જીરવી જ નહિ શકો. કામરાગ અને સ્નેહરાગ તમને ભયંકર દુ:ખી કરશે. સ્નેહરાગનો પિલર છે નિ:સ્વાર્થ લાગણી અને કામરાગનો પિલર છે

સ્વાર્થ.

હવે દૃષ્ટિરાગ. દૃષ્ટિરાગના ત્રણ પિલર છે. એમાં આપણે સ્વદોષ પક્ષપાત વિશે વાત કરતા હતા. એમાં કામરાગનું એક ઉદાહરણ લઈએ અને એમાં જ દૃષ્ટિરાગની વાત કરીશું.

### ★ કુમાર નંદીનું દૃષ્ટાંત

કુમાર નંદી નામના સોનીને ઇન્દ્રિયસુખોની એવી તીવ્ર તલબ હતી કે એ પાંચસો પત્નીઓને પરણ્યો હતો. તમને લાગશે કે આ માણસ કેવો વ્યભિચારી હશે ! પણ એ વ્યભિચારી નહોતો. જે કુંવારી કન્યા હોય અને એનાં માબાપે એની સાથે પરણાવી હોય એની સાથે જ એનો સંબંધ રહેતો. આ વૉટ્સએપ વગેરેએ સદાચારનો ખાત્મો બોલાવી દીધો છે. પરપુરુષો અને પરસ્ત્રીઓ સાથેના તમારા સંબંધો વધી રહ્યા છે. તમારી કોની સાથે ચૅટિંગ ચાલે છે એની કોઈને ખબર જ ન પડે. પરંતુ કુમાર નંદી એવો માણસ નથી. તે સંસારી કામરાગી વ્યક્તિ હોવા છતાં એના થોડાક નોર્મ્સ છે. એ બીજી પરણેલી સ્ત્રી સાથે વાતો (ચૅટિંગ) નહિ કરે. ફક્ત પોતાની પત્ની સાથે જ ભોગો ભોગવતો, બાકી બીજા કોઈ સાથે કશો સંબંધ નહિ. ૫૦૦ કન્યાઓને પરણ્યો હતો અને કોઈ પણ સારી કન્યાને જુએ તો એને લગ્ન કરવાનું મન થઈ જતુ, પણ વ્યભિચારી નહોતો.

એક વખત દેવલોકમાં એક દેવ મૃત્યુ પામ્યા. એની દેવીઓ હાસા અને પ્રહાસા વિચારે છે આ પોસ્ટ માટે હવે યોગ્ય દેવ કોણ ? જે વ્યક્તિ અહીં જન્મી શકે એવો યોગ્ય પુરુષ કોણ ? તેમને આ કુમાર નંદી દેખાયો. દેવીઓ એની પાસે આવીને પોતાનું રૂપ બતાવે છે. કુમાર નંદી આફરીન થઈ જાય છે. દેવીઓ કુમાર નંદીને કહે છે કે તમે પંચશીલ પર્વત પર મળો. પંચશીલ પર્વત કેવી જગા છે ? તમે બરમુડા ટ્રાઇંગલનું નામ જાણતા હશો. એ ટ્રાઇંગલની અંદર ગયેલી કોઈ પણ વસ્તુ બહાર આવતી નથી. કાં તો એ અંદર જ ખતમ થઈ જાય છે અથવા અદૃશ્ય થઈ જાય છે. બરમુડા ટ્રાઇંગલ જેવી જ જગાએથી પસાર થઈને પંચશીલ પર્વત પર પહોંચી શકાય. તે પંચશીલ પર્વત પર પહોંચ્યો. દેવીઓ વિચારે છે આ માણસ એકદમ આપણા કામનો છે. પંચશીલ પર્વત સુધી આવ્યો અને ત્યાં ગયા પછી કહે છે અમે તો દેવીઓ

છીએ. તું આ શરીરમાં હોય ત્યાં સુધી અમારું તારી સાથે મિલન ન થઈ શકે. તારે જો અમારી સાથે લગ્ન કરવાં હોય તો તારે મરવું પડશે, દેવ થવું પડશે. કુમાર નંદી નિયાણું કરીને મરવા માટે પણ તૈયાર થયો. દેવીઓ તેને પંચશીલ પર્વત પરથી એના ઘરે મોકલે છે. ઘરે આવ્યા પછી નક્કી કરે છે કે હવે મારે જીવવું નથી. પાંચસો પત્નીઓમાં હવે તેને કોઈ ઇન્ટરેસ્ટ નથી. હવે તો એને હાસા અને પ્રહાસામાં જ ઇન્ટરેસ્ટ છે. દેવલોકમાં જવું હોય તો આપઘાત કરવો પડે. આપઘાત કરવા માટે, જેમ સ્મશાનમાં લાકડાંની ચિતા ખડકે એમ ચિતા બનાવીને અણશણ કર્યું. એ રીતે મરીને એ દેવલોકમાં જાય ! કુમાર નંદી કામરાગને કારણે મરવા માટે પણ તૈયાર થયો...

નાગિલ કરીને એનો એક મિત્ર ત્યાં આવે છે અને એને પૂછે છે, 'તું આપઘાત કરવા તૈયાર થયો છે? ગાંડા, આપઘાત કરાતો હશે? મનુષ્યભવની સાર્થકતા શું આમાં છે? તને જેટલું મળ્યું છે એ તારા પુણ્યથી મળ્યું છે. તને જે વધારે નથી મળ્યું એ તારાં પાપને કારણે નથી મળ્યું. તારે આ મનુષ્યભવ હજી તુચ્છ ભોગફળ મેળવવા માટે વેડફવો છે?' નાગિલ એને ઘણું સમજાવે છે, પણ એ સમજવા માટે તૈયાર નથી.

કોઈ વ્યક્તિ આપણી સાચી અને સારી વાત ન માને તો આપણને ગુસ્સો આવે. પરંતુ અહીં નાગિલ વિચારે છે કે સંસારનું સ્વરૂપ કેવું વિચિત્ર અને વિકૃત છે ! મારો મિત્ર એવી એક સ્ત્રી પાછળ મરવા તૈયાર થયો છે કે જે મળશે કે નહિ એની કોઈ ગેરેન્ટી નથી ! આટઆટલું સમજાવું છું, પણ એ સમજવા તૈયાર નથી ! એવા વિચારોમાંથી એ વૈરાગ્ય પામ્યો. દીક્ષા લઈ, આત્મકલ્યાણ કરીને બારમા દેવલોકમાં ગયો. એ પણ મરે છે. તમે જુઓ, કામરાગીઓ કેટકેટલું સહન કરતા હોય છે.

આપણે સંવત્સરીના પ્રતિકમણ વખતે બારી પાસેની જગા માટે કેવી પડાપડી કરીએ છીએ! ત્યાં બેસવાની ખુરશી માટેય કેટલી રામાયણ ચાલે! સંવત્સરીનું પ્રતિકમણ આખા વર્ષનાં પાપ ખપાવવા માટે કરવાનું હોય છે. અઢી-ત્રણ કલાકમાં પ્રતિક્રમણ પૂરું થઈ જતું હોય છે. લિફ્ટ એકાએક બંધ થઈ જાય...અડધો કલાક સુધી લિફ્ટનો દરવાજો ન ખૂલે, તમે એમાં ફસાઈ જાવ તો સહન કરો કે નહિ ? કમ્પલસરી જે સહન કરવું પડે એ કરવાનું, પણ

દેરાસરમાં, પ્રતિક્રમણમાં બારીવાળી જગા જોઈએ. એસી હૉલમાં પ્રતિક્રમણ કરાવો તો બધા ત્યાં જવા તૈયાર!

કુમાર નંદી બકરીની લીંડીની ચિતા કરાવી અનશન કરે છે. બકરીની લીંડી ખૂબ ધીમેધીમે બળે છે. નંદીનું શરીર બળે છે, લોહી બળે છે, માંસ બળે છે, છતાં એ ધ્યાનમાં મસ્ત છે. એ મરીને દેવ થાય છે. દેવ થઈને ભોગો ભોગવવાનું શરૂ કર્યું. તમને દેવલોક સારો લાગતો હશે, પણ એની એક કમનસીબી છે. ત્યાં જે સ્ટેટસ મળે એ કાયમ માટે રહે. એમાં ફેરફાર ન થાય. તમે નોકર તો નોકર અને માલિક તો માલિક ! તમારી ડ્યુટી પણ ફિક્સ. ઝાડુવાળા થયા તો ઝાડુવાળા જ રહેવાનું. કોઈ ફેરફાર ન થઈ શકે.

કુમાર નંદી સ્વામી અહીં અબજપતિ હતો. એણે કોઈ દિવસ હાથમાં ઝાડુ પણ નહોતું લીધું. એ માણસ ત્યાં દેવલોકમાં દેવ થયો તો ઈન્દ્ર એને ઢોલકાં વગાડવાનો આદેશ આપે છે. નંદીનો મિત્ર પણ ઊંચા દેવલોકમાં જ હતો, એ જાત્રા કરવા આવ્યો અને એણે નંદીને જોયો. તરત ઓળખી ગયો કે આ તો પૂર્વભવનો મારો મિત્ર છે. એની પાસે જઈને પૂછે છે કે તું મને ઓળખે છે ? નંદી એને ઓળખતો નથી. એનું અવધિ જ્ઞાન ઓછું છે. પેલો મિત્ર એને પૂર્વભવની વાત કરે છે. હવે એને ખ્યાલ આવે છે કે આ તો મારો મિત્ર ! એને એ પણ સમજાયું કે તેને કામરાગનો દંડ મળ્યો છે. વળી એ પણ સમજાયું કે કામરાગનાં ડફણાં પડવાથી એનો કામરાગ થોડો મંદ પડ્યો છે. એટલે હવે એને હોશિયારીપૂર્વક ધર્મ સમજાવવાની કોશિશ કરે છે.

ઘણા લોકો અહીં વ્યાખ્યાનમાં સાંભળેલી ધર્મની સારી વાતોનો ઘેર જઈને બધાં પાસે અમલ કરાવવા પ્રયત્ન કરે. ઘરનાં સ્વજનોને હેન્ડલ કરતાં ન આવડે એટલે કટકટ કરે. ધર્મ સમજાવવાનું કામ ખૂબ ધીરજપૂર્વક અને સમજદારી સાથે કરવું પડે. જો બળજબરીથી કે જડતાપૂર્વક ધર્મનું આચરણ કરાવવામાં આવે તો ઊલટું રિઝલ્ટ આવી શકે છે. એટલે તમારે કોઈને ધર્મ સમજાવવો હોય તો ગુરુના માર્ગદર્શનમાં સમજાવજો. નહિ તો તમે કટકટ કરીને એનામાં જે યોગ્યતા હશે એનો પણ નાશ કરી નાખશો. પછી ગુરુ પણ એને ધર્મ સમજાવી શકશે નહિ.

હવે મિત્રને થયું કે યોગ્ય ટાઈમ આવ્યો છે. હવે કુમાર નંદીને ખબર પડી ગઈ છે, પાપ-પુણ્યનાં ફળ પણ દેખાયાં છે કે આ મિત્રે સાધના કરી તો એ કેટલું બધું પામ્યો અને મેં કામરાગમાં તણાઈને કેટકેટલું ગુમાવ્યું ! હવે કુમાર નંદી મિત્રને પૂછે છે કે હું શું કરું ? મિત્ર એને સાધનાનો માર્ગ બતાવે છે. હવે એને કહેવું છે કે ભગવાનની મૂર્તિમાં કેવાકેવા અને કેટલા બધા ગુણો રહેલા છે. આવી મૂર્તિને એ જુએ અને એનામાં ગુણોનું આકર્ષણ પેદા થાય એવું કરાવવું છે. એ કહે છે, 'તું એક કામ કર. સિદ્ધાર્થ મહારાજાને ત્યાં જા અને વર્ધમાન (ભગવાન મહાવીર) દીક્ષા માટે તૈયારી કરી રહ્યા છે. તું ત્યાં ભગવાનની મૂર્તિ બનાવ...'

મૂર્તિ બનાવવી હોય તો વારંવાર એને ધારીધારીને જોવી પડે. માત્ર જોવાથી કાંઈ ન થાય. ભગવાનને દેરાસરમાં તો તમે પણ રોજ જોઈ આવો છો. માત્ર જોવાથી કંઈ ન થાય. મૂર્તિને ધારીધારીને જોશો તો ભગવાનના એકએક ગુણ પ્રત્યે આકર્ષણ જાગશે. તેને સમજાશે કે ભગવાનમાં કેટલી ગંભીરતા છે, ભગવાનનો વિનય, ભગવાનનું ઔચિત્ય બધું તેને સમજાશે અને એ ગુણો પ્રત્યે તેને અહોભાવ થશે. પોતાના દોષો દેખાશે. અહોભાવ થવાથી પૉસિબલ છે કે એ ધર્મ પામી જાય અને એનું કલ્યાણ કરી શકે. પહેલાં એને ગુણ સમજાવતા હતા તો ગુણ સમજવાની એની તૈયારી નહોતી. નાગિલ સમજાવતો હતો કે આ ગુણ નહિ દોષ છે, આવી રીતે મરાય નહિ તો એની સાંભળવાની તૈયારી પણ નહોતી. હવે અહીં ઉપાદાન ક્રિએટ થયું છે. માટે એણે બેસ્ટ ઉપાય તરીકે ભગવાનની મૂર્તિ બનાવવાની વાત કહી.

ભગવાનને ધ્યાનપૂર્વક જોતાંજોતાં બોધીબીજ પામી ગયો.

### ★ સ્વદોષદર્શન : સિદ્ધિમંત્ર

સ્વદોષદર્શન જીવનનો સિદ્ધિમંત્ર છે. એ મંત્ર મેળવવા માટે જીવનમાં બે વસ્તુ લાવવાની : એક તો ભૂલને ભૂલ તરીકે સ્વીકારી શકો એટલી સરળતા અને બીજી વાત સત્યનો પક્ષપાત. સરળતા અને સત્યનો પક્ષપાત લાવવાનાં. મોટા ભાગના લોકો સંસારમાં પણ સરળતા નથી લાવતા, માયા કરે છે.

એક છોકરો લગ્ન માટે છોકરી જોવા ગયો. છોકરીએ છોકરાને પૂછ્યું કેટલું ભણેલા છો ? છોકરાએ કહ્યું, એમબીબીએફ. છોકરીને થયું આને બહુ પૂછવામાં મજા નથી. આ બહુ ભણેલો લાગે છે અને મેં ફક્ત બીકોમ જ કર્યું છે. એણે કંઈ પૂછ્યું નહિ. સગાઈ થઈ ગઈ. છોકરો ધંધો કરતો હતો, કરોડપતિ હતો. એક વખત છોકરીએ પૂછ્યું, 'તમે એમબીબીએફ કર્યું છે ને? એ કઈ ડિગ્રી છે ? છોકરાએ કહ્યું, 'મેટ્રિક મેં બાર બાર ફેલ એટલે એમબીબીએફ ! આ વક્રતા છે. પેલીએ પૂછ્યું હતું કે તમે શું ભણેલા છો, તો એણે એસએસસી ફેલ એમ ચોખ્ખું કહેવું જોઈએ. એણે એવું ન કહ્યું અને જૂઠું પણ નથી બોલ્યો.

એક ભાઈને પૂછ્યું કે તમે કેટલું ભણેલા છો, તો કહે હાફ ગ્રેજ્યુએટ. આપણને લાગે કે એફવાય, એસવાયમાં છોડી દીધું હશે. ફરીથી પૂછ્યું કે હાફ ગ્રેજ્યુએટ એટલે શું ? તો કહે સેવન્થ પાસ ! સાતમી પાસ કહે તો કેવું લાગે ! હાફ ગ્રેજ્યુએટ કહે એટલે સામેવાળાને લાગે કે ભાઈ એજ્યુકેટેડ છે. ટીવાય અડધેથી કદાચ છોડ્યું હશે, પણ કૉલેજ તો કરેલી છે. જો એ સેવન્થ સ્ટાન્ડર્ડ કહે તો?

તમે એકએક માયા જુઓ. ઘણા લોકો ઊંચી હીલવાળાં ચંપલ પહેરે નહિ કેમ કે ચાલવાનું ન ફાવે તો પડી જવાય કે પગ મચકોડાઈ જાય. હવે કોઈની હાઈટ ઓછી હોય અને એને કોઈ સલાહ આપે કે તું ઊંચી હીલવાળાં ચંપલ પહેર ને ! તો તારી હાઈટ લેવલમાં લાગશે. તે એમ નહિ કહે કે મને એડીવાળાં ચંપલથી ચાલવાનું ફાવતું નથી. હાઈટ ભલે થોડી ઓછી લાગે, પણ પગ મરડાઈ ગયો કે ફ્રેક્ચર આવે તો ? કોઈ પર્મનન્ટ પ્રૉબ્લેમ આવી જાય તો મને કોઈ પરણશે નહિ ! હાઈટ થોડી ઓછી હશે તો હજી ખપી જઈશ... આવું સાચું કહેવાને બદલે એ એમ કહેશે કે મને હીલવાળાં ચંપલ નથી ગમતાં. તમે એક વાત માર્ક કરજો : મોટા ભાગે જેને ઘરમાં સારુંસારું ભોજન બનાવતાં આવડતું નહિ હોય એ એમ કહેશે કે ઘેર એવું બધું બનાવવાની માથાકૂટ શી કરવાની ? બજારમાંથી તૈયાર લાવી દેવું જોઈએ. એ સસ્તું પણ પડે અને ટેસ્ટી પણ હોય. પોતાને બનાવતા આવડતું નથી એટલે 'માથાકૂટ' કહે. જો બનાવતા આવડતું હોય તો કહેશે, 'બહારનું તે વળી ખવાતું હશે ?

એમાં સ્વચ્છતાની શી ખાતરી? વળી ઘરમાં બધું બની શકે છે.'

આજની યંગ જનરેશન હીરો-હીરોઈનને રોલમૉડેલ સમજે છે. કોઈ પિક્ચરમાં હીરોએ કોઈ ટીશર્ટ પહેર્યું હોય તો બધા એવું પહેરવાનું ચાલુ કરી દે. હીરો-હીરોઈન જેવું પહેરે એવું પહેરવાનું. ઘણા લોકો ગંજી જેવું ટીશર્ટ પહેરે જ નહિ. આપણે પૂછીએ કે કેમ નથી પહેરતો ? તો કહેશે, 'મને એવી બધી ફેશન ગમતી નથી !' એક્ચ્યુલી ફેશન ગમે તો છે, પણ આખા શરીરે રીંછ જેવા વાળ છે. એટલે એ છોકરો સ્લિવલેસ ટીશર્ટ પહેરશે નહિ અને કહેશે પેન્ટ-શર્ટ પૂરાં પહેરવા જોઈએ ! મ. સા. પણ મર્યાદામાં રહેવાનું કહેતા હતાને !' એમાં વચ્ચે મ.સા.ને નાખશે. હકીકતમાં શરીર પર એટલા બધા વાળ છે કે બધા કહેશે બાપની ખેતી વાવી છે, ઘાસ ઉગાડ્યું છે. આ બધું સાંભળવું ન પડે એટલે કહેશે કે મને ગમતું નથી. તમે આ બધી માયા-પ્રપંચથી ભરેલા છો. તમારા જીવનમાં ક્યારે સ્વદોષદર્શન આવશે ? કોઈ તમને પૂછે 'ધર્મમાં કેટલું આવડે ?' તમે કહેશો, 'સાહેબ બહુ નથી આવડતું.' હવે એનું પોસ્ટમોર્ટમ કરો. 'બહુ નથી આવડતું' એટલે થોડું તો આવડે છે. હવે પૂછીએ કે 'એમાં શું આવડે છે ?' તો કહેશો, 'પંચિંદિય, નવકાર પછીનું બીજું સૂત્ર.' એટલે લગભગ કંઈ નથી આવડતું ! પણ એમ નહિ બોલે મને કંઈ જ નથી આવડતું. અને ઘણી વાર એમ પણ બોલે, 'સાહેબજી, ધર્મમાં બહુ કંઈ નથી આવડતું...' એટલે એમ લાગે કે જાણે એને બે પ્રતિકમણ જેટલું તો આવડતું હશે. સ્પષ્ટ બોલો કે 'મને લોગસ્સથી આગળ કંઈ નથી આવડતું.' એટલે સામેવાળાને ખબર પડે કે તમારું લેવલ શું છે. પણ એકે જગાએ ચોખ્ખું બોલશે નહિ. બધી જગાએ માયા, પ્રપંચ કરશે. કોઈ છોકરાવાળાને ધાર્મિક અને સંસ્કારી છોકરી જોઈતી હોય અને એ તમારી દીકરી માટે પૂછે કે એને ધર્મમાં કેવી રુચિ છે, તો તમે કહેશો, 'મારી દીકરી પર્યુષણમાં તો વ્યાખ્યાનમાં જાય જ ! એને ધર્મમાં રુચિ છે.' દીકરીની સગાઈ થઈ જાય એ માટે ગોળગોળ અને અધૂરા જવાબો આપશો, ખરુંને ? આપણે માયા-પ્રપંચ એટલાં બધાં કરીએ છીએ કે ન પૂછો વાત. 'એક ચહેરે પે કઈ ચહેરે લગા લેતે હૈં લોગ.'

જ્યાં સુધી તમારામાં સ્વદોષદર્શન નહિ આવે ત્યાં સુધી તમે કલ્યાણ નહિ કરી શકો. એટલે આજથી જ નક્કી કરો કે કોઈ તમને તમારી ઊણપો

વિશે, તમારી ભૂલો વિશે કંઈ કહે તો એ સાંભળવાની તૈયારી રાખશો. કોઈ તમારા દોષો બતાવે તો એ સ્વીકારશો. આપણા દોષો સાંભળીને સીધા સ્પ્રિંગની જેમ ઉછળી નહિ પડવાનું. અત્યારે હું તમને બધાને કહું કે તમે બધા લોભિયા છો એક નંબરના, તો તમને કેવું લાગે? હોય લોભિયા પણ બતાવવું છે ઉદાર હોવાનું. મર્યાદા નામનીય નથી અને બતાવવું છે મર્યાદાવાન હોવાનું. વિનય-વિવેકનો છાંટોય ન હોય પણ બતાવવું છે અત્યંત વિનયી-વિવેકી હોવાનું. પોતાના દોષ સાંભળવાની તૈયારી જ નથી. એટલું નક્કી કરો કે મારે મારા દોષો જોવાની કોશિશ કરવી છે તો તમારામાંથી દૃષ્ટિરાગ દૂર થશે.

### ★ કામરાગ તો છૂટે, પણ...

કામરાગ અને સ્નેહરાગ છોડનારા ઘણા છે. મેં અગ્નિશર્માનું ઉદાહરણ આપ્યું હતું. ભગવાન મહાવીરના જમાઈ જમાલીએ પણ કામરાગ કેવો છોડ્યો હતો ! દુનિયામાં ભગવાનના શરીર જેવું કોઈનું શરીર નથી. ભગવાનની સુંદરતા સામે ઈન્દ્ર-ઈન્દ્રાણીનાં રૂપ તો પાણી ભરે ! ભગવાનનું આવું રૂપ હોય તો એમની દીકરી પ્રિયદર્શનાનું રૂપ કેવું હશે ! આવી રૂપવાન પ્રિયદર્શનાને છોડીને જમાલીએ દીક્ષા લીધી. પ્રિયદર્શના જેવી રૂપવાન પત્નીને છોડીને કામરાગને કેવો તમાચો માર્યો ! એણે દીક્ષા લીધી એની સાથે જ ૫૦૦ યુવાનોએ પણ દીક્ષા લીધી ! એમના પરિવારમાં સ્નેહરાગ પણ ઘણો છે. એ સંસાર છોડે તો બધા લોકોને દુઃખ થાય છે. સ્નેહરાગ મજબૂત છે. એવી વ્યક્તિ પણ ઉત્કૃષ્ટ સાધના કરે છે. છતાં એક વાર ફસાઈ ગયો. એનાથી એક વાત બોલાઈ ગઈ કે જે કાર્ય થતું હોય એને થયું ન કહેવાય. આ વાતને એ છોડવા તૈયાર થતા નથી. એ કારણે ભગવાન સામે બળવો પોકાર્યો. ઉત્સૂત્ર ભાષણ સુધી પહોંચ્યો. ભગવાનના શાસનમાંથી બહાર ફેંકાઈ ગયા. કામરાગ પૂરેપૂરો છોડ્યો હતો, સ્નેહરાગ છોડ્યો હતો, પણ પોતાની પકડ છોડી શક્યો નહિ. કદાગ્રહ છોડી શક્યો નહિ. સત્યને ગ્રહણ કરવાની તાકાત ન લગાડી, તો એનો પણ સંસાર વધ્યો. એ તો એણે સારો ધર્મ કરેલો એટલે પંદરમા ભવમાં ઠેકાણું પડી ગયું. બાકી ઉત્સૂત્ર ભાષણ કરે અને ઉત્કૃષ્ટ ભાવ હોય તો અનંત સંસાર વધી જાય.

મરીચિએ પણ કામરાગ છોડ્યો હતો. એક તો એ ચક્રવર્તીનો દીકરો, વળી એના શરીરમાંથી એવાં કિરણો નીકળે કે આજુબાજુ અજવાળું પથરાય ! આવા મરીચિએ પણ સંસાર છોડ્યો. ત્રણ લાખ ભાઈઓને છોડીને નીકળ્યા. કામરાગ અને સ્નેહરાગ દઢપણે છોડ્યા. મરીચિને તમામ વિષય સુખ ભોગવવા મળતાં હતાં. એ બધું છોડીને નીકળ્યા પછીય શિષ્યનો મોહ પેદા થયો અને ઉત્સૂત્ર ભાષણ થઈ ગયું. દોષને છોડી શક્યા નહિ. એક કોટાકોટિ સાગરોપમનો સંસાર વધ્યો.

**★ તો પતન રોકડું જ છે !**

દોષોનો પક્ષપાત આવી જાય તો પતન રોકડું થઈ જાય. એટલે નક્કી કરો કે હવેથી મારે એકદમ સરળ બનવું છે. આમેય તમે સંપૂર્ણ જૂઠું તો કરી જ નહિ શકો. કેટલુંક તો સાચુંય કરવું જ પડશે. તમને ભૂખ લાગી હોય અને તમારી પત્ની પૂછે કે ભૂખ લાગી છે કે નહિ ? તો તમે 'નથી લાગી' એવું થોડું કહેશો ? કેટલીક જગાએ તમારે સત્ય બોલવું જ પડશે. કોઈ તમને પૂછે તમારું નામ શું ? તમારે કહેવું જ પડશે જયંતીભાઈ. રમણભાઈ બોલશો તો નહિ ચાલે. એટલે સત્ય બોલવું જ પડશે. આપણને અનુકૂળ આવે ત્યાં આપણે સત્ય બોલીએ છીએ, પ્રતિકૂળતા લાગે ત્યાં અસત્ય બોલીએ છીએ. પૂર્ણ સત્ય પણ ન ફાવે અને પૂર્ણ અસત્ય પણ ન ફાવે.

એક વાત યાદ રાખજો કે માયા કરશો તો ઓછા કૂટાશો, એનો નિકાલ સંભવતઃ થઈ શકશે, પણ માયા કરવા જેવી છે એવું માનશો તો કુટાઈ મરશો. આપણે બધી જગાએ માયા-પ્રપંચ કરીએ છીએ. એટલે આજથી કોઈ પૂછે ક્યાં જાઓ છો ? તો કહેવાનું ધંધો કરવા જાઉં છું. કોઈ પૂછે આજે કેટલું કમાયા ? તમારી પાસે ચાર બીએચકેનું ઘર છે એટલે બધાને ખબર છે પ્રોપર મુંબઈમાં એ મિનિમમ ચારથી પાંચ કરોડની પ્રૉપર્ટી ગણાય. તમારી પાસે પાંચ કરોડની જગા છે તો તમારી કમાણીનો અંદાજ સૌને આવી જ જશેને ? તમે સાચી આવક કહી દેશો તો શું થઈ જશે ?

તમને એવો સંશય હશે કે કોઈકની નજર લાગી જશે અથવા જેની ઈન્કમ ઓછી હોય એને કદાચ ઈર્ષા ઉત્પન્ન થાય. તો ચાલો, હવે તમારા એ

સંશયનુંય પોસ્ટમોર્ટમ કરીએ. સપૉઝ, સામેની વ્યક્તિ પાસે ફોરવ્હીલર નથી. નેનો કાર તો દોઢેક લાખમાં જ આવી જાય છે. તમે વિચારો કે દોઢ લાખ રૂપિયા મારી પાસે રહે કે ન રહે મને ખાસ ફરક પડશે ખરો ? એ દુઃખી છે, તો એને તમે નેનો કાર લઈ આપશો ? એની ઈર્ષાની ચિંતા કરો છો તો એની ઈર્ષાના કારણનો ઉપાય કેમ નથી કરતા ? બીજી રીતે એમ પણ વિચારી શકાય કે કોઈને ઈર્ષા થાય એમાં તમારો શો વાંક ? એણે તમને પૂછ્યું કે કેટલા કમાયા ત્યારે તમે સાચો જવાબ આપ્યો છે. તમે એને સામેથી કહેવા તો નથી ગયાને ? પછી તમને કોઈ પાપ લાગે ? સામેવાળાએ જાતે આપઘાત કર્યો અને મર્યો એમાં તમને કોઈ પાપ ન લાગે. તમે એને કહ્યું હોય કે તું મર અને એ મરે તો તમને પાપ લાગે. એ ઈર્ષા કરે એનું પાપ તમને નહિ લાગે. ચિંતા ન કરો. થોડાં વરસ અગાઉ તમારા કરતાં એ પૈસાવાળા હતા અને હવે એ લોકોને ક્રાઈસીસ આવી ગઈ. હવે એ લોકો આર્થિક સંકડાશમાં આવી ગયા છે અને તમારા ઘરે બીએમડબલ્યુ આવી ગઈ તો તમે શું કરો ? કોઈને ઈર્ષા થાય તમારો શો વાંક ? તમે અબજોપતિ થઈ ગયા અને તમારા કોઈ સંબંધીને ઈર્ષા થાય છે તો શું તમે તમારા અબજો રૂપિયા ફેંકી દેશો ? તમને એણે સામેથી પૂછ્યું છે કે તમે કેટલા કમાયા ? હવે એને ઈર્ષા થાય, મૈત્રી થાય કે ગમે તે થાય; એ માટે તમારે ખોટું શા માટે બોલવાનું ? એ ભલે ગમે તે સમજે, તમને કહેવામાં વાંધો શો ?

### ★ પત્ની સામેય માયા-પ્રપંચ !

તમે જુઓ જગતની સ્થિતિ કેવી છે ! પોતાનાં માબાપને તથા પરિવારને છોડીને આવેલી નવીનવી પુત્રવધૂ એના પતિને પૂછે કે આપણે કેટલા કમાઈએ છીએ ? પેલો સાચો જવાબ નહિ આપે. પતિ ઠાવકાઈથી કહેશે હું પૂરતું કમાઉં છું, તારે શું ટેન્શન છે ? તને શું જોઈએ છે એ બોલ ! તું એ માથાકૂટ મૂક કે હું કેટલા કમાઉં છું. પત્નીએ કંઈ માંગ્યું તો નથી જ, છતાં પતિ સાચો જવાબ આપવાનું ટાળે છે ! તમે ખૂબ કમાતા હો અને એ કંઈક માંગે તો તમારું કર્તવ્ય પણ છે કે એને આપવું જોઈએ ! એ જે કંઈ ઉચિત માગે એ લાવી આપવાનું તમારું પતિ તરીકેનું કર્તવ્ય છે. એણે તમને પોતાનું સમગ્ર જીવન સોંપ્યું છે. એ તમને કહે કે, 'મારે સોનાની વીંટી જોઈએ છે, જો તમે કમાયા

હો તો લાવી આપો.' એમાં ગેરવાજબી માગણી શી છે ? તમારી પાસે એણે સોનાની વીંટી માંગી કારણ કે તમે લાખ રૂપિયા કમાયા હતા. જો તમે પચાસ લાખ કમાયા હો તો એ કહી શકે કે મને રિયલ ડાયમંડની વીંટી લઈ આપો. આમે તમારે પાંચ લાખ ક્યાંક તો લગાડવા જ પડત ને ? તો આ સોનું લઈને ઘરમાં રાખ્યું. ભવિષ્યમાં એ કામમાં જ આવવાનું છે. આમાં ક્યાં એણે કશું વેડફી નાખ્યા છે ? ઊલટાનું સોનાના ભાવ વધશે એનો લાભ મળશે. તમે પાંચ લાખ રૂપિયા કોઈને વ્યાજે આપત અને પાર્ટી ઊઠી પણ જાત. એના કરતા પાંચ લાખ ઘરમાં તો રહેશે. હા, પત્નીની અયોગ્ય માંગણી હોય તો એને ના પાડી શકાય. એ એમ કહે કે મારે રોજરોજ દસ હજારની સાડી એક જ વખત પહેરીને ફેંકી દેવી છે, તો એ એની અયોગ્ય ડિમાન્ડ છે.

તમારી પત્ની તમને બે ટાઈમ રસોઈ કરીને જમાડે છે. તમારાં સંતાનોને ઉછેરે છે, તમારો વિચિત્ર સ્વભાવ આજ સુધી નભાવ્યો છે નહિ તો ક્યારનાય છૂટાછેડા થઈ ગયા હોત ! આવી પત્ની તમને કહે છે કે જો તમે કમાયા હો તો મને લાવી આપો. તોપણ તમે કહેવા તૈયાર નથી એ તમારો લોભકષાય કહેવાય. ગાઢ લોભ-કષાયને લીધે કોઈ મ. સા. તમને કહે તમે ખરાબ છો અને મરીને નરકમાં જશો તો સાંભળી શકો ? તરત તમે કહેશો કે ભલે અમે મરીને નરકમાં જઈશું તમે એકલાએકલા સ્વર્ગમાં જજો. તમારો લોભકષાય કેવો પ્રબળ છે. તમને તમારી પત્ની પૂછે કેટલા કમાયા તમે સાચો જવાબ આપી દેશોને ? પૉસિબલ છે કે તમે તમારી પત્નીને પૂછો કે તારી પાસે કેટલી સાડી છે, તો એ તમને કહેશે કે, 'છે હવે, તમારે શું છે ?' એ સાચો જવાબ નહિ આપે. એ વિચારશે કે જો હું મારી પાસે એકસો સાડી છે,એમ કહીશ તો મને નવી સાડી લાવવા નહિ દે. આ બહેનોનો લોભ-કષાય છે. દોષોને જોવાની કોશિશ કરજો.

★

॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥

## પ્રકરણ-૧૪

કામરાગસ્નેહરાગાવીષત્કરનિવારણૌ ।
દૃષ્ટિરાગસ્તુ પાપીયાન્ દુરુચ્છેદઃ સતામપિ ॥

**વીતરાગસ્તોત્ર-૬, પ્રકાશ ૧૦ શ્લોક**

### ★ બહારથી ધર્મરાગ, ભીતરથી સંસારરાગ!

અજ્ઞાન (મિથ્યાજ્ઞાન)ને કારણે મોહ પેદા થાય છે. અમે મુમુક્ષુ હતા ત્યારે એક મુમુક્ષુ સારું ગાતા હતા. પ્રતિકમણમાં એ મુમુક્ષુએ સ્તવન સુંદર રીતે ગાયું. એક ભાઈને ભ્રાંતિ થઈ કે સ્તવન મેં ગાયું છે, એટલે બીજે દિવસે એ ભાઈ મને કહે, 'તમે સ્તવન સંભળાવો ને ! તમારો કંઠ મધુર છે. કાલે તમારા કંઠે સ્તવન સાંભળીને ખૂબ આનંદ થયો.' મેં કહ્યું કે 'ગાયન બાબતે મારો કંઠ જરાય સારો નથી.' તો કહે, 'એ તો જેનો કંઠ સારો હોય એ આવું જ બોલે ! તમે પ્રતિકમણમાં ગાયું એ મેં સાંભળ્યું હતું.' મેં ખુલાસો કર્યો કે 'એ મેં નહોતું ગાયું, બીજા મુમુક્ષુએ ગાયું હતું.' તો કહે, 'ના, તમે જ ગાયું હતું અને તમારે અત્યારે સંભળાવવું જ પડશે.' એમની જિદ્દ વધી પડી એટલે મેં એક સ્તવનની પંક્તિ ગાઈ સંભળાવી તો કહે, 'તમારે ગાવું ન હોય તો ન ગાઓ, પણ આમ બેકાર ન ગાઓ...'

હવે આનો ઉપાય કેવી રીતે કરવો ? એના મનમાં ભ્રાંતિ બેસી ગઈ હતી કે મારો કંઠ બહુ સારો છે. બીજા દિવસે દેરાસરમાં ભેગા થયા તો ત્યાં પણ જિદ્દ કરી કે, 'ચૈત્યવંદનમાં તમે જ સ્તવન બોલો...' મેં શાંત સ્વરે છતાં મક્કમ રીતે કહ્યું કે, 'રિયલી મારો રાગ સારો નથી અને પ્લીઝ તમે એવું નહિ સમજો કે મને અભિમાન છે એટલે હું નથી ગાતો. મને સાચે જ ગાતાં નથી ફાવતું...' પણ અજ્ઞાનને કારણે એ માનવા જ તૈયાર નહિ. અજ્ઞાનને કારણે મોહ પેદા થયો, ઇલ્યુઝન થયું. મારા પ્રત્યે રાગ થયો. મારી સાથે જ બેસે. હું દેરાસરમાં સ્તવન ગાઈને સંભળાવું તો એમને સારા ભાવ જાગે એવી અપેક્ષાથી એમનો રાગ દૃઢ થતો ગયો. કિન્તુ અલ્ટિમેટલી એમનો મારા તરફનો રાગ ફુલફિલ ન થયો, કેમ કે હું બરાબર ગાઈ ન શક્યો. મૂળ કારણ

અજ્ઞાન (મિથ્યાજ્ઞાન) છે. અજ્ઞાનના (મિથ્યાજ્ઞાન) કારણે મોહ થાય અને મોહના કારણે રાગ-દ્વેષ થાય.

એક ભાઈ મને કહે કે, 'સાહેબજી !''તું મને ભગવાન એક વરદાન આપી દે'' ભક્તિગીતના શબ્દો કેવા અદ્ભુત છે ! હું તો એ ભક્તિગીત સાંભળું છું ત્યારે તર-બ-તર થઈ જાઉં છું. આ ગીત રાષ્ટ્રીયગીત જેવું પૉપ્યુલર થઈ ગયું છે. આત્મનિરીક્ષણ કરવા જેવું છે. આ ગીત બૅન્ડવાળા વર્ષોથી વગાડતા હતા. શબ્દો એના એ જ હોવા છતાં પહેલાં એ ગીત એટલું બધું ગમતું નહોતું, પરંતુ કેતનભાઈ દેઢિયાએ આ ગીત ગાવાની ઢબ ચેન્જ કરીને નવી જ રીતે ગાયું, ત્યારથી તે અત્યંત પ્રસિદ્ધ અને લોકપ્રિય થઈ ગયું છે. ખરેખર, આ ગીતમાં સંસારની અસારતાનું જે વર્ણન છે તે અગાઉ અલગ ઢબથી ગવાતું હતું એમાં પણ હતું જ, છતાં નવી ઢબથી ગવાયેલું ગીત વધુ ગમે છે. તો એમાં એવું તો નથી ને કે એની ગાવાની ઢબ ગમે છે ! અને જો માત્ર ગાવાની ઢબ ગમતી હોય તો એ તો શ્રોતેન્દ્રિયનો વિષય થયો. એટલે એને ધર્મરાગ ન કહેવાય. પદ્ધતિસર ગવાતાં ગીતો ધર્મપ્રવેશમાં કારણ બને છે. ભાવનાદિમાં ભક્તિગીતો સારી રીતે ગવાય તે અનિવાર્ય અને અનુમોદનીય છે.'

આપણા જીવનને તટસ્થ અને સૂક્ષ્મનજરે જોતા જઈએ તો પરિગ્રહ, લોભ, ક્રોધ વગેરે જેવા આપણા તમામ કષાય સાક્ષાત અને સ્પષ્ટ જોવા મળે. વ્યાખ્યાનમાં બેસવા માટે જો જગાનું ભાડું ચૂકવવું પડતું હોય તો બધા પોતાની સામાયિકની બેગ ખોળામાં મૂકે. ભાડું ચૂકવવાનું નથી હોતું એટલે બધા પહોળા થઈને બેસે છે. સંકડાશ થતી હોય તોપણ પોતાની બેગ હટાવવાની કોશિશ કરશે નહિ. આ લોભ કષાય છે. મારે કારણે એક જીવને બેસવા માટે જગા ઓછી પડશે એના અંતરાયથી મારો સંસાર વધશે, એ વિચારતો જ નથી.

ઘણાંને છ રી' પાલિત સંઘમાં મજા આવે, પણ ઉપધાનમાં ન આવે. કેમ કે છ રી' પાલિત સંઘમાં રોજરોજ ગામ બદલાય. સવારે કુદરતી વાતાવરણ ખીલેલું હોય, બંને તરફ ઝાડ હોય, મંદમંદ હવા વહેતી હોય અને

બધાં સમૂહમાં જતાં હોઈએ, બળદના ગળામાં ઘંટ કે ઘૂઘરા રણકતા હોય. એટલે છ રી' પાલિત સંઘમાં મજા આવે. સાચો ધર્મરાગ હોય ત્યારે જુદી જ મજા આવે. દિલમાં પસ્તાવો જાગે કે આજ સુધી મેં કેટલાં વાહનોનો ઉપયોગ કર્યો ! અત્યારે હું બારબાર કિલોમીટર પગપાળા ચાલી શકું છું. એક બિલ્ડિંગમાંથી બીજી બિલ્ડિંગમાં જવા માટે મેં સ્કૂટરને કિક મારી હતી. મારું જીવન કેવું પાપમય હતું ! અને અહીં આરાધનાની કેવી મજા આવે છે ! આ થયો ધર્મરાગ. જ્યારે વિહારમાં ભલે થોડો થાક લાગે, પણ વિહાર દરમ્યાન જે મજા માણી એ તો લોનાવાલા-માથેરાનમાં પણ ન મળી. જમવામાં ત્રણ મીઠાઈ, ત્રણ ફરસાણ અને કાંસાનાં ભાણાં હોય અને હાથપંખો નંખાતો હોય. સંઘપતિએ સઘળી વ્યવસ્થા કરી હોય ! અલબત્ત, આ મજા પાંચ ઇન્દ્રિયના વિષયોની છે. આપણને એમ થાય કે મારા દસ દિવસ ધર્મમાં પસાર થયા, પરંતુ ત્યાં પણ મોહરાજા આવીને ખતમ કરી નાખે.

**★ સ્નેહરાગ પણ ક્યાં છે ?**

સ્નેહરાગનું અત્યારે નામોનિશાન જોવા ન મળે એવી હાલત છે. રામને કહ્યું કે તમારે રાજ્ય ભરતને આપવાનું છે અને રામ તરત તૈયાર થઈ ગયા. આજે એવા પુત્રો અને એવા ભાઈઓ વિરલ જ જોવા મળે છે. સ્નેહરાગમાં તો નિઃસ્વાર્થ લાગણી હોય.

એક ફેમિલીમાં મા મરી ગઈ. ભાઈ-બહેનો ભેગાં થયાં અને વારસામાં મળનારી સંપત્તિ માટે આખી રાત ઝગડ્યાં. ખરેખર તો બધાંને અફસોસ થવો જોઈતો હતો કે ઉપકારી માતા ચાલી ગઈ. આપણે એની યોગ્ય સેવા-ભક્તિ ન કરી શક્યાં. એને બદલે ભાઈ-બહેન ભેગાં થઈને આખી રાત ઝઘડ્યાં. સવારે મા મરી ગઈ છે, સાંજે અગ્નિસંસ્કાર કરીને આવ્યા છે અને રાતે બધાં ભાઈબહેન ઝઘડે છે. માતા પ્રત્યે સ્નેહરાગ હોય એ માણસને છ મહિના સુધી મીઠાઈ સુધ્ધાં ન ભાવે. ધર્મરાગની વાત નથી હો, માત્ર સ્નેહરાગ હોય તોય સૌ કહે કે મિલકતની ચર્ચા નથી કરવી.

મહારાજ કોણિક મૃત્યુ પામ્યા, ત્યારે એમનો પુત્ર ઉદયન રાજા એ રાજ્યમાં રહી નથી શકતો. ઉદયન કહે છે કે જ્યાંજ્યાં મારી નજર પડે છે

ત્યાંત્યાં મને મારા પિતાની તસવીર દેખાય છે. હવે હું આ રાજ્યમાં રહી નહિ શકું. આ પણ કાંઈ ધર્મરાગ નથી, સ્નેહરાગ જ છે. બિલ્ડિંગમાં ઘણાં વર્ષથી સાથે રહેતાં હોઈએ અને કોઈ મરી જાય તોપણ તમને કંઈ ફરક નથી પડતો. સાંજે છ વાગે સ્મશાનયાત્રામાં જઈ આવીને રાત્રે આઠ વાગે હોટલમાં જવું હોય તો તમે જઈ શકો છો. ગામડામાં તો અત્યારે પણ કેટલીક જગાએ કોઈ માણસ મરી ગયું હોય તો છ મહિના સુધી ગામમાં શોક પળાય. આખા ગામમાં કોઈ મીઠાઈ ન ખાય. અત્યારે તો જેના ઘરમાં મૃત્યુ થયું હોય એ પણ મહિના પછી હોટલમાં જોવા મળે છે. એટલે સ્નેહરાગ સાવ ખતમ જ થઈ ગયો છે. અત્યારે આખો સમાજ કામરાગી બની ગયો છે. કોઈને કંઈ લેવાદેવા નથી.

એક મરાઠી કવિની કવિતાનો ભાવાર્થ સમજવા જેવો છે. એમાં કવિ કહે છે કે આજે માણસ કોઈના બેસણામાંથી સીધો કોઈના લગ્નમાં અને કોઈના લગ્નમાંથી સીધો કોઈના બેસણામાં એવી રીતે જાય છે, જાણે એ પોતાના ઘરના એક રૂમમાંથી બીજા રૂમમાં જતો હોય ! શોક અને આનંદ એવાં બનાવટી થઈ ગયાં છે કે લાઈફ સાથે જાણે એને કશો નાતો જ ન હોય.

**★ ના, એ ભૂમિનો પ્રભાવ નથી જ !**

તમે પૂછશો કે શું આ ભૂમિનો પ્રભાવ નથી ?

મારો જવાબ છે કે ના, એમાં માત્ર ભૂમિનો પ્રભાવ નથી. ભૂમિ તો સારી છે. અત્યારે ઘણીઘણી દીક્ષાઓ થાય છે. લોકો હર્યોભર્યો સંસાર ત્યાગીને નીકળી જાય છે. એ લોકોને તીવ્ર વૈરાગ્ય થાય છે અને બીજી તરફ કેટલાક લોકોને પોતાની સગી માતા મૃત્યુ પામી હોય ત્યારે માત્ર બે મહિના માટે મીઠાઈ બંધ કરવાનું પણ રુચતું નથી. આનો મતલબ શો થયો ? ભૂમિનો પ્રભાવ હોય તો અહીં આટલી બધી દીક્ષાઓ કેમ થાય ? આટલાં નાનાં બાળકો માસક્ષમણ કેવી રીતે કરી શકે ? એટલે ભૂમિનો ખરાબ પ્રભાવ હોવાની આર્ગ્યુમૅન્ટ વાજબી નથી. આ ભૂમિમાં તો અપાર વિશેષતાઓ છે. દુર્ભાગ્યની વાત એ છે કે અત્યારે શહેરોમાં અને ગામડાંઓમાં પણ મોડર્ન કલ્ચર ઘૂસી ગયું છે. અંગત સ્વજનના મૃત્યુનો શોક પણ હવે જાણે જુનવાણી

જેવો અને આઉટડેટેડ લાગે છે.

તમે કદી વિચારો છો ખરા કે શોક રાખવા પાછળનું રહસ્ય શું છે?

પહેલી સ્પષ્ટતા એ કરી લઉં કે શોક રાખવાનો હોતો નથી, એ તો સહજપણે જ રહી જતો હોય છે. છતાં કેટલીક બાબતો વ્યવહારની રીતે પણ રાખવાની હોય. કોઈ સ્વજન ચાલ્યું જાય - વીસ-પચીસ કે પચાસ વર્ષ તમારી સાથે રહ્યા પછી એ વ્યક્તિ તમારી કાયમી વિદાય લઈ લે તો તમે મીઠાઈ ખાઈ શકો ખરા ? રંગીન કપડાં પહેરવાનો ઊમળકો તમે બતાવી શકો ? અત્યારે ફિલ્મ સ્ટાર લોકોના જીવનમાં શું છે ? કોઈ કોમેડિયન અવસાન પામ્યો હોય તો એની પ્રાર્થનામાં કોમેડીનો કાર્યક્રમ રાખે છે ! એને ગમતું હતું એ બધું કરો. તમે આ બધાને આદર્શ માનતા ગયા, મૉડર્ન સમજવા લાગ્યા એટલે આ પ્રાર્થનાસભાઓ વગેરે ચાલુ થયું. પહેલાં સોશ્યલ રિવાજો જુદા હતા અને એના હેતુઓ પણ ખાસ હતા. અત્યારે લોકો ડિપ્રેશનમાં આવે છે એનું કારણ આ જ છે. માણસ મૃત્યુ પામે ત્યારે અમુક પ્રકારનું રુદન પણ જરૂરી હોય છે.

**★ શોક પાળવાનું રહસ્ય**

ધર્મરાગની કેપેસિટી સૌમાં નથી હોતી. ધર્મરાગમાં જઈ શકે એ સૌથી સારું, પણ એમાં ન જઈ શકે એવા લોકો તૂટી ન જાય, ડિપ્રેશનમાં ડૂબી ન જાય એ માટેની ચોક્કસ આયોજિત વ્યવસ્થા હતી. કોઈ સ્ત્રીનો પતિ અવસાન પામ્યો હોય તો એનું મન ઉદાસ હોય, એનું હૃદય પીડા અનુભવતું હોય. એવા સમયે થોડા દિવસ સુધી એના ઘરે બીજાં સ્વજનો અને મહેમાનો મળવા આવે એટલે એનું મન થોડું ડાયવર્ટ થાય. કોઈ મળવા આવે, વાતચીત થાય, મનમાં બીજા વિચારો આવે એના કારણે એનું મન હળવું થાય અને પંદર વીસ દિવસ નીકળી જાય. એક કહેવત છે કે દુઃખનું ઓસડ દહાડા. સમય કોઈપણ સંકટ અને સમસ્યાનું સમાધાન લાવે છે. તાજો ઘા હોય ત્યારે એની પીડા વધારે હોય, પણ ક્રમશઃ એ ઓછી થતીથતી આખરે ભૂંસાઈ જતી હોય છે.

આજે ફોરેનની જેમ ઇન્ડિયામાં પણ લોકોને ડિપ્રેશન કેમ વળગ્યું છે? પહેલાંના વખતમાં કોઈ વ્યક્તિ વ્યવસાયમાં દેવાળું ફૂંકે તો એનો આખો પરિવાર એની પડખે રહીને એને બહાર કાઢવાનો પ્રયાસ કરતો. અત્યારે

ફેલિયરની સાથે કોઈ ઊભું ન હોય. એ મનોમન ગૂંચવાઈ – ગૂંગળાઈ જાય અને ક્યારેક આત્મહત્યા સુધીય પહોંચી જાય. મનોવિજ્ઞાન કહે છે કે આઘાતગ્રસ્ત વ્યક્તિનું હૃદય ખાલી થઈ જવું અનિવાર્ય છે. એ માટે એને રડાવવું બહુ જરૂરી બને છે. અંગ્રેજીમાં એક કવિતા ભણવામાં આવતી હતી : 'શી મસ્ટ વીપ, ઓર શી વીલ ડાય'. એનો મર્મ સમજવા જેવો છે. એક સૈનિક યુદ્ધમાં શહીદ થઈ ગયો છે. એની યુવાન સ્ત્રી પાસે પતિનો મૃતદેહ પડ્યો છે. આસપાસમાં સ્વજનોની ભીડ છે. સૌની આંખો ભીની છે, કિન્તુ સૈનિકની પત્ની રડતી નથી. એનો આઘાત એટલો તીવ્ર છે કે એ સ્વયં જડવત્ બની ગઈ છે. સૌને ચિંતા થાય છે. જો આ સ્ત્રી નહિ રડે તો એનું હૃદય આઘાતથી બંધ થઈ જશે. લોકો એને સૈનિકની બહાદુરીની વાતો યાદ કરાવે છે, કોઈ એને એના લગ્ન વખતની વાતો યાદ કરાવે છે. છતાં સૈનિકપત્ની અવિચળ રહે છે. કોઈ બોલ્યું એને તાત્કાલિક રડાવવી જરૂરી છે, નહિતર એના જીવનું જોખમ છે. ત્યાં એક અનુભવી વૃદ્ધા બેઠેલાં હતાં. એ ચૂપચાપ ઊભાં થયાં અને બહાર આંગણામાં રમતી સૈનિકની દોઢ-બે વર્ષની બાળકીને લઈ આવીને એના ખોળામાં મૂકી દીધી. પોતાની દીકરીને જોઈને એ સ્ત્રી રડી પડી. એ બાળકીની જવાબદારી હવે એણે માતા તરીકે નિભાવવાની હતી એનું એને સ્મરણ કરાવ્યું. પતિની ગેરહાજરીમાં બાળકીના ઉછેર માટે હવે એણે મક્કમ થવાનું છે એની પ્રતીકાત્મક રજૂઆત થઈ. એ સ્ત્રી ધોધમાર રડી પડી.

આંસુ વહી નીકળે છે ત્યારે આઘાત જરા હળવો થાય છે.

આંસુ રૂંધાઈ જાય તો ડૂમો બાઝી જાય અને એ જીવલેણ થઈ શકે.

ઋષભદેવ નિર્વાણ પામ્યા ત્યારે એમના પુત્ર ભરત રાજાની આંખમાંથી આંસુ નથી નીકળતાં. તેઓ સાવ સુનમુન થઈ ગયા છે. ઇન્દ્ર એમને રડીને બતાવે છે. આંખમાંથી આંસુ વહી જાય તો હૃદય ખાલી થઈ જાય.

અત્યારે તો ફૉર્મલ રિલેશનની બોલબાલા છે. બધું ઉપરછલ્લું અને આર્ટિફિશ્યલ. પોતાના હૃદયની વાત કોઈને કહી શકાતી નથી. તેથી લોકો ડિપ્રેશનમાં ફસાય છે. કોઈ કોઈનું સાંભળવા જ તૈયાર નથી, કોઈને કોઈનું

સાંભળવાની ફુરસદ જ નથી. બધા બિઝીબિઝી રહે છે. સમાજવ્યવસ્થા જ આખી ડહોળાઈ ગઈ છે.

સ્વજનના મૃત્યુપ્રસંગે તમે સ્નેહરાગથી રડશો તોપણ પાપ બંધાશે. પૂર્વના સમાજમાં સ્નેહરાગ હતો તેથી રડતાં – હવે તો સ્નેહરાગ નહિવત્ થતો જાય છે અને તે ધર્મરાગના કારણે નહિ, કામરાગના કારણે !

સ્વજનનાં મૃત્યુ પછી તમે આર્ત્તધ્યાન કરો તો તે ચોક્કસ પાપ બંધાવે. હવે મારું શું થશે ? હવે હું કેવી રીતે કારોબાર સંભાળીશ ? હું બિલકુલ એકલો થઈ ગયો અથવા હું તદ્દન એકલી થઈ ગઈ, આ બધા વિચારો સંસારના છે. કદાચ વ્યક્તિ આર્ત્તધ્યાનમાં જાય, પરંતુ મારા ઉપકારી સ્વજન ચાલ્યા ગયા એવી સમજ સાથે, એમની યાદના કારણે, એમના ગુણોના કારણે, એમની ભક્તિ ન કરી શક્યા એવા કોઈ કારણે રડો તો પાપ ન બંધાય. મુખ્ય વાત એ છે કે રડવા પાછળનું કારણ શું ? એક પુત્રવધૂની પાળેલી બિલાડી મરી ગઈ. પુત્રવધૂ ખૂબ રડવા લાગી. પતિએ પૂછ્યું, ‘આટલું રુદન તો તેં કોઈ માણસ પાછળ પણ નથી કર્યું... બિલાડીના મૃત્યુનો તને આવો ઘેરો આઘાત કેમ લાગ્યો છે ?’ ત્યારે પત્નીએ જવાબ આવ્યા કે, ‘જ્યારેજ્યારે હું દૂધ પી જતી અને સાસુ પૂછે કે દૂધ કેમ ઓછું છે તો હું બિલાડીનું નામ આપતી. હવે કોનું નામ આપીશ માટે રડું છું.’ આવા રુદનથી ૧૦૦ ટકા પાપ જ બંધાય.

### ★ આને દવા કેમ કહેવાય ?

થોડાંક વર્ષ પહેલાંના આંકડા પ્રમાણે વિશ્વમાં લગભગ પચીસ કરોડ લોકોને ડાયાબિટીઝ છે. ઈન્ડિયામાં સાડા ત્રણ કરોડ લોકો એના શિકાર બનેલા છે. ૨૦૩૦ સુધીમાં આઠ કરોડ લોકોને ડાયાબિટીઝ થવાનો અંદાઝ છે. આ ડાયાબિટીઝ એટલે શું ? સામાન્ય સમજ એવી છે કે શરીરમાં સુગરલેવલ કંટ્રોલમાં ન રહે, સાકરને પચાવવાની શક્તિ ખતમ થઈ જાય એ રોગનું નામ ડાયાબિટીઝ.

આપણે સાકર ખાઈએ તો શરીરમાં એને પચાવવાની ક્ષમતા હોય છે. એમાં ક્યાંય બેલેન્સ ખોરવાય તો સુગર વધી જાય. વધારાની સુગર લોહીમાં ભળે એને ડાયાબિટીઝ કહેવાય. મેડિકલ સાયન્સ ડાયાબિટીઝની દવા

આપીને લોહીમાં ભળેલી સાકરનું બેલેન્સ જાળવવા કોશિશ કરે છે, પણ તે એવો કોઈ ઈલાજ નથી બતાવતું કે જેથી સાકર પચાવવાની તાકાત ફરીથી પેદા થાય. સાકર પચાવવાની તાકાત ઉત્પન્ન થાય તો રોગ આપોઆપ ઘટી જાય, પણ એ લોકો ડાયાબિટીઝની દવા અથવા ઈન્સ્યુલિનનાં ઈન્જેક્શન આપે છે. લોહીમાં ભળેલી સાકરને પચાવવાની તાકાતને એ લોકો ડેવલપ કરતા નથી.

સાંભળ્યું છે કે હમણાંહમણાં જે સાકર બને છે એ પચતી નથી. એમાં એટલાં બધાં કેમિકલ્સ આવે છે. આજની સાકર સ્વીટ પોઈઝન છે. તમને સાકર વ્હાઈટ ગમે. ગૉળનો કલર વ્હાઈટ ગમશે. ગૉળ શેરડીમાંથી બને છે. શેરડીનો રસ ગ્રીનિશ-બ્રાઉન જેવો હોય છે. એની પર પ્રોસેસ કરે તો ગૉળમાં કાળાશ આવે જ, પણ કાળાશ આપણને ગમતી નથી. આપણને ગૉળ પણ સફેદ ગમે. એટલે એ લોકો મિલમાં ગૉળને કેમિકલથી વૉશ કરીને એને વાઈટ કરે. આમ તમને કેમિકલવાળો ગૉળ મળશે. કાળા ગૉળની બનાવેલી સુખડી કાળી લાગશે જે તમને નહિ ગમે. ગુણ કરતાં રૂપનું મહત્ત્વ વધી જાય ત્યારે ખોટ ખાવાનો વારો આવે જ. તમારા બધાના કામરાગ એટલી હદ સુધી ફૂલ્યાફાલ્યા છે કે ખતમ નથી થતા. દૂધીનો હલવો હોય કે મોહનથાળ, બધામાં કલર નાખવામાં આવે છે.

દેખાવથી મતલબ છે કે ખાવાથી? કલરથી એ વાનગી રૂપાળી લાગે, પણ શરીરને ભારે નુકસાન કરે. તોપણ દેખાવમાં સારી જોઈએ. પાંચ ઈન્દ્રિયના વિષયોને અનુકૂળ લાગવી જોઈએ. એ કામરાગ થયો. કેન્સર થાય તો ભલે થાય પણ કેમિકલવાળી વાનગી જ આપો. ગૉળ એકદમ સફેદ આપો. સાકરને સફેદ કરવા માટે હાડકાંથી એને પોલિશ કરવામાં આવે, છતાં આપણને સાકર સફેદ જોઈએ.

અત્યારે તમે બધાં જે કપડાં પહેરો છો એમાં એકએકમાં કેટકેટલાં કેમિકલ્સ વપરાય છે. એ કેમિકલ્સનાં કેવાંકેવાં રિએક્શન્સ આવે એ બધું તમે વાંચતા જ નથી એટલે તમને એની ગંભીરતાનો અણસાર નથી. તમે કશી પરવા કરતા નથી. તમારી છપ્પનની છાતી છે. કેન્સરનો ડર ભલે બતાવો

અમે તો રંગીન કપડાં જ પહેરશું, અમે તો કેમિકલવાળું જ ખાઈશું. મરવાનું તો બધાને છે. કેમિકલ વગરનું ખાશો તોપણ મરવાના કે નહિ ? તો પછી ખાઓ અને જલસા કરો ને ! પાંચ ઈન્દ્રિયના વિષયની લોલુપતા તમને ક્યાંક્યાં ઢસડી જાય છે ! રોગ માત્ર મોત નથી આપતો, રિબામણી આપે છે. રોગ થતાં જ મોત મળી થતું નથી, પરંતુ કેન્સર વગેરે ગંભીર રોગો માણસને નથી જીવવા દેતા, નથી મરવા દેતા. ભરપૂર રિબાવે છે અને ટ્રિટમૅન્ટ પાછળ પૈસાનું પાણી પણ કરાવે છે.

એવુંય નથી કે તમને આ બધાં જોખમોની જાણકારી નથી. તમને મારા કરતાં વધારે પહેલેથી ખબર જ છે. ઈન્ટરનેટ પર બતાવે જ છે. મેગીમાં શું હોય છે એની ખબર હોવા છતાં બધા ઝાપટી જાય. ચીઝ, પિત્ઝા, પાસ્તા, બર્ગર બધું કોને કહેવાય એની મને ખબર નથી, જોઈ પણ નથી, જોવાનાં અરમાન પણ નથી. તમને બરાબર ખબર છે કે એ બધી વસ્તુઓમાં શુંશું આવે છે, તોપણ તમે ખાવ છો. કામરાગ તમારો એટલો પ્રબળ છે. ઍટમ બોમ્બને કોઈ સારી રીતે શણગારીને ગિફ્ટબૉક્સમાં આપે તો તમે લોકો લઈ લો. મર્યા તો ભલે મર્યા પણ બૉક્સ કેવું મજાનું હતું ! પેકિંગ કેટલું સરસ હતું ! મજા આવી ગઈ ! આવા મૂર્ખાઓને તો કોઈ સમજાવી જ ન શકે. આ કામરાગ છે. એનાથી મરવાના થયા છે.

તમને હું દૃષ્ટિરાગ પર લઈ જઈ રહ્યો હતો. ડાબાબિટીઝની દવાઓ લોહીમાં રહેલી સાકરને દૂર કરે, પણ સાકરને પચાવવાની તાકાત ઉત્પન્ન કરતી નથી. આપણને દૃષ્ટિરાગના કારણે ગુણો ગમે છે પણ એના એકચ્યુલ ગુણ નથી ગમતા.

તમારા સ્વભાવમાં કંજુસાઈ છે. તમને તમારી એ કંજુસાઈ હાડોહાડ લાગી આવે છે કારણ કે તમારો દીકરો અઠ્યાવીસ વર્ષનો થયો. ફોર બીએચકે છે છતાં કોઈ છોકરી આપવા તૈયાર નથી. હવે તમને લાગે છે કે આ કંજુસાઈ ખોટી. એટલે પૈસા વાપરવા ઈચ્છો છો. મ.સા.ની નિશ્રામાં એક ઉપધાન કરાવી નાખો એટલે આખા સમાજમાં વાહવાહ થઈ જાય. દીકરાનું સગપણ નથી થતું ત્યારે તમને કંજુસાઈ ખરાબ લાગે છે, પણ કંજુસાઈ મૂળથી ખરાબ

નથી લાગતી. એમ ડાયાબિટીઝની દવાવાળા રોગને મૂળમાંથી નાબૂદ કરવાની કોશિશ જ નથી કરતા, એમસંસારીઓને ગુણો મૂળથી નથી ગમતા. જરૂર પડ્યે ઉપર-ઉપરથી ગુણો કેળવી લે છે.

**★ ધર્મ લિમિટેડ કંપની**

અમારી પાસે આવીને ઘણાં માબાપ કહે કે, 'સાહેબ, મારા દીકરાને થોડો ધર્મ સમજાવો.' પહેલેથી જ કહી દે : થોડો ધર્મ સમજાવો, વધારે નહિ. દીક્ષા લેવા સુધી પહોંચી જાય એટલો નહિ ! એને થોડો ડાહ્યો કરો એટલે એ મારી સેવા કરે, મને સાચવે, મારી સામે ન બોલે, એની પત્નીની વાતમાં ન આવી જાય, મારું કીધું કરે એટલો ધર્મ કરાવો. આપણાં શાસ્ત્રોમાં કહ્યું છે ને કે માબાપના ઉપકારોનો બદલો કોઈ પણ હિસાબે ન વાળી શકાય, એટલે સાહેબ એને થોડું સમજાવો. મા-બાપને ફાયદો કરાવે એવો ધર્મ ગમે છે. આપણને ધર્મના પણ મૂળ ગુણો નથી ગમતા. ઈન્સ્યુલિન લઈ લો એટલે લોહીમાં રહેલી સુગર ઓછી થઈ જાય, પણ રોગ મૂળથી મટશે નહિ.

**★ તમે કોને સાચો જવાબ આપશો ?**

આપણે અગ્નિશર્માની વાત કરતા હતા. અગ્નિશર્માને એના કુલપતિ સમજાવે છે કે ગુણસેન રાજા આવો નથી, પણ એ સાંભળવા જ તૈયાર નથી. સ્વદોષની પકડ મજબૂત છે. કુમારનન્દીના મિત્રે પૂર્વભવમાં સમજાવવાની કોશિશ કરી અને આપઘાત કરે છે ત્યારે સમજ્યો નહિ પણ પાછળથી સમજ્યો. ભગવાન પાર્શ્વનાથ કમઠને સમજાવે છે, ત્યારે એ ન સમજ્યો પણ પાછળથી સમજે છે. આ લોકોનો દૃષ્ટિરાગ મજબૂત હતો પણ પાછળથી ક્લિયર થયું. અગ્નિશર્મા તો સમજી જ ન શક્યો એમ તમે લોકો પણ તમારા દોષોને સમજી નથી શકતા. પરિણામે અનેક પ્રૉબ્લેમ્સ ખડા થાય છે. તમને મૂળ ગુણો ગમતા જ નથી. સરળતા લાવવા બાબતે મેં તમને પ્રશ્ન પૂછેલો કે તમારી પત્ની તમને પૂછે કે તમે આ વર્ષે કેટલા કમાયા, તો તમે શો જવાબ આપો ? સાચું કહી દઈએ તો બેફામ ખર્ચો કરે એવી દહેશત છે. પણ જો તમારી પત્ની બેફામ ખર્ચ નથી કરતી, પ્રમાણસર ખર્ચ જ કરે છે, કીટી પાર્ટીઓમાં જતી નથી, હોટલનું ખાતી જ નથી, મ. સા.ના ટચમાં છે, ચૌવિહાર-નવકારશી કરે છે, એ પત્ની પૂછે છે કે, 'કેટલા કમાયા ?' તોપણ

તમે પત્નીને સાચો જવાબ કેમ નથી આપતા ? આ લોભકષાય છે. છૂપો ડર છે કે હું કોઈને સાચેસાચું કહીશ કે હું આટલા કમાયો તો જાણે મારા પૈસા ઓછા થઈ જશે. કેવીકેવી માન્યતાઓ છે કે કોઈની નજર લાગી જાય ! આખી દુનિયામાં તમને જ નજર લાગે છે, બાકી કોઈને નથી લાગતી. બધા ડાકણ ને ભૂવા જ આવ્યા હોય કે જાણે સાંભળ્યું અને તમારી પર વશીકરણનો પ્રયોગ કરી અને તમારો ધંધો બાંધી નાંખશે ! એમ જો ધંધો બાંધી શકાતો હોત તો મુકેશ અંબાણીનો ધંધો કેટલા લોકોએ બાંધ્યો હોત ?

તમે કહો છો પત્ની ખોટા ખર્ચા કરે છે, દીકરાને કહી દો તો એ પણ ખોટા ખર્ચા કરે. મિત્રને સાચી આવક કહીએ તો એ કદાચ ઈર્ષા કરે. હવે મને કહો, ગુરુ પૂછે તો ગુરુને સાચી આવક કહેવાય કે નહિ ? ગુરુ તો ખોટા ખર્ચા નહિ કરે, ગુરુ ઈર્ષા પણ નહિ કરે, તો ગુરુને કહેશો ?

**★ સાધુનો એ આચાર જ નથી !**

તમે વિચારશો કે પછી ગુરુજી ઓચ્છવ-મહોત્સવ કરાવશે. અમારા આચાર પ્રમાણે અમને ઉત્સર્ગથી દ્રવ્યસ્તવ કરાવવાનાં અરમાન થાય તો ભગવાનની અમને સ્પષ્ટ આજ્ઞા છે કે દીક્ષા છોડી દેવાની. મને ઉપધાન કરાવવાનું મન થાય તો દીક્ષા છોડી દેવાની આજ્ઞા ભગવાને બતાવી છે. મને છ રી' પાલિત સંઘ કરાવવાનું મન થાય તો ભગવાનની આજ્ઞા કહે છે કે ભાઈ, તું નીકળી જા. તારું આ ફિલ્ડમાં કામ નથી. કોઈ યુવાન આર્મીમાં હોય અને કહે મારે રોજનાં ત્રણ પિક્ચર જોવાં છે, તો આર્મીવાળા એને કહેશે, તું અહીંથી નીકળ. તારું અહીં કામ નથી. રોજ ત્રણત્રણ પિક્ચર જોવાં હોય અને વર્ષમાં ચાર મહિના રજા જોઈતી હોય તો તારું આર્મીમાં કંઈ કામ નથી. એમ અહીં અમારો પણ એ આચાર નથી કે અમે કોઈની પાસે પૈસા ખર્ચાવીએ. પૈસાને તો અમે એટમબોમ્બ, પાપ સમજીને છોડ્યા. એટલે અમારે તમારી પાસે કંઈ કરાવવાની ઇચ્છા જ નથી કરવાની. ઉપદેશ આપીને દ્રવ્યસ્તવની મહાનતા સમજાવવાની છે. ભગવાને સાધુઓ માટે દેરાસર બંધાવવાનો આચાર પણ નથી બતાવ્યો. અમે હિંસાથી થતો ધર્મ છોડી દીધો માટે ભગવાન અમને હિંસાથી થતો ધર્મ કરાવવાનું કહેતા નથી. ભગવાન અમને કહેતા પણ નથી કે તારી નિશ્રામાં એક પણ સંઘ ન નીકળ્યો, એક પણ ઉપધાન ન થયું,

એક પણ દેરાસર ન બન્યું એટલે તારી દીક્ષા નિષ્ફળ. અમારી દીક્ષાની સફળતા-નિષ્ફળતાનો આધાર અમારી નિશ્રામાં કેટલાં તપ થયાં, કેટલી દીક્ષા થઈ, કેટલાં વર્ષીતપ થયાં, કેટલા દેરાસર બન્યા એની પર જ નથી.

સામૂહિક તપ વગેરે કરાવવું એ અમારો આચાર નથી. સામૂહિક તપ, ઉપધાન, છ રી'પાલિત સંઘ, વિવિધ અનુષ્ઠાનો તમારે કરવા તથા કરાવવા જોઈએ જ. તમારી ભૂમિકાએ તે ધર્મ છે. પણ સાધુને એવું કરાવવાનું મન ન થવું જોઈએ. સામૂહિક અનુષ્ઠાનો ખોટાં નથી. ધનનો ધુમાડો નથી કે ધૂમધામે ધમાધમ નથી તમારે તપ ઇત્યાદિ કરવા-કરાવવા જેવું છે એટલો ઉપદેશ આપીએ. તમારે ઉપધાન કરવું છે કે છ રી'પાલિત સંઘ કાઢવો છે તો અમે નિશ્રા જરૂર આપીએ. બસ, એટલું જ. અમારે ઉઘરાણાં અને ફંડફાળા કરવાનાં કામ નથી કરવાનાં. 'ભાઈ, તું એક લાખ રૂપિયા લખાવ, આપણે પચીસ દાતા ભેગા કરીને છ રી'પાલિત સંઘ કાઢીએ. આટલું બધું કમાયો છે તો કેમ લોભિયો થાય છે ? - આ રીતે એકએકને પકડીને બોલાવવા એ અમારો સાધુ-આચાર નથી. સાધુએ કદાચ તમને પૂછ્યું કે કેટલા પૈસા કમાયા. સાધુ મહારાજ પૂછે પણ ખરા. તમારું આત્મકલ્યાણ કરવું હોય અથવા માર્કેટની સિચ્યુએશન જોવી હોય, ઇન્કમ શી છે. અત્યારે લોકો કેવી રીતે કમાય છે એ સાત્ત્વિક ઇન્ફર્મેશન જોઈતી હોય એટલે પૂછ્યું હોય. કોઈ પ્રોજેક્ટ માટે ન પૂછ્યું હોય. તમે એમને પણ સાચું નથી કહી શકતા. મ.સા.થી પણ તમને ડર લાગે છે. સાધુસાધ્વીજી પૂછે કે કેટલું કમાયા તો કહેશો કે નહિ ? ના, કેટલો લોભકષાય છે ! કેટલો ડર લાગે છે ! સાહેબજીને સમ્મેતશિખર માટે મિતિ લખાવવાની હશે. સાહેબજીનો કોઈ પ્લાન લાગે છે. ભૂલેચૂકે બોલાઈ ગયું કે સો તોલા સોનું છે તો સાહેબ કહેશે ૧૦ ટકા આપી દો. એટલે ચોખ્ખું નહિ બોલે. તમારા પાડોશી, તમારા સંબંધી કે તમારા સમાજના લોકોએ કોઈ દિવસ ચોરી કરી નથી, કરવાની તાકાત પણ નથી અને કરે એવા પણ નથી. તેઓ પૂછે કે તારી પાસે કેટલું સોનું છે તોપણ કહેશે નહિ. છે હવે મારા પપ્પા એ આપ્યું, મમ્મીએ આપ્યું. પણ કેટલું આપ્યું ક્લિયર બોલશે નહિ. આ લોભકષાય કેવો છે કે બોલવા નહિ દે.

પ્રશ્ન હતો કે પત્નીને કહેવું કે નહિ ? આપણે ત્યાં સ્યાદ્વાદ છે. પત્નીને કહેવાય પણ ખરું અને ન પણ કહેવાય. એક દિશા હોય તો સારું પડે કહેવાનું હોય તો કહી દેવાનું અને ન કહેવાનું હોય તો નહિ કહેવાનું. પણ આપણે ત્યાં બે રસ્તા બતાવ્યા છે. કહેવાય પણ અને ન પણ કહેવાય. અમુક સિચ્યુએશનમાં કહેવાય અમુકમાં ન કહેવાય. સ્ત્રીઓને ન કહેવાનું એ પણ એક કારણ હતું કે સ્ત્રીઓ ટેન્શનમાં આવી જાય. તમે કહો કે આ વર્ષે આપણને પચાસ લાખનું નુકસાન થયું છે તો એ લોકોનું ચાલુ થાય કે પચાસ લાખનું નુકસાન ? દેરાણીનો છોકરો જો થોડું દૂધ વધારે પી ગયો તો કહેશે એક તો આટલું નુકસાન અને કેટલા વધારે ખર્ચા કરે છે ! ઝઘડા શરૂ થાય. એટલે એ લોકોને ન કહેવાનું કારણ એ લોકોથી છુપાવવા માટે નહિ, એના કારણે વધારે પ્રોબ્લેમ ન થાય એ માટે. અનુપમા દેવી જેવી સ્ત્રી હોય તો એને બધું કહેવાય. વસ્તુપાળને સુવર્ણ મળ્યું તો આવીને અનુપમા દેવીને પૂછે છે કે આટલું સુવર્ણ મળ્યું તો હવે શું કરું ? અનુપમા દેવી શું કહે છે ? એ એમ નથી કહેતાં કે મારા માટે બસો તોલા સોનાના દાગીના બનાવો. મારી પાસે પાંચસો તોલા સોનાનો સેટ નથી, મને એ બનાવી આપો. એમણે તો ઊલટાનું એમ કહ્યું કે ધન નાશવંત હોય છે, માટે દેરાસર બનાવીને આત્મકલ્યાણ કરો ! આવી પત્નીને બધું કહેવાય. મયણાને શ્રીપાલ કહે પણ ખરા. હું આમ કરીશ, આમ કરીશ. મારો આ પ્લાન છે. બોલ, તને આમાં શું કરવા જેવું લાગે છે ? એને પૂછે. તમારી પત્ની મયણા કે અનુપમા દેવી જેવી હોય તો એને કહેવામાં કોઈ વાંધો નથી. સામાન્ય રીતે નીતિશાસ્ત્રો કહે છે કે પાત્રતા ન હોય તો સ્ત્રીને વાત કરવાની નહિ, કેમ કે જો પૈસા કમાયા તો એ લોકો છકી જાય અને પૈસા ગુમાવ્યા તો ડિપ્રેશનમાં આવી જાય. જો એને ખબર પડે કે મારો વર પાંચ કરોડ કમાયો તો દેરાણીને એ તુચ્છ સમજશે અને ઘમંડયુક્ત વ્યવહાર કરશે. એટલે ગમે તેને કહેવાય પણ નહિ. સ્વદોષદર્શનની વાત હવે પૂરી કરીએ.

**★ એ વળી શાના ભગવાન ?**

હવે દૃષ્ટિરાગનો બીજો પિલર. દેવ, ગુરુ, ધર્મ માટેની વિપરીત શ્રદ્ધા. દૃષ્ટિરાગીઓ ગમે તેને દેવ માને, ગમે તેને ગુરુ માને, ગમે તેને ધર્મ માને. તમારા બધાનો અત્યારે વે ઓફ એટિટ્યૂડ, વે ઑફ સ્પીકિંગ કેવો છે ? તમને

સમજાવવા માટે અત્યારે હું તમારી શૈલીમાં જ વાત કરું છું. તમે વિધર્મીઓના રવાડે ચડી ગયા છો. તમે દેરાસરમાં હશો અને ઠેસ લાગશે તો 'ઓહ માય ગોડ' બોલશો, નમો અરિહંતાણમ્ નહિ બોલો. એ લોકોના ભગવાનનું જીવન તમે જુઓ. આ સન્ડે હોલીડે કેમ? તો કહે ભગવાને સોમથી શનિવાર સુધી આખી પૃથ્વીનું સર્જન કર્યું અને રવિવારે થાકી ગયા એટલે ભગવાને રેસ્ટ લીધો. હવે જે થાકી જાય એ ભગવાન શાના? ભગવાને સોમથી શનિ જ કામ કર્યું તો સન્ડેના જે જન્મ્યા એમને કોણે બનાવ્યા? એ લોકોનાં એકએક સ્ટેટમૅન્ટ જુઓ. એ કહે માતા તો ભગવાનનો અવતાર છે. જો માતા ભગવાનનું રૂપ હોય તો એ એબોર્શન કરાવે ખરી? તેઓ કહે છે કે બાળકો પણ ભગવાનનો અંશ છે. બાળકોની સેવા-ભક્તિ કરો એ ભગવાનની જ ભક્તિ છે. આપણે જોયુ-અનુભવ્યું છે કે બાળકો પણ માયાવી હોય છે, કપટી હોય છે, પ્રપંચી હોય છે. એમનામાં પણ કષાયો હોય છે. એ પડી ગયું હશે અને જો કોઈ જોતું હશે તો રડશે. કોઈ જોતું નથી, તો ઊભું થઈને ભાગશે. આ બધી માયા, પ્રપંચ બાળકમાં પણ છે. શું એ ઈશ્વરનો અંશ છે?

હવે એ દિવસો આવી ગયા છે કે સ્કૂલોમાં બાઈબલ આપવા મંડ્યા છે. એક ભાઈ કહે, સાહેબ, મારી દીકરીની બેગમાં બાઈબલ હતું. હવે એ લોકો વાંચશે કે લવ ઈઝ ગોડ. આપણે ત્યાં રાગને તો દુશ્મન કીધો છે અને એ લોકો પ્રેમને જ ભગવાન માને છે. પ્રેમ એ ભગવાન, બાળકોમાં ઈશ્વરનો અંશ - આ બધી માથા વગરની વાતો છે. એ લોકો કહે તાજું જન્મેલું બાળક મરી જાય તો સીધું સ્વર્ગમાં જાય અને મોટો થઈને મરી જાય તો નરકમાં પણ જાય. લોકોને સ્વર્ગમાં મોકલવા ધર્મ છે તો પછી તાજાં જન્મેલાં બાળકોને તરત મારી નાખવાં જોઈએ. જેથી એમનું કલ્યાણ થઈ જાય. આ લોકોની વાતોનો તાગ કંઈ ન મળે, છતાં પણ ધર્મ માને.

આગળ વધીએ આર્યદેશમાં જુઓ ગાયને પૂજે, સાપની પૂજા કરે. વડના ઝાડને પણ ફેરા ફરી આવે. આ બધાને ધર્મ માનવો એ દૃષ્ટિરાગ છે. પાછા આપણા લોકો સમજ્યા વગર જ જસ્ટીફાઈ કરે કે ભગવાન પાર્શ્વનાથે સાપને માથે મૂક્યો જ છે ને ! આપણે પાલિતાણામાં રાયણ વૃક્ષને નથી પૂજતા? આપણે પણ એકેન્દ્રીયની પૂજા કરીએ છીએ તો એ લોકો પણ કરે,

એમાં પ્રોબ્લેમ શો ?

તમે એકેન્દ્રિય જીવની પૂજા નથી કરતા, પણ પાલિતાણામાં રાયણના વૃક્ષની નીચે રત્નની પ્રતિમા હોવાની માન્યતા છે એટલે ખરેખર તો ભગવાનને તમે પ્રદક્ષિણા આપો છો અને એના પ્રતીક તરીકે તમે રાયણની પૂજા કરો છો. તમે કાંઈ ઠેરઠેર રાયણના દરેક વૃક્ષને પૂજતા નથી. ભારતમાં જેટલી જગાએ રાયણનું વૃક્ષ હોય એની પૂજા નથી કરતા. પાલિતાણામાં એના પ્રતીક તરીકે પુજાય છે. પ્રતીકની વેલ્યુ હોય. ભારતનો રાષ્ટ્રધ્વજ છે એમાં ત્રણ કલર છે. હવે એ ત્રણ કલર જ્યાં પણ દેખાય ત્યાં રાષ્ટ્રધ્વજ ન સમજાય. રાષ્ટ્રધ્વજ રાષ્ટ્રનું પ્રતીક છે એટલે પ્રતીક તરીકે એનું રિસ્પેક્ટ કરવું એ વસ્તુ અલગ છે, ગાયના પૂંછડામાં દેવનો વાસ સમજે છે ! ખરેખર તો ગાય, નાગ, સાપ પંચેન્દ્રિય સંસારી જીવ છે.

કોઈને શાપ આપે, બીજાનું ખેદાનમેદાન કરી નાખે એને ભગવાન કહેવાય ? અત્યારે તમે જ કહો, વ્યાખ્યાનમાં આવતા ભાઈઓમાંથી કોઈની સાથે હું સ્નેહપૂર્વક વાત કરું અને કેટલાકને ઉદ્ધતાઈથી જવાબ આપું કે તેમનું અપમાન કરી નાખું તો તમે શું કહેશો ? હું શ્રાવકો સાથે પણ એવો વહેવાર કરું તો તમે મને શું કહો ? હવે એ ભગવાન કોઈ ભક્તિ કરે એને વરદાન આપે અને કોઈ હેરાન કરે તો શાપ, એને ભગવાન કહેવાય ?

### ★ આઉટ પ્લેઅરને પેવેલિયનમાં મોકલો

અત્યારે કોઈ સાધુ ગાડીમાં બેસતા હોય, સાધુના આચાર સાથે સ્નાનસૂતકનો પણ નાતો ન હોય અને બિન્દાસ ફરતા હોય તો આપણે કહીએ કે સંઘ ભેગો થઈને એને કપડાં પહેરાવો. કપડાં પહેરાવી દેવાનાં. શાસન અપભ્રાજન ન થાય ? ક્રિકેટમાં રમતાં કોઈ પ્લેઅર આઉટ થયો તો એને પેવેલિયનમાં ચાલ્યા જવાનું. એમ આ સાધનાનું સ્ટેડિયમ છે. જે આઉટ થાય એને પેવેલિયન (સંસાર)ભેગો કરી દેવાનો. સવાલ એ છે કે એ સાધુ પોતાનો દોષ કબૂલ કરવા તૈયાર જ ન થાય તો શું કરવું ? પ્લેઅર કહે હું તો આઉટ જ નથી... અમ્પાયર કહે છે તું આઉટ. પણ એ કહે છે હું નથી આઉટ, હું નહિ જાઉં. તો પોલીસ આવીને એને પકડી જશે અને લઈ જશે પેવેલિયનમાં. એમ સંવિગ્ન, ગીતાર્થ આચાર્ય મહારાજ આઉટ કહે તો જ કપડાં પહેરાવવાનાં.

તમે તમારી રીતે નાનીનાની ભૂલમાં કપડાં પહેરાવવાની વાત ન કરતાં સંવિગ્ન ગીતાર્થ કપડાં પહેરાવવાનું કહે તોપણ તમે શું કહો ? આપણે નિસાસા ન લેવાય. એ શાપ આપી દે તો ? જે સાધુ કપડાં પહેરાવવા યોગ્ય છે તે તમને શાપની ધમકી આપે તો તમે ડરી જાઓ ને ? એ તમારા ઘરની બહાર બેસે, સાથિયો કરે ત્યાં જ તમને થાય કે, હાં મુઝે કુછ હો રહા હૈ. તમને તો ત્યાં ને ત્યાં અટેક આવી જાય. ભલે એ કંઈ ન કરતો હોય, માત્ર સાથિયો કરીને 'છુંમંતર...', 'સ્વાહા, સ્વાહા...' કરે એટલે તમે ડરી જાઓ. તમારો સંસારરાગ એવો પ્રબળ છે કે તમે ખોટી વ્યક્તિથી પણ ડરો. તમે એટલા બધા નબળા છો કે તમને ડરાવવા, ધમકાવવા સહેલા છે.

**★ એવા ચમત્કારથી તમને શો લાભ ?**

અત્યારે હું શરૂ કરું કે, 'હું ઉપર બેઠો હતો. શ્રાવકો ભણતા હતા અને એકાએક ત્યાં પીપળો છે એની નીચે કંકુનાં પગલાં થયાં. તો આખા એરિયામાં વાત પ્રસરી જશે કે ઉપાશ્રયમાં કંકુનાં છાંટણાં થયાં ! પછી ભલેને મારા જ કહેવાથી, મારા જ કોઈ ભક્તે ત્યાં છાંટા કરી દીધા હોય !

અને તમે લોકો પછી નમસ્કાર કરવા લાગો અને પછી વિનંતી કરવા મંડો કે સાહેબ મારા ઘરે પગલાં કરો. હું તમારા ઘરે આવીને પગલાં કરું અને મારી પાછળ મારો ચમચો હોય એ ચાર છાંટા છાંટી દે તો મારું બધું કામ પતી જાય. પછી તો મારી પાછળ લાંબી લાઇન લાગી જાય. ૩૧મે માળે જવું હોય અને હું કહું કે, ભાઈ, મારે ચઢાશે નહિ, તો લોકો કહેશે 'સાહેબ, અમે તમને ઊંચકીને લઈ જઈશું.'

મારા આવવાથી તમને શો લાભ થયો ? તમારું જીવન સુધરી ગયું ? તમને વર્ષોથી કોઈ રોગ હતો એ મટી ગયો ? તમને અપાર સંપત્તિ મળી ગઈ ? તમારી તમામ સમસ્યાઓ ઊકલી ગઈ ? શું થયું ? અફવાઓ પૂરજોશમાં ચગવા લાગશે કે સાહેબ બેઠા હતા ને પાછળથી અમી ઝરતા હતા ! ચાલો માની લઈએ કે ખરેખર જ અમી ઝર્યા, તોપણ શું થયું ? તમે કેટલા બધા ચમત્કારની ઇમ્પ્રેશનમાં છો, દૃષ્ટિરાગના પૂરા પ્રભાવમાં છો ! તમને કોઈ કંઈ પણ ચમત્કાર બતાવે, તો તરત એને સરેન્ડર થઈ જાવ છો. જરા કોઈ કહે કે, 'આ લોખંડ પાટિયું સાહેબ બોલે ત્યાં સુધી હલતું રહે છે અને જેવું બંધ કરે

કે એ હલતું બંધ થઈ જાય છે !'

ચમત્કાર હોઈ શકે. સાધના કરતાંકરતાં સાધકમાં અમુક પ્રકારની શક્તિનો વિકાસ થઈ શકે, પણ એનાથી તમારું આત્મકલ્યાણ થાય જ એવો એકાંતે નિયમ નથી. કોઈ પણ ચમત્કાર થાય ત્યારે વિચારવાનું કે એમાં મારું આત્મકલ્યાણ શું ?

★

!! શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ !!

## પ્રકરણ-૧૫

કામરાગસ્નેહરાગાવીષત્કરનિવારણૌ ।
દૃષ્ટિરાગસ્તુ પાપીયાન્ દુરુચ્છેદઃ સતામપિ ॥

**વીતરાગસ્તોત્ર-૬, પ્રકાશ ૧૦ શ્લોક**

અજ્ઞાન સૌથી મોટું દુઃખ છે. અજ્ઞાન દૂર થાય તો કામ થઈ જાય. ઇંગ્લિશ આપણને બરાબર નથી આવડતું. એના એક્સેન્ટ (ઉચ્ચાર) આપણને બરાબર નથી ફાવતા. 'સ્નેક' (સાપ) બોલવાનું હોય ત્યાં 'સ્નેક' (નાસ્તો) બોલીએ છીએ. કોઈ આપણને કહે કે, તમને ઇંગ્લિશ બરાબર આવડતું નથી, ત્યારે આપણને ખોટું લાગે છે. ટીચર્સ કહે કે તમારા બાળક સાથે ઇંગ્લિશમાં ન બોલો. તમને પ્રૉપર એક્સેન્ટ આવડતા નથી. તમે એને ખોટેખોટું શીખવાડી દેશો. 'બૉલ' બોલવાનો હોય ત્યાં તમે 'બોલ' બોલવાનું શીખવાડી દો તો હાંસી થશે, પ્રોબ્લમ પણ થશે.

અજ્ઞાનના કારણે તમને દુઃખ લાગે છે. મુકેશ અંબાણી પાસે જ્ઞાન છે - પૈસા કઈ રીતે કમાઈ શકાય, માર્કેટમાં કોઈ નવો પ્રોજેક્ટ કેવી રીતે અને ક્યારે લોન્ચ કરવો જેથી અબજો રૂપિયા કમાઈ શકાય. તમારી પાસે એ જ્ઞાન નથી, તો તમને દુઃખ થાય છે ને ? ધંધામાં પૈસા કેમ કમાવા એ તમને આવડતું નથી. તમારા પછી કમાવા આવેલા અબજોપતિ થઈ ગયા અને તમે રખડી ગયા. આ અજ્ઞાન તમને ખટકે છે. તમને નવી ગાડી ચલાવતાં ન આવડે, લેટેસ્ટ બાઈક ઝૂમઝૂમ કરતી ફાસ્ટ ચલાવતાં ન આવડે તો તમને લાગે કે તમે આદિવાસી જેવા છો. આવું અજ્ઞાન તમને ઠેરઠેર અને વારંવાર દુઃખી કરે છે.

લેકિન-કિન્તુ-પરંતુ ભગવાન આ અજ્ઞાનની વાત નથી કરતા. આવું અજ્ઞાન કદાચ જિંદગીભર રહે તોય આત્મકલ્યાણ અટકશે નહિ. તમને નાચતાં નથી આવડતું તે સારું છે. આવડી જાય તો એક પણ દિવસ ઘરે રહો એમ નથી. નાચતાં નથી આવડતું તો હજી થોડા સીધા છો. ક્રિકેટ રમતાં નથી આવડતું એટલે ઘરમાં રહો છો, જો ક્રિકેટ રમવાનું આવડી જાય તો ઘરમાં ન રહો. ઘરમાં બેસી રહેલા છો એટલે વ્યાખ્યાનમાં આવો છો. બાકી ઘણાંને પૂછો કે

વ્યાખ્યાનમાં કેમ નથી આવતા ? તો કહે વહેલાં ઊઠાતું નથી. વોલીબોલ, ફૂટબોલ રમવા જવાનું હોય તો તેઓ વહેલા ઊઠશે નહિતર દસ વાગે ઊઠશે ! આમ તમને પાપની વસ્તુ ન આવડે એ શાપ નથી, આશીર્વાદ છે.

ભગવાનને કયા અજ્ઞાન સાથે વાંધો છે એ જાણવું આવશ્યક છે. ભગવાન કહે છે : હું કોણ અને મારું કોણ, આ બેઝિક બાબતનું અજ્ઞાન દૂર થઈ જાય તો બેડો પાર થઈ જાય. પણ આપણને આ અજ્ઞાન દૂર કરવામાં રસ નથી. હું આત્મા છું અને આત્માના ગુણો મારા છે એના સિવાયની આખી દુનિયા નકામી છે. આ જ્ઞાન થવું જરૂરી છે.

ભગવાન કહે છે આ અજ્ઞાનના કારણે મોહ થાય છે. હું કોણ ? તો આત્મા. આપણને એની ખબર નથી. આપણે તો બસ એટલું જ સમજી બેઠા છીએ કે હું એટલે શરીર, ઇન્દ્રિય અને મન. વ્યાખ્યાનમાં મને અનુકૂળતા રહેવી જોઈએ. આમાં મને એટલે શરીરને. મને હવાવાળી, ટેકાવાળી જગા મળવી જોઈએ તો મને સારું પડે. આપણી આ માન્યતા છે. આપણને લાગે છે કે સારી ટેકાવાળી જગા મળી તો આજનું વ્યાખ્યાન સક્સેસ અને ટેકાવાળી જે જગા પર દરરોજ બેસતા હતા એ આજે કોઈએ વહેલા આવીને પડાવી લીધી તો આજે વ્યાખ્યાનમાં મજા ન આવી. શરીરનું સુખ મળે, ઇન્દ્રિયનું સુખ મળે તો મજા, નહિતર સજા ! મ. સા. કોઈ સારી જોક બોલે તો મજા આવે, માત્ર તત્ત્વની વાતો કરે તો મજા નહિ આવે.

આપણે ઇન્દ્રિય શરીર અને મનને પોતાનું માન્યું છે. મારું કોણ ? તો કહે મારો પરિવાર, મારો દેશ, મારું ઘર એ બધાને મારું માન્યું છે. ભગવાન કહે છે આ જ અજ્ઞાન છે. આ અજ્ઞાનને દૂર કરો. આ અજ્ઞાનથી મોહ પેદા થાય છે. મોહને કારણે પરિવાર 'મારો' લાગે છે. આ મોહના કારણે આગળ જઈને તમને રાગ અને દ્વેષ થાય છે. આ શરીર 'મારું' માન્યું છે એટલે તમને શરીર માટે રાગ-દ્વેષ થશે. તમને ખબર પડે કે કોઈ વાઈરસ ફરે છે અને એનાથી સ્વાઈન ફ્લૂ થાય છે તો તમને દ્વેષ થશે. શરીર પર મમત્વ છે, એટલે તમને એના પર દ્વેષ થશે. જો તમને ખબર પડે કે શરીર માટે એ બાબત સારી છે તો એના પર રાગ થશે. ત્રણ પ્રકારના ખરાબ રાગ છે, એમાં આપણે

દૃષ્ટિરાગની વાત કરતા હતા. દૃષ્ટિરાગનો એક પિલર દેવ-ગુરુ-ધર્મ માટે ખોટી માન્યતા હોવી એ છે.

સપોઝ, મુંબઈની તમામ બિલ્ડિંગોમાં દેરાસર હોય તો કેવું ! બધા કહે કે અમારા બિલ્ડિંગમાં અમારે દેરાસર કરાવવું છે તો તમે શું કહેશો ? તમારી પાસે કોઈ એક રૂપિયો માગતું નથી. સૌ પોતપોતાની રીતે બનાવશે, પણ તમે સહન કરી શકશો નહિ. તરત કહેશો આટલાં બધાં દેરાસરની વળી શી જરૂર છે ?

પણ તમે કદી એમ નથી કહેતા કે આટલાં બધાં થિયેટરોની શી જરૂર છે? આટલા બધા રિસોર્ટ્સની શી જરૂર છે ? અમદાવાદથી મુંબઈ સુધીમાં પચાસથી વધુ રિસોર્ટ્સ થઈ ગયા છે, એની શી જરૂર છે ? ત્યાં સ્વીમિંગ પુલમાં લોકો નાહવા ભેગો પેશાબ પણ કરે. આવી જગાએ જાય પછી ટાઈફોઈડ, મલેરિયા આ બધા રોગ થઈ શકે. આ બધું લોકોને નુકસાનકર્તા છે, એ બધું બંધ કરાવવું જોઈએ. છતાં એ કોઈ બંધ નહિ કરાવે, પણ મંદિર માટે તરત વિરોધ કરનારા ખડા થઈ જશે. તમારે એક રૂપિયો પણ આપવાનો નથી. તમને કોઈ કહેતું પણ નથી કે તમે મંદિરમાં જાઓ. તમારી કશી જવાબદારી પણ નથી. છતાં એક મંદિર બને, પછી બીજું, પછી ત્રીજું બને તો તમે સહન ન કરી શકો. દેરાસર વાસ્તુ મુજબ હોય તો સંઘનો ભૌતિક તથા આધ્યાત્મિક ઉત્કર્ષ થાય, છતાં આવી ઉત્તમ સાધનાની જગા માટે પણ વિરોધ આ ધર્મ માટે ખોટો કોન્સેપ્ટ થયો.

હવે આપણે બીજો કોન્સેપ્ટ લઈએ. દેવ, ગુરુના મિસકન્સેપ્શનના કારણે કેટલાં પાપ લાગે છે એનો વિચાર કરીએ.

સુમતિ અને નાગિલ નામના બે ભાઈ છે.

અત્યારે બે ભાઈ ભેગા રહે તો આશ્ચર્ય. એ લોકો લગ્ન સુધી જ રાહ જુએ. જેવાં લગ્ન થયાં કે તરત અલગ થઈ જવાનું. આ બંને ભાઈ અબજોપતિ છે. બંનેની વાઈફને પરસ્પર કોઈ ફરિયાદ નથી. પેલો એની વાઈફ સાથે વધારે ફરવા જાય છે, એના માટે વધારે સોનું લે છે આવો એક પણ પ્રશ્ન નહિ. બંને શાંતિથી જીવે છે. પણ સંસાર એનું નામ કે જ્યાં બધું સમુંસૂતરું ન

ચાલે. આ લોકોની પરિસ્થિતિ બગડી અને ગરીબ થઈ ગયા. સુમતિ અને નાગિલ ગામ છોડીને જાય છે: લોકોને આપવાનું હતું એટલું આપી દીધું. હવે કંઈ રહ્યું નથી. પહેરેલે કપડે નીકળ્યા છે. રસ્તામાં પાંચ સાધુ અને એક શ્રાવક મળ્યા. આ લોકો ખુશ થઈ ગયા. સાધુ મહારાજ મળ્યા, હવે રસ્તામાં સત્સંગ થશે, સફર એકદમ સુહાની રહેશે. આગળ જતાં એક ભાઈને લાગ્યું કે આ સાધુઓ આચારમાં બરાબર નથી એટલે બીજા ભાઈને કહે છે આ સાધુઓ બરાબર આચાર પાળતા નથી બીજો ભાઈ કહે છે, શું તું એટલો મહાન અને પવિત્ર થઈ ગયો ? પહેલો ભાઈ કહે, હું કંઈ મોટો નથી. મેં નેમિનાથ ભગવાન પાસે સાંભળ્યું છે. મેં એમની પરીક્ષા કરી. તેઓ એમના આચારમાં બરાબર નથી લાગતા, એટલે એમની સાથે રહેવાય નહિ. એમની સંગત કરીએ તો આપણને દોષ લાગે.

બીજા ભાઈને ગુસ્સો આવ્યો. તમને ગુસ્સો આવે તો કેવું બિહેવ કરો ? ગુસ્સો આવે એટલે સાચું-ખોટું જેમ ફાવે તેમ બોલવા લાગો. એક મારવાડીની કંજુસાઈનો અનુભવ થયો હોય તો બધા મારવાડીઓને તમે મખ્ખીચૂસ કહેશો. એક ઓસવાલના ખરાબ અનુભવને આધારે તમે સ્ટેટમૅન્ટ આપશો કે ઓસવાલો બધા બેકાર. બસ, એક વખત તમારું બોઈલર ફાટવું જોઈએ. પછી ભગવાન હોય તો ભગવાન પણ બેકાર ! પેલો ભાઈ ગુસ્સામાં કહે છે, 'તું જડબુદ્ધિ છે અને તને આવું કહેનાર પણ જડબુદ્ધિ છે. એનો સંગ ન કરાય.' પહેલો ભાઈ કહે છે, 'મહેરબાની કરીને તું ભગવાનની આશાતના ન કર.'

અહીં વિચારતા જવાનું, તમારા જીવનમાં અપ્લાય કરતા જવાનું. ભગવાને તો બતાવ્યું છે કે શ્રાવકે દેરાસરની પાસે વાણિયાવાસમાં રહેવું. અત્યારે મોટા ભાગના લોકોને કોસ્મોમાં રહેવા જવું છે. અહીં તો આખો દિવસ ઘૂંઘટ કાઢીને નીકળવું પડે. આપણે આપણી જિંદગી કંઈ જીવી જ શકતા નથી. તમારી આ માન્યતા ભગવાનની આજ્ઞાથી વિરુદ્ધ છે. 'તારક મહેતા કા ઊલ્ટા ચશ્મા' ટીવી સિરિયલમાં કેવી સોસાયટી બતાવી છે ? ત્યાં પચરંગી પ્રજા હોય અને બધા ભેગા થઈ જન્માષ્ટમી આવે તો મટકી ફોડે, અને

જુગાર પણ રમે. રક્ષાબંધન આવે તો એ સેલિબ્રેટ કરવાની. બધા તહેવારો ઉજવવાના એટલે આખી લાઈફ કલરફૂલ રહે ! કોસ્મોમાં રહીએ તો બધું કરી શકીએ અને અહીં રહીએ તો પર્યુષણ કરવાનાં અને આઠ દિવસ સુધી એકાસણાં-બિયાસણાં કરવાનાં, તિથિઓ પાળવાની.

એક જણ આવીને મને કહે, 'સાહેબ ! આપણાં પર્વો કેટલાં બેકાર છે ! જૈનેતરોમાં રક્ષાબંધન એક દિવસ માટે હોય, હોળી-ધૂળેટી પણ એક-એક દિવસ માટે હોય અને આપણે પર્યુષણ આઠ-આઠ દિવસનાં ! અમારો દમ કાઢી નાખે છે.' આ સૌના મનની વાત છે. કોઈએ રિપ્રેઝન્ટ કરી દીધી, કોઈએ છુપાવી રાખી. આઠ-આઠ દિવસનાં પર્યુષણનો થાક ખાઈએ ત્યાં તો નવ-નવ દિવસની ઓળી આવીને ઊભી રહે ! પાછી એ શાશ્વતી ઓળી ! એ તો પર્યુષણ કરતાં પણ પવિત્ર દિવસ. એટલે એમાં તો નવ દિવસ આયંબિલ કરવાનાં. વરસમાં નવ-નવ દિવસની પાછી ઓળી બે વખત આવે ! આપણાં પર્વ કેવાં નીરસ અને એમનાં પર્વ કેવાં રંગીલાં અને રસદાર ! જન્માષ્ટમીના દિવસે સવારથી સાંજ મટકી ફોડવા નીકળી જવાનું અને સાંજે મટકી ફોડીને હોટલમાં ખાવાનું. સાહેબ, તમે કહો છો આપણો ધર્મ આટલો મહાન છે, ઊંચો છે. તો આપણા ધર્મમાં કેમ કાંઈ ઇન્ટરેસ્ટિંગ નથી આવતું ? એમની નવરાત્રીમાં જુઓ. નવ રાત પછી દશેરા પણ હોય. દસ-દસ રાત લોકો રમવા જાય, પાછું પૈસા ખર્ચીને જાય. આપણે ભાવનામાં પૈસા આપીને કલાકાર લાવવાનો તોપણ એને સાંભળવા કોઈ આવે નહિ. અને ત્યાં વિશાળ ગ્રાઉન્ડ પણ નાનું પડે ! ત્યાં ટિકિટ ન મળે ! અહીં વ્યાખ્યાન નજીકમાં હોય તોય કોઈ ન આવે, પણ કોઈ ટેલેન્ટ શો ગમેતેટલે દૂર રાખો તોપણ ત્યાં ભીડ ઊમટે. ખબર પડે કે ત્યાં ૫૦૦ જ પાસ ઇશ્યૂ થાય એમ છે તો કેવી મારામારી થાય ! ટિકિટ મેળવવા માટે લાગવગ લગાડે અને અહીં 'આવો આવો' કહીને આમંત્રણ આપીએ, પ્રભાવના આપીએ તોય કાગડા ઊડે ! રવિવારે વ્યાખ્યાન પછી જમવાનું આપો તો વ્યાખ્યાન સાંભળવા આવે. એ લોકોને વ્યાખ્યાન સંભળાવવા માટે ભોજનમાં પણ બે મીઠાઈ, બે ફરસાણ આપવાં પડે. જો નોર્મલ ચુરમાના લાડુ આપી દઈએ તો બીજા રવિવારે સંખ્યા ઓછી થશે. હવે તો પાછી એક નવા પ્રકારની જાહેરાત કરવી પડે છે કે વ્યાખ્યાનમાં

આવેલી વ્યક્તિનું આખું ફેમિલી પણ જમવા આવી શકશે. બહેનોની ફરિયાદ હતી કે અમે વ્યાખ્યાનમાંથી ઘરે જઈને રસોઈ ક્યારે કરી શકીએ ? તમે અમારા પૂરા પરિવારને જમાડો, તો જ અમે આવી શકીએ. એટલે તમારા માટે અહીં જમવાની સરસ અને સંપૂર્ણ વ્યવસ્થા કરીએ ત્યારે તમે વ્યાખ્યાન સાંભળવા આવો ! એમાં પણ જો હું પહેલાં તત્ત્વ ચાલુ કરું કે પહેલા ગુણસ્થાને કર્મની કેટલી પ્રકૃતિ બંધાય, તો બીજી મિનિટે બધાનાં બગાસાં ચાલુ થઈ જાય. ફિલ્મની, હીરો-હીરોઈનની, ક્રિકેટની વાતો કરીએ તો તમને રસ પડે. હીરોઈનોનાં નામ લઈએ તો તમે એ બધાથી પરિચિત અને પ્રિયદર્શના, સુદર્શના, સુજેષ્ઠા એ બધાં નામ લઉં તો કહેશો કે, સાહેબ ! એ એકે નામ અમને યાદ રહેતું નથી. તમે વર્તમાનનાં ઉદાહરણ લઈને કામરાગ સમજાવો. શાસ્ત્રીય ઉદાહરણમાં અમને કંઈ ખબર પડશે નહિ. વચ્ચેવચ્ચે જોક્સ પણ કહેજો. અમે ઘરે અમારી પત્નીઓને કંઈ કહી નથી શકતા એટલે વ્યાખ્યાનમાં તમારાથી જેટલું કહેવાય એટલું કહી દેજો.

એક જણે એક જોક કહી હતી : 'એક કિડનેપરે એક ભાઈની પત્નીને કિડનેપ કરી અને પછી એની એક આંગળી કાપીને ચિઠ્ઠી સાથે મોકલી આપી : ''સબૂત કે તોર પર ઉસકી ઊંગલી ભેજી હૈ...'' એનો હસબન્ડ જવાબમાં કહે છે ''ઈતના સબૂત નહિ ચલેગા, ઉસકી મૂંડી ભેજો.'' બસ, આવા જ રિલેશન છે. પત્નીની આંગળીથી કંઈ નહિ થાય, એની મૂંડી મોકલાવો એટલે મારું કામ થઈ જાય.'

બાજુમાં ઊભેલો બીજો કહે, 'સાહેબ, એક પેપરમાં ટચુકડી ખબર આવી હતી કે લગ્નમાં એક જ વખત પહેરેલાં કપડાં વેચવાનાં છે અને એ પણ ભૂલથી પહેરેલાં છે. સાહેબ ! લગ્ન ભૂલથી થાય છે અને બધા એટલા ત્રાસી ગયા છે કે ન પૂછો વાત ! આ મહિલાઓ તમારી સામે વ્યાખ્યાનમાં શાંત અને ઠાવકી થઈને બેસે છે, પણ બહાર નીકળીને એમના રોફ જુઓ તો ખબર પડે ! અહીં તમને લાગે કે વાહ, શું કલ્ચર છે ! બધી બહેનો માથે ઓઢીને બેઠી છે ! સાહેબ, તમે સન્ડેના ઈવનિંગ-વોચ કરવા નીકળો તો આ બધી બહેનો જીન્સ-ટીશર્ટમાં દેખાશે, તમે ઓળખી પણ નહિ શકો. તમને થશે કે હું લોસ-એન્જલસમાં આવી ગયો છું.'

મારે કહેવું છે કે આ લોકોએ તો હજી થોડી પણ મર્યાદા જાળવી છે, બાકી હવે ઘણી બહેનો મ. સા. પાસે પણ જીન્સ પહેરીને આવવા માંડી છે. મારવાડીઓમાં માન-મર્યાદા જેવું થોડુંઘણું બચ્યું છે. એમની મહિલાઓ સાધુની સામે જેમતેમ નથી આવતી. બહેનો જેટલી મર્યાદા પાળશે એમાં જ ફાયદો છે, એમાં કોઈ નુકસાન નથી. આ બધી વસ્તુઓ તમે સમજતા જ નથી.

મૂળ વાત નાના ભાઈનો દૃષ્ટિરાગ. એ પોતાના ભાઈને કહે છે તું એવો તારા ભગવાન પણ એવા. તને આવી વાત કરનાર પણ જડબુદ્ધિ છે. બીજો ભાઈ કહે છે તીર્થંકરની આશાતના નહિ કર. તમારું પણ બોઈલર ફાટે - જો અમે તમારી બધી બાબતમાં ઇન્ટરફિઅર કરીએ કે કપડાં કેવાં પહેરવાનાં વગેરે તો. ભગવાને કપડાં કેવાં ન પહેરાય એ પણ કહ્યું છે. અત્યારે ઘણી બહેનો પૂછવા આવે કે મોક્ષદંડકની વિધિ શી ? પણ કોઈ એમ પૂછવા નથી આવતું કે રોજ મારે કેવાં કપડાં પહેરવાં જોઈએ ? એમાં ડ્રેસકોડ શો ? આપણને જે ગમે એ પહેરી લેવાનું. ટૂંકમાં આ ધર્મ પૂરેપૂરો આપણને ગમતો જ નથી. આપણે આપણા ધર્મને પૂરેપૂરો સમજ્યા નથી. આપણને એકાસણાં-બિયાસણાં કે નવકારશી કરવાની જે અમુક વસ્તુ પકડાઈ છે એને જ ધર્મ સમજીએ છીએ. કપડાં કેવાં પહેરવાનાં એમાં મ. સા. ઇન્ટરફિઅર નહિ કરવાની. એ અમને પહેરવા દો. જોકે હજી તમે ઠીકઠીક સંસ્કારી છો, પણ જો તમે કોસ્મોમાં રહેવા જાઓ તો બધું ખતમ થઈ જાય.

આનો ભાઈ સમજાવે છે, પણ એ સમજતો નથી. એ જ ગુરુઓ પાસે દીક્ષા લઈ લે છે. આગળ ગયા અને એ મરી ગયો હવે ખાલી વિચારજો. બોલવાથી કેટલું પાપ લાગ્યું છે ! દેવ, ગુરુ, ધર્મ માટે ગમે તેમ નહિ બોલવાનું. ધર્મ ન સમજાય અને કંઈ ન આવડે તો મૌન રહેવાનું. કોઈ કંઈ બોલે તો કહેવાનું કે મને આમાં ખબર નથી પડતી. હું મારો કોઈ ઓપિનિયન નહિ આપું. જેમ તમને કોઈ પૂછે બ્રેનસર્જરી અહીંથી કરું કે અહીંથી ? તો તમે શું કહો ? આ મારો વિષય નથી એટલે તમે કોઈ બ્રેનસર્જનને પૂછો કે ક્યાંથી કરાય. એમ ધર્મ શી ચીજ છે, કયો ધર્મ કરાય અને કયો ધર્મ ન કરાય એ મોટા ભાગના લોકો સમજતા નથી હોતા.

એક મ.સા.ની વડી દીક્ષા હતી. એમના એક સંસારી મિત્રે એના દાદાને કહ્યું કે મારે ૫૦૦ કિલો ચોખા જોઈએ છે. મારા ફ્રેન્ડની વડી દીક્ષા છે. મારે એમને વધાવવા છે. દીક્ષા વડી દીક્ષા વખતે ત્રણ પ્રદક્ષિણા આપે ત્યારે શ્રી સંઘ તરીકે બધા આશીર્વાદ આપે એમાં એવી વિધિ હોય છે. પહેલી પ્રદક્ષિણા વખતે જેટલા ચોખાથી વધાવો એના કરતાં બીજી પ્રદક્ષિણા વખતે વધારે ચોખા લેવાના અને ત્રીજી પ્રદક્ષિણામાં એથી પણ વધારે ચોખાથી વધાવવાના. અત્યારે કેટલીક જગાએ તો સંઘમાં દીક્ષા વખતે નાની થાળીમાં થોડા ચોખા મૂકેલા હોય. ચપટી-ચપટી ચોખાથી વધાવવામાં પહેલી વારમાં જ થાળી ખાલી થઈ ગઈ હોય. બીજી ત્રીજી વાર માટે કંઈ રહે જ નહિ. એ નૂતનદીક્ષિતના સંસારી મિત્રને મન થયું કે ૫૦૦ કિલો ચોખા લાવવા છે. એણે એના દાદાને વાત કરી. દાદાએ આશ્ચર્યથી પૂછ્યું, 'દસ હજાર માણસોનો જમણવાર હોય તોય ૫૦૦ કિલો ચોખા ન જોઈએ, અને તારે માત્ર વધામણી કરવા માટે ૫૦૦ કિલો ચોખા જોઈએ છે?'

અત્યારે કોઈ મ. સા.નો પ્રવેશ થાય અને મ.સા. ગેટની અંદર પ્રવેશતા હોય ત્યાં કોઈ ઉપરથી ૫૦૦ કિલો ચોખાથી વધાવે તો તમે શું કહો? એનું ખસકી ગયું છે. આ કેવો પાગલ છે! ચોખાનો આવો બગાડ કરાતો હશે? તમારા પૈસા નથી લીધા, તમારી પાસેથી ફાળો ઉઘરાવ્યો નથી. હવે કહો એમાં ખોટું શું છે? તમે તમારા મેન્ટલ બ્લોકેજ ખોલવાની કોશિશ કરો. ૫૦૦ કિલો ચોખાથી એણે એના ગુરુને વધાવ્યા એના કારણે એના ગુરુ પર એને બહુમાન પેદા થશે. ગુરુ કહેશે કે દારૂ ન પિવાય તો એ છોડી દેશે. હુક્કા-સિગારેટ ન પિવાય તો એ છોડી દેશે. ગુરુ એને સલાહ આપશે કે ખોટું ન બોલાય. ઉપદેશ સાંભળીને એ સદાચારી બનશે. કોઈ પણ ખરાબ કામ કરશે નહિ. એને બહુમાન થયું છે એના ગુરુ પર અને ગુરુ તો સારું જ કામ કરાવશે. કોઈના લાખ રૂપિયા લઈ એમસીએક્સમાં લગાડવાનું કહેશે નહિ અને હાથ ઊંચા કરવાનું શીખવશે નહિ. ગુરુ પર બહુમાન હોય તો એ પોતે પણ વિચારશે કે હું કોઈના દસ લાખ દબાવી લઈશ તો મારા ગુરુનું નામ ખરાબ થશે. હવે તમે કહો ૫૦૦ કિલો ચોખાથી એણે વધાવ્યા એમાં ખરાબ શું? હું તમારા વતી બોલું કે 'બધા ચોખા વેસ્ટ જાય, સાહેબ. ભારતમાં કેટલી ગરબી

છે !' હું જાણું છું કે ભારતમાં ૨૦ ટકા લોકોની રોજની ઈન્કમ ૨૦ રૂપિયાથી ઓછી છે. કચરામાંથી ખાવાનું શોધીને લોકો ખાય છે આવી ગરીબી છે. હવે સાંભળો, ૫૦૦ કિલો ચોખાથી એણે વધાવ્યા તો જેને એ ચોખા ખાવા હોય તે વીણીને લઈ જઈ શકે છે. એ ચોખા પર કોઈનો પગ આવ્યો હોય તો ધોઈ નાખવાથી સાફ થઈ જશે. કોઈ ગરીબ લઈ જશે અને ખાશે. રસ્તા પર પડેલા દાણા કબૂતર વગેરે પંખીઓ કે અન્ય જીવો ખાઈ શકશે. ચોમાસાનો અમારો પ્રવેશ હતો ત્યારે પંદર કિલો ચોખાથી વધામણી થઈ હશે. હું ચાર કલાક પછી ત્યાંથી પસાર થયો તો ચોખાનો એક પણ દાણો દેખાયો નહિ. આખો રસ્તો સાફ થઈ ગયો હતો. કબૂતર, કીડી, મંકોડાને એ ખાવા મળ્યું, છતાં તમને પ્રોબ્લેમ છે. કેમ કે તમારી માન્યતા ગલત છે. અત્યારે લગ્નમાં લોકોનાં સપનાં કેવાં ? ફૂલોં કા એક શહેર હો, ફૂલોં કા એક ઘર હો... અને અહીં દેરાસરમાં પૂજા એક જ પુષ્પથી કરવાની ? ઘર આખું ફૂલોનું જોઈએ, રિસેપ્શનમાં કેટલાં ફૂલ વપરાય ? ત્યાં એક જ ફૂલ રાખો તો નહિ ચાલે. જન્મદિવસની ઉજવણી વખતે હોટલની થાળી ૧૦૦૦ રૂપિયાની હોવી જરૂરી છે ? એક શાક, મીઠાઈમાં એક સુખડી, ભાત અને દાળ રાખો તો ૫૦ રૂપિયામાં થાળી પડે. લોકો બરાબર ખાઈ પણ શકે. તમે ચાઇનીઝ,પંજાબી અવનવી વાનગીઓની ડીશો રાખો છો. એનાથી પેટ બગડે અને બધા ખાઈ પણ નથી શકતા. ૫૦ રૂપિયાની થાળીના ૮૦૦-૯૦૦ વધારે આપવાની જરૂર શી ? બધા થોડુંથોડું લઈને મૂકી દેશે. હજાર રૂપિયાની ડીશ જેટલું કોઈ ખાતું નથી, અને અહીં મ. સા.ને ૫૦ કિલો ચોખાથી વધાવ્યા તો વેસ્ટેજ લાગે. આપણે કલ્પસૂત્ર વાંચવાનું આવશે અને એમાં કોઈ ૫૦૦ કિલો ચોખા લાવીને મૂકે તો તમે વધાવી શકો ? પૈસા કોઈ બીજી વ્યક્તિના અને ચોખા વધાવવા આપો તોપણ કલ્પસૂત્રને વધાવી નહિ શકે. એક મૂઠીથી વધારે વધાવી નહિ શકે. જીવ જ નહિ ચાલે, કેમ કે અંદર દૃષ્ટિરાગ એવો પડેલો છે કે એમાં એને વેસ્ટેજ જ લાગે. આ બધી માન્યતાઓ ક્લિયર કરતા જજો. ભાઈએ દીક્ષા લીધી. આગળ કલ્યાણ કરવાનું હતું, પણ ભગવાનના વચનની વિરુદ્ધ બોલ્યો એના કારણે મૃત્યુ પામ્યો. મરીને પરમાધામી થયો. પરમાધામી શું કરે ? એ દેવ છે પણ નરકના જીવોને વેદના આપવાનું કામ

પરમાધામી કરે. અને પરમાધામી મરીને અડંગોલિક મનુષ્ય થાય.

રત્નઇચ્છુક મનુષ્યો એમને ટ્રેપમાં લઈને એક વર્ષ સુધી ઘંટીમાં પીલશે, ત્યારે એમનું મૃત્યુ થશે. ત્યાંથી મરીને પાંચમી નરકે જાય. વિચારજો, દષ્ટિરાગનું કેવું પરિણામ...!

★



## : નોંધ :

આ પુસ્તક આપને અન્ય કોઈ નામે પ્રકાશિત કરવું હોય તો
અંદરની મેટર યથાવત્ રાખીને પ્રકાશિત કરવાનો હક્ક
પરમાર્થ પરિવાર આપને આપે છે.

આ પુસ્તક વાંચ્યા પછી જરૂર ન હોય તો નીચેના ઠેકાણે પરત કરવી
આર. કે. મેટલ ઈંડસ્ટ્રીઝ
૪/એ, જવાહર મેન્શન બિલ્ડીંગ, ગ્રાઉન્ડ ફ્લોર,
ફણસ વાડી, વિનય હોટલની બાજુમાં, મુંબઈ - ૪૦૦ ૦૦૪
મો. ૯૮૨૦૪૪૧૦૩૦

## : પરમાર્થ-પરિવાર દ્વારા પ્રકાશિત પુસ્તકો :

ગુજરાતી

०१) સારાંશ
०२) સુખના સમીકરણો
०३) શ્રાવિકા
०४) સમજ
०५) સમર્પિત
०६) સંયુક્ત પરિવારનો મહિમા
०७) સચ્ચઉરી મંડણ
०८) મને વેષ શ્રમણનો મળજો...
०९) અતિથી સત્કાર એટલે વિહાર સેવા ગ્રુપ
१०) રાગ ભાગ - १ (કામરાગ, સ્નેહરાગ, દૃષ્ટિરાગ)
११) રાગ ભાગ - २ (કામરાગ, સ્નેહરાગ, દૃષ્ટિરાગ)
१२) ક્ષમાધર્મ ભાગ - १ (ઉપકારીક્ષમા, અપકારીક્ષમા)
१३) ક્ષમાધર્મ ભાગ - २ (વિપાકક્ષમા)
१४) ક્ષમાધર્મ ભાગ - ३ (વચનક્ષમા, ધર્મક્ષમા)
१५) પ્રાર્થના ભાગ - १ (જયવીયરાય સૂત્ર)
१६) પ્રાર્થના ભાગ - २ (જયવીયરાય સૂત્ર)
१७) અદ્ભુત
१८) પુરુષાર્થ
१९) અવતાર માનવીનો...
२०) આશરો
२१) વાણી
२२) ઈતિહાસ
२३) અભય
२४) સર્જીકલ સ્ટ્રાઈક (સુનંદા-રૂપસેન ચરિત્ર)

ENGLISH

25) **Importance of Joint Family (સંયુક્ત પરિવારનો મહિમા)**
26) **Wish You All the Best (જા સંયમ પંથે દીક્ષાર્થી)**
27) **Journey of Enlightenment (સચ્ચઉરી મંડણ)**
28) **Authentic Sukh (સુખના સમીકરણો)**
29) **Vihar Seva Group (વિહાર સેવા ગ્રુપ)**
30) **Ideal House Wife ( શ્રાવિકા)**
31) **Understanding (સમજ)**
32) **Final Verdict (સારાંશ)**
33) **Marvelous (અદ્ભુત)**
34) **Dedicated (સમર્પિત)**

हिन्दी

३५) श्राविका (हिन्दी)
३६) संयुक्त परिवार की महिमा (हिन्दी)
३७) अतिथी सत्कार (हिन्दी)
३८) अद्भुत (हिन्दी)
३९) आश्रय (आशरो हिन्दी)